CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૨    સોમવાર તા.૨૮-૦૯-૨૦૨૬    અંક : ૨૨૭ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# સાઉદી અરેબિયાની યમનમાં એરસ્ટ્રાઈક, સાત લોકોના મોત

## જાણીજોઈને બોમ્બમારો કરી નિર્દોષ લોકોનું લોહી વહાવ્યું: હુથી સૈન્યપ્રવક્તા યાહ્યા સરી, બદલો લેવાના એંધાણ

તહેરાન,

યમનના તાઈઝ શહેરમાં સાઉદી વાયુસેનાના હવાઈ હુમલાથી ભારે તબાહી સર્જાઈ છે. ઈરાન સમર્થિત હુથી બળવાખોરોના મતે, શોપિંગ વિસ્તારને નિશાન બનાવી ૭ નિર્દોષ લોકોના મોત થયા છે અને ડઝનબંધ ઘવાયા છે. હુથીઓએ બદલો લેવાની ધમકી આપી છે. જોકે, યમન સરકારે હુથીઓના દાવાને ફગાવી સૈન્ય ડિપો પર હુમલો થયાનું જણાવ્યું છે. સપ્ટેમ્બરથી યુદ્ધ વકરતા ૧.૨૫ લાખ લોકો બેઘર થયા છે.



યમનના તાઈઝ શહેરના સેન્ટ્રલ માર્કેટ આસપાસ સાઉદી અરેબિયાની એરફોર્સ દ્વારા કરવામાં આવેલા ભયાનક હવાઈ હુમલા બાદ તબાહીનો ખોફનાક મંજર સામે આવ્યો છે. ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ આક્ષેપ કર્યો છે કે સાઉદી વાયુસેનાએ શોપિંગ વિસ્તારને નિશાન બનાવીને બે હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૭ નિર્દોષ લોકોના મોત થયા છે અને બાળકો સહિત ડઝનબંધ લોકો ગંભીર રીતે ઘવાયા છે. હુથીઓના 'અલ-મસીરા' ટીવી દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં માર્કેટમાંથી ધુમાડાના ગોટા ઉડતા અને ખાદ્યસામગ્રી ભરેલા ગોડાઉન તબાહ થયેલા જોવા મળી રહ્યા છે.

હુથી સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ જણાવ્યું હતું કે સાઉદી અરેબિયાએ નાગરિક વિસ્તારો પર જાણીજોઈને બોમ્બમારો કરીને નિર્દોષ લોકોનું લોહી વહાવ્યું છે. હુથી આરોગ્ય મંત્રાલયે આ હુમલાને નિર્દયી ગણાવીને ટૂંક સમયમાં જ સાઉદી અરેબિયા સામે વળતો પ્રહાર કરીને બદલો લેવાની ખુલ્લી ધમકી આપી છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત યમન સરકારના વફાદાર સૈનિકોએ હુથીઓના દાવો ફગાવતા જણાવ્યું હતું કે એરફોર્સે માત્ર હુથીઓના સૈન્ય ડિપો અને વાહનોને જ નિશાન બનાવ્યા હતા. તાઈઝ શહેર હાલ યમન સરકારના નિયંત્રણ હેઠળ છે, પરંતુ લાંબા સમયથી હુથી લડાયકોએ તેને ઘેરી રાખ્યું છે. સપ્ટેમ્બરમાં હુથી બળવાખોરોના નવા આક્રમણ બાદ દેશના અનેક ભાગોમાં યુદ્ધ અત્યંત તીવ્ર બન્યું છે. તાજેતરની હિંસાના કારણે આશરે ૧ લાખ ૨૫ હજાર લોકો બેઘર થયા છે.

# બાંગ્લાદેશમાં હિન્દૂ યુવકની હત્યા! પાણીમાં તરતા ડ્રમમાંથી લાશ મળી

## ૨૦ દિવસથી ગમ હતો જવેલરનો પુત્ર, હિંદુઓમાં ભારે રોષ

ઢાકા,

બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર અને હત્યાઓ થતાં જ રહ્યા છે. દેશના મયમનસિંહ જિલ્લામાં વધુ એક હિંદુની હત્યા થતા ભૂકંપ જેવી લાગણી અનુભવાઈ છે. અહીંના સ્લુઈસ ગેટની પાસે ૫૦ વર્ષના એક જવેલરનું શબ પાણીમાં તરતા ભૂરા ડ્રમમાંથી મળી આવ્યું છે. મૃતક શખ્સ નિરંજનચંદ્ર સૂત્રધાર અહીંની અઠારવાડી બિલ્ડિંગ વિસ્તારમાં ઝવેરાતની દુકાન ચલાવતા હતા.

લોકોએ પાણીમાં ભૂરા ડ્રમને તરતું જોઈને પોલીસને જાણ કરી. પોલીસે ડ્રમને બહાર કાઢીને શબનો કબજો લીધો. મૃતકના ખિસ્સામાંથી મળેલા ક્રેડિટ યુનિયનના કાર્ડમાં એનું નામ લખેલું હતું, જેના પગલે શબ ઓળખી શકાયું. મૃતક, જવેલરનો પુત્ર હતો. એની હત્યા પાછળના કારણ-સંજોગો હજી જાણી શકાયા નથી. શનિવાર સુધી આ મામલે કોઈને અટક કરાયા નથી. શબ ઉપરના ઘાના નિશાન જોઈને લાગે છે કે પહેલા એની હત્યા કરાઈ એ પછી શબને ડ્રમમાં મૂકીને પાણીમાં વહેતું કરાઈ દીધું. મૃતક નિરંજન છેલ્લા છ

# સરકારે બેંક કર્મચારીઓની માગણીઓ સ્વીકારી લીધી?

## શનિ,રવિની રજાની માંગ માટે ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરાશે

નવીદિલ્હી,

દેશના કરોડો બેંક ગ્રાહકો માટે અત્યંત રાહતના સમાચાર સામે આવ્યા છે. ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી ૩ દિવસીય દેશવ્યાપી બેંક હડતાલ છેલ્લી ઘડીએ મોકૂફ રાખવામાં આવી છે. ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) અને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) વચ્ચે ૨૭ સપ્ટેમ્બરે રાત્રે સાડા નવ વાગ્યે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ હડતાલ પાછી ખેંચવાનો નિર્ણય લેવાયો હતો. અગાઉ આ હડતાલને ધ્યાનમાં રાખીને ગ્રાહકોની સુવિધા માટે રવિવારે પણ દેશની સરકારી બેંકો ખુલ્લી રાખવામાં આવી હતી.

૫-ડે વર્કિંગ પ્રથા લાગુ કરવાની માંગણીઓ વચ્ચે સરકારે સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, નાણા મંત્રાલયે ૫ દિવસ કામ અને ૨ દિવસ રજાના પ્રસ્તાવ પર કોઈ આખરી પ્રતિબદ્ધતા દર્શાવી નથી. તમામ શનિવારને રજા જાહેર કરવાની માંગ અંગે ગ્રાહકો અને તમામ હિતધારકોને સ્વીકાર્ય હોય તેવો વચગાળાનો માર્ગ શોધવા માટે ૈંમ્છ અને ેંહ્લમ્ ની એક ખાસ ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવાનો નિર્ણય લેવાયો છે.

UFBU દ્વારા બહાર પાડવામાં આવેલા સર્ક્યુલર મુજબ મુખ્ય મુદ્દાઓમાં PLI સ્કીમમાં સુધારો: સ્કેલ IV અને તેનાથી ઉપરના અધિકારીઓ માટેની પર્ફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજના પર યુનિયનો દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધા સંદર્ભે IBA સરકાર સમક્ષ સુધારાનો પ્રસ્તાવ મુકશે. બાકી મુદ્દાઓનો નિકાલ: ૮ માર્ચ ૨૦૨૪ ની બેઠકના મિનિટ્સમાં જે અન્ય મુદ્દાઓ બાકી રહી ગયા હતા, તેના પર પણ ઝડપથી નિરાકરણ લાવવા ચર્ચા હાથ ધરાશે.

# નેપાળનાં મનાંગમાં હિમસ્ખલન ૧૨ લોકો લાપતા

## હિમસ્ખલનમાં ૯ પર્વતારોહકો અને ૧૩ સહાયક કર્મચારીઓ સહિતનો એક તંબુ દટાઈ ગયા

કાઠમંડુ,

કાઠમાંડુ નજીક નેપાળના મનાંગ જિલ્લામાં હિમલુંગ હિમાલ પર હિમસ્ખલન થતાં ૧૨ લોકો લાપતા થયા છે. ૭૧૨૬ મીટર ઊંચા શિખરના બેઝ કેમ્પ પર થયેલા આ હિમસ્ખલનમાં ૯ પર્વતારોહકો અને ૧૩ સહાયક કર્મચારીઓ સહિતનો એક તંબુ દટાઈ ગયો હતો. લાપતા થયેલા તમામ લોકો નેપાળી નાગરિકો છે. બચાવ કામગીરી માટે હેલિકોપ્ટર મોકલાયું છે.



રવિવારે નેપાળનાં મનાંગ જિલ્લામાં હિમલુંગ હિમાલની ટોચે હિમસ્ખલનને કારણે પર્વતારોહકો સહિત ૧૨ લોકો લાપતા થઈ ગયા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.આ ઘટનૌ પછી લગભગ એક ડઝન લોકો લાપતા થયા છે તેમ આર્મ્ડ પોલીસ ફોર્સનાં ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ શૈલેન્દ્ર થાપાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ ઘટનામાં જાનહાનિ થવાની પણ આશંકા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લાપતા થયેલા તમામ લોકો નેપાળનાં નાગરિકો છે. બચાવ કામગીરી માટે ઘટના સ્થળે હેલિકોપ્ટર મોકલવામાં આવ્યું છે. પ્રવાસન વિભાગનાં ડાયરેક્ટર જનરલ રામ કૃષ્ણ લામિછાને જણાવ્યું હતું કે સત્તાવાળાઓ પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યાં છે.

નેપાળનાં પર્વતીય વિસ્તારોમાં સતત વરસાદ અને હિમવર્ષા વચ્ચે આ ઘટના બની છે. જેના કારણે ભૂસ્ખલન અને પૂરની સ્થિતિ સર્જાઈ છે. મીડિયા અહેવાલ મુજબ ગુરુવારથી નેપાળથી પડી રહેલા સતત વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનની નવી ઘટનાઓ સામે આવી છે.અનેક મકાનો તણાઇ ગયા છે અને રસ્તા પરની અવરજવર ખોરવાઈ ગઈ છે.

# સેન્સેક્સમાં ૧૦૦૦થી વધુ,નિફ્ટીમાં ૩૨૫ પોઈન્ટનો કડાકો

## શેરબજારમાં આવેલા અચાનક ભૂચાલ પાછળ વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિબળો મુખ્ય જવાબદાર?

મુંબઈ,

સપ્તાહના પ્રથમ દિવસે જ ભારતીય શેરબજારમાં મોટા કડાકાની સ્થિતિ જોવા મળી છે. બજાર ખુલવાની સાથે જ સેન્સેક્સ અને નિફ્ટી બંને સૂચકાંકો જોરદાર કડાકા સાથે તૂટ્યા હતા, જેના કારણે રોકાણકારોની સંપત્તિમાંથી અરબો રૂપિયા ધોવાઈ ગયા છે.

બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેર્સ ધરાવતો સેન્સેક્સ પાછલા શુક્રવારના બંધ સ્તર ૭૩,૮૯૫ સામે ઘટીને ૭૩,૭૩૪ પર ખુલીને અચાનક ૯૦૦ કરતા વધુ પોઈન્ટ સુધી તૂટ્યો હતો અને ૭૨,૯૮૧ ના સ્તરે કારોબાર કરતો જોવા મળ્યો હતો. આ જ પ્રકારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ગત બંધ ૨૩,૧૪૦ સામે ઘટીને ૨૩,૦૬૫ પર ઓપન થયો હતો અને એક જ ઝાટકે ૨૩,૦૦૦ ના મહત્વપૂર્ણ સ્તરથી નીચે ગગડી ગયો હતો, જે ૨૮૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨,૮૫૫ ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

બજારમાં પ્રવર્તેલી આ મંદીને કારણે લાર્જ કેપથી લઈને સ્મોલકેપ સુધીના તમામ શેરો લાલ નિશાનમાં જોવા મળ્યા હતા. મ્જીઈ ના લાર્જ કેપ સેગમેન્ટના તમામ ૩૦ શેરો રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ખાસ કરીને HDFC Bank (૧.૯૦%), Kotak Bank (૧.૮૦%), SBI (૧.૬૦%), HUL (૧.૫૮%), Trent (૧.૫૬%), Bajaj Finance (૧.૪૦%), Reliance (૧.૩૫%) અને ICICI Banı (૧.૩૪%) ના શેરોમાં ભારે ઘટાડો નોંધાયો હતો. બેંકિંગ ઈન્ડેક્સ (BSE Bankex) ૧.૬૦% અને IT ઈન્ડેક્સ ૧.૧૦% ગગડ્યા હતા. આ કડાકાને કારણે રોકાણકારોના રૂ. ૬ લાખ કરોડથી વધુ ડૂબી ગયા છે.શેરબજારમાં આવેલા આ અચાનક ભૂચાલ પાછળ આંતરરાષ્ટ્રીય પરિબળો મુખ્ય જવાબદાર ગણાવાઈ રહ્યા છે. આ લખાય છે ત્યારે ૧૧-૩૦ કલાકે સેન્સેક્સમાં ૧૦૨૫ અને નિફ્ટીમાં ૩૨૫ પોઈન્ટનો ઘટાડો જોવામળી રહ્યો છે.

## ચાંદી એક ઝાટકે ૬૬૦૦, સોનું ૩૦૦૦થી વધુ તૂટ્યાં

### બજાર ખુલતાની સાથે જ કિંમતી ધાતુઓમાં ભારે વેચવાલી નીકળી

આંતરરાષ્ટ્રીય બજારમાં જોવા મળેલી નરમાઈ અને વૈશ્વિક આર્થિક પરિબળોની સીધી અસર સ્થાનિક વાયદા બજાર પર જોવા મળી છે, જેના કારણે બજાર ખુલતાની સાથે જ કિંમતી ધાતુઓમાં ભારે વેચવાલી નીકળી હતી.આજે સોના અને ચાંદીના ભાવમાં મોટો કડાકો બોલાઈ ગયો છે.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ડિસેમ્બર વાયદાના સોનામાં ગત સત્રનો બંધ ભાવ રૂ. ૧૫૩૨૭૭ હતો, જે આજે ઘટીને નવા ઓપન ભાવ ૧૫૦૩૯૯ પર ખુલીને મોટો ઘટાડો દર્શાવ્યો હતો. બજાર ખુલ્યા બાદ પણ સોનું નીચામાં ૧૫૦૨૨૪ સુધી ગયું હતું. સોનું રૂ. ૧૫૦૫૧૭ ના સ્તરે ટ્રેડ થઈ રહ્યું છે, જે અગાઉના બંધ ભાવની સરખામણીમાં આશરે ૧.૮૦% (રૂ. ૨૭૬૦) ના ઘટાડાને દર્શાવે છે. જોકે સોનામાં આજે ૩૦૫૩થી વધુનો કુલ કડાકો બોલાઈ ગયો હતો. જોકે પછીથી તેમાં સામાન્ય રિકવરી જોવા મળી હતી હતી. ચાંદીમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. સ્ઝ્રઠ પર ડિસેમ્બર વાયદાની ચાંદીનો ગત બંધ ભાવ રૂ. ૨૩૪૬૯૬ હતો, જે આજે ઘટીને નવા ઓપન ભાવ રૂ. ૨૩૨૩૦૦ પર ખુલી હતી. કારોબાર દરમિયાન ચાંદી ઘટીને નીચામાં રૂ. ૨૨૮૦૩૫ ના સ્તરે પહોંચી ગઈ હતી. હાલમાં ચાંદી રૂ. ૨૨૮૭૮૩ ના સ્તરે ટ્રેડ થઈ રહી છે,

# ગંગા અને યમુનાના જળસ્તરમાં વધારો




નવીદિલ્હી,

પ્રયાગરાજમાં માતાટીલા અને મૌદહા ડેમમાંથી પાણી છોડાતા ગંગા અને યમુનાના જળસ્તરમાં વધારો થયો છે.પ્રયાગરાજમાં બંને નદીઓનું પાણી હવે ખતરાના નિશાનની નજીક પહોંચી ગયું છે. સંગમ વિસ્તારમાં પણ પાણી ઝડપથી આગળ વધી રહ્યું છે.

સંગમ ખાતે ગંગા-યમુનાનું પાણી લેટે હનુમાન મંદિરની નજીક સુધી પહોંચી ગયું છે. પાણીનું સ્તર વધતાં સ્થાનિક તંત્ર પણ સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. નદી કિનારા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી રહી છે. ડેમમાંથી વધુ પાણી છોડવામાં આવે તો જળસ્તરમાં હજુ વધારો થવાની શકયતા છે. સમગ્ર સ્થિતિને લઈને પ્રશાસન એલર્ટ મોડમાં છે.

# યુક્રેને રશિયા સામે લડવા આત્મઘાતી રોબોર્ટ ઉતાર્યા

## 'ઓપરેશન વિવાલ્ડી' હેઠળ રોબોટ અને ડ્રોનની મદદથી રશિયાના ૩,૦૦૦ સૈનિકોને ઠાર કરાયાનો દાવો

યુક્રેન,

રશિયા-યુક્રેન યુદ્ધમાં હવે રોબોટ સૈનિકો પણ મોરચો સંભાળી રહ્યા છે. યુક્રેને પહેલીવાર મોટા પાયે આત્મઘાતી જમીની રોબોટનો ઉપયોગ કરીને રશિયન સેનાં પર હુમલો કરવાનો દાવો કર્યો છે. યુક્રેનની થર્ડ આર્મી કોર્પ્સ અનુસાર, 'ઓપરેશન વિવાલ્ડી' હેઠળ રોબોટ અને ડ્રોનની મદદથી રશિયાના આશરે ૩,૦૦૦ સૈનિકોને ઠાર કરવામાં આવ્યા. સાથે જ, પૂર્વી યુક્રેનના ડોનેત્સ્ક વિસ્તારમાં ૫ ગામો અને ૩ વસાહતો પર ફરીથી નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું.

યુક્રેનિયન સેનાના જણાવ્યા અનુસાર, આ અભિયાન મે મહિનામાં શરૂ થયું હતું અને



સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહમાં પૂર્ણ થયું. સેનાએ ગુરુવારે તેની માહિતી જાહેર કરી. આ દરમિયાન રોબોટે ૧૫,૭૦૦થી વધુ મિશન પૂર્ણ કર્યા.

આ ઓપરેશનમાં ચાર પૈડાંવાળા એવા રોબોટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં વિસ્ફોટકો ભરેલા હતા. મોટા ડ્રોન તેમને રશિયન સેનાની સરહદની અંદર ૧૪.૫ કિમી સુધી લઈ જઈને છોડી દેતા હતા. ત્યારબાદ આ રોબોટ જમીન પર ચાલીને રશિયન સૈનિકોના ઠેકાણાં સુધી પહોંચતા અને હુમલો કરતા હતા. રોબોટમાં લગાવવામાં આવેલા કેમેરાથી આસપાસના વિસ્તાર પર નજર રાખવામાં આવતી હતી. તેમની મદદથી રશિયન સેનાના કમાન્ડ સેન્ટર, સૈનિકોના ઠેકાણાં, હથિયારો અને સામાન રાખવાની જગ્યાઓ તેમજ નદી પાર કરવાના માર્ગો પર હુમલા કરવામાં આવ્યા હતા. આ વ્યૂહરચનાનો હેતુ યુક્રેનિયન સૈનિકોના જીવને જોખમમાં મૂક્યા વિના રશિયન ઠેકાણાં પર હુમલો કરવાનો હતો.આ રોબોટ્સની મદદથી સૈનિકોને લેન્ડમાઈન, ગોળીઓ અને દુશ્મનના હુમલાઓ વચ્ચે સીધા જવાનો જોખમ ઓછો થાય છે. ડ્રોન તેમને દુશ્મનના વિસ્તારમાં પહોંચાડે છે અને રોબોટમાં લાગેલા કેમેરાથી ઓપરેટર આસપાસની ગતિવિધિઓ પર નજર રાખે છે.જોકે, આ રોબોટ્સ દરેક કામ આપમેળે કરતા નથી. તેમને ચલાવવામાં અને હુમલાનો નિર્ણય લેવામાં માનવીનીભૂમિકા મહત્વપૂર્ણ હોય છે.

## ગુજરાતની ૪૨ નવી ટેકનિકલ કોલેજોની પ્રોવિઝનલ ફી જાહેર

અમદાવાદ,

રાજ્યની ફી રેગ્યુલેટરી કમિટીના માળખા મુજબ ગુજરાતની ૪૨ નવી ટેકનિકલ કોલેજોની પ્રોવિઝનલ ફી જાહેર કરવામાં આવી છે, જેમાં કોલેજોના અવાસ્તવિક ખર્ચના અંદાજોને ફગાવી દેતા કેટલીક કોલેજોની ફીમાં મોટો કાપ મૂકવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, મોનાર્ક કોલેજ ઓફ ફાર્મસીના એમ.ફાર્મ અભ્યાસક્રમની ફી ૨ લાખ રૂપિયામાંથી ૪૬ ટકા જેટલી ઘટાડીને ૧.૦૮ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, એનઆરઆઈ વિદ્યાર્થીઓની ફી અલગ બેંક એકાઉન્ટમાં જમા રાખવાનો નવો નિયમ પણ ફરજિયાત પણે લાગુ કરવામાં આવ્યો છે.તેમ સુત્રોમાંથ જાણવા મળ્યું છે.

# નાગરિકતા નક્કી કરવાનું કામ ચૂંટણી પંચનું નથી, SIR અંગે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજનું મોટું નિવેદન

## નાગરિકતા નક્કી કરવાનો અધિકાર માત્ર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ક્ષેત્રાધિકારમાં: સુપ્રીમના પૂર્વ ન્યાયધીશ સુધાંશુ ધુલીયા

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિની નાગરિકતા નક્કી કરવી એ ચૂંટણી પંચનું કામ નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે સુપ્રીમ કોર્ટે પોતાના અનેક નિર્ણયોમાં નાગરિકતા સાથે જોડાયેલા કાયદાની સ્થિતિને પહેલેથી જ સ્પષ્ટ કરી દીધી છે. તેમના જણાવ્યા અનુસાર, નાગરિકતા નક્કી કરવાનો અધિકાર માત્ર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ક્ષેત્રાધિકારમાં આવે છે.

જસ્ટિસ ધુલિયાએ શુક્રવારે એક કાર્યક્રમમાં આ મહત્ત્વપૂર્ણ વાત કહી હતી. તેમણે જુલાઈ ૨૦૨૫માં બિહારની મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR)ની સુનાવણી દરમિયાન આપવામાં આવેલી તેમની ટિપ્પણી વિશે પૂછવામાં આવ્યું હતું. તે સમયે તેમણે કહ્યું હતું કે નાગરિકતાનો મુદ્દો ચૂંટણી પંચના બદલે ગૃહ મંત્રાલય દ્વારા નક્કી થવો જોઈએ.

જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ જણાવ્યું હતું કે મતદાર માટે ભારતીય નાગરિક હોવું અનિવાર્ય છે, પરંતુ આ પ્રક્રિયામાં ખૂબ વધુ કડક શરતો ન લાદવી જોઈએ. તેમણે ઉલ્લેખ કર્યો કે તે સમયે મારી સમક્ષ આધાર અને વોટર કાર્ડ સ્વીકારવાનો મુદ્દો આવ્યો હતો. કોઈએ SIR પર રોક લગાવવાની માંગ કરી ન હોવાથી મેં રોક લગાવવાનો આદેશ આપ્યો ન હતો.

CMYK

# રૂ. ૧૧.૪૨ કરોડના ગુજરાત ડિજિટલ અરેસ્ટ કેસમાં સીબીઆઈ દ્વારા વધુ બે આરોપીઓની ધરપકડ

## ઓપરેશન ચક્ર-VI હેઠળ ૧૦ રાજ્યોમાં ૨૨ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા

અમદાવાદ,

ઓપરેશન ચક્ર-VI હેઠળ ડિજિટલ અરેસ્ટના ગુનાઓ સામે પોતાની દેશવ્યાપી કાર્યવાહીને વધુ તીવ્ર બનાવતા, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ ૧૦ રાજ્યોના ૨૨ સ્થળોએ સુયોજિત દરોડા પાડ્યા છે અને ગુજરાતના એક મોટા ડિજિટલ અરેસ્ટ કેસમાં વધુ બે આરોપીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહી આ દૂષણ પાછળ રહેલી સિન્ડિકેટ્સ સામે સીબીઆઈના સતત પ્રહારનો એક ભાગ છે, જે દેશભરના નાગરિકો માટે ગંભીર ખતરો ઊભો કરી રહી છે. આ ગુનાઓના ચિંતાજનક પ્રમાણને ગંભીરતાથી લેતાં, ભારતની આદરણીય સર્વોચ્ચ અદાલતે સીબીઆઈને આવા ગુનાઓને પ્રોત્સાહન આપનારા ગુનેગારો અને વ્યાપક નેટવર્ક સામે સુયોજિત કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે.

વર્તમાન કેસમાં, પીડિતને કથિત રીતે પોલીસ અધિકારીઓ અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ તરીકે ઓળખાવતા સાયબર ગુનેગારો દ્વારા ત્રણ મહિના સુધી "ડિજિટલ અરેસ્ટ" હેઠળ રાખવામાં આવ્યા હતા, અને સિન્ડિકેટ દ્વારા નિયંત્રિત ખાતાઓમાં રૂ. ૧૧.૪૨ કરોડ ટ્રાન્સફર કરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા.

પૈસાની ટ્રેઈલના નાણાકીય અને તકનીકી વિશ્લેષણના આધારે આયોજિત કરાયેલા દરોડામાં, ગુનાહિત બેંકિંગ દસ્તાવેજો, ખાતા સંબંધિત રેકોર્ડ્સ, ડિજિટલ ઉપકરણો અને અન્ય મહત્વપૂર્ણ પુરાવા જપ્ત કરવામાં આવ્યા છે, જે રાજ્યની સરહદો પાર ઓપરેટ થતી ડિજિટલ અરેસ્ટ સિન્ડિકેટ્સને ચલાવતા વ્યાપક નાણાકીય અને તકનીકી માળખાનો પર્દાફાશ કરવા માટે હવે ફોરેન્સિક તપાસ હેઠળ છે.

દરોડા દરમિયાન કરવામાં આવેલી તપાસમાં ધરપકડ કરાયેલા બે આરોપીઓ, હિમાંશુ પ્રસાદ અને યુનિસ બિસ્વાસની ગુનાની કમાણી મેળવવામાં, લેયરિંગ કરવામાં અને તેને વિતરિત કરવામાં વિશિષ્ટ અને મહત્વપૂર્ણ ભૂમિકાઓ સામે આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે તેઓએ પીડિત પાસેથી છેતરપિંડીથી મેળવેલા રૂ. ૧૧.૪૨ કરોડમાંથી રૂ. ૨.૫ કરોડ મેળવવા માટે કથિત રીતે મેસર્સ હેક્સાક્વેસ્ટ ગ્લોબલ પ્રાઈવેટ લિમિટેડના બેંક ખાતાનો ઉપયોગ કર્યો હતો, અને મની ટ્રેઈલને છુપાવવાના ઈરાદાથી તેમના સહયોગીઓના બહુવિધ ખાતાઓમાં નાણાં આગળ ટ્રાન્સફર કરવામાં સક્રિયપણે ભાગ લીધો હતો.તપાસમાં વધુમાં બહાર આવ્યું છે કે બંને આરોપીઓ કથિત રીતે બેંક ખાતાઓનો ઉપયોગ કરવામાં અને ડિજિટલ અરેસ્ટ ફ્રોડ અને અન્ય સાયબર ગુનાઓ દ્વારા જનરેટ થયેલી કમાણી સટ્ટાકીય રીતે ઉપાડી લેવા માટે APK ફાઈલો ઈન્સ્ટોલ કરવામાં સામેલ હતા. તેમના કબ્જામાંથી જપ્ત કરાયેલા ડિજિટલ ડિવાઈસમાંથી અનેક વાંધાજનક ચેટ્સ, મેસેજ અને દસ્તાવેજો પણ મળી આવ્યા છે.

# ફિટ ઈન્ડિયા-સન્ડેઝ ઓન સાયકલની ૯૨મી આવૃત્તિ ગાંધીનગરમાં યોજાઈ

ગાંધીનગર

ફિટ ઈન્ડિયા-સન્ડેઝ ઓન સાયકલની ૯૨મી આવૃત્તિ આજે સવારે ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાઈ હતી. સાપ્તાહિક ફિટનેસ ઈવેન્ટની આ આવૃત્તિ 'ફિટનેસ, ક્લીનલિનેસ એન્ડ સોશિયલ રિસ્પોન્સિબિલિટી' (ફિટનેસ, સ્વચ્છતા અને સામાજિક જવાબદારી) થીમ હેઠળ યોજાઈ હતી, જેમાં સુલભ ઈન્ટરનેશનલના પ્રતિનિધિઓ અને ચિલોડાની ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

SAI, NCoE, ગાંધીનગર દ્વારા આયોજિત આ ફિટનેસ ઈવેન્ટમાં કેન્દ્રના ઉત્પાદક/તાલીમાર્થી એથ્લેટોએ પણ ભાગ લીધો હતો. જાણીતા ટ્રેનર વનરાજ દ્વારા સંચાલિત ફિઝિકલ ટ્રેનિંગ અને ઝુમ્બા સેશન સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી, ત્યારબાદ ઉપસ્થિત લોકોએ સ્વર્ણિમ પાર્કની આસપાસ સાયકલ રેલીમાં ભાગ લીધો હતો. આ રેલી ૨.૫ કિમી લાંબી હતી. આ પછી મહેમાનોએ ગેમ ઝોન ખાતે બેડમિન્ટન, ચેસ, કેરમ, રોપ સ્કીપિંગ, હ્યુમન સાઈઝ લુડો વગેરે જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. સુલભ ઈન્ટરનેશનલના પ્રતિનિધિમંડળના વડા અને ઓમ લેન્ડમાર્ક સ્કૂલના શિક્ષકોને પણ તેમની સહભાગિતા માટે પ્રશંસાના પ્રતિક રૂપે સ્મૃતિચિહ્નો ભેટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત સહભાગીઓને અલ્પાહાર પણ પીરસવામાં આવ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૪માં કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દ્વારા શરૂ કરવામાં આવેલ ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલનું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI), યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (MYAS) દ્વારા સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI), ઈન્ડિયન રોપ સ્કીપિંગ ફેડરેશન, યોગાસન ભારત, રાહગીરી ફાઉન્ડેશન, સ્રુ બાઈક્સ અને સ્રુ ભારતના સહયોગથી કરવામાં આવે છે. સાયકલિંગ ઝુંબેશ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એકસાથે ચલાવવામાં આવે છે, જેમાં SAI પ્રાદેશિક કેન્દ્રો, નેશનલ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (NCOEs), SAI ટ્રેનિંગ સેન્ટર્સ (STCs), ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (KISCEs) અને ખેલો ઈન્ડિયા સેન્ટર્સ (KICs) નો સમાવેશ થાય છે.

# અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પરથી ૮૪.૩૨ લાખનો દારૂ ઝડપાયો, ૮,૫૯૨ બોટલ સાથે બે ઝડપાયા

આણંદ,

આણંદમાં ગણેશ વિસર્જનના બંદોબસ્ત દરમિયાન એલસીબીના એએસઆઈ મહિપાલસિંહ જગદીશસિંહને બાતમી મળી હતી કે નડિયાદ તરફથી આણંદ તરફ આવી રહેલા સફેદ રંગના ટાટા કન્ટેનર ટ્રકમાં હોમ એપ્લાયન્સના સામાનની આડમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે.બાતમીના આધારે એલસીબીના પીએસઆઈ આર.એમ. ચૌહાણ અને સ્ટાફે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર રાવળાપુરા બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ કન્ટેનર ટ્રકને અટકાવી તપાસ કરવામાં આવી હતી.

ટ્રકના ચાલકે પોલીસ સમક્ષ હોમ એપ્લાયન્સના સામાનની બિલ્ટી રજૂ કરી હતી. જોકે, પોલીસે કન્ટેનરનો દરવાજો ખોલીને તપાસ કરતાં વન્ડરશેફ કંપનીના સ્ટેનલેસ સ્ટીલ વાસણોના બોક્સની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડેલો મળી આવ્યો હતો. પોલીસે કન્ટેનરમાંથી કુલ ૨૯૦ પેટીમાંથી ૮,૫૯૨ બોટલ વિદેશી દારૂ કબજે કરી હતી. દારૂના જથ્થાની કિંમત ૪૪,૫૮,૧૫૦ હોવાનું સામે આવ્યું છે.દારૂ ઉપરાંત પોલીસે ૧૫ લાખની કન્ટેનર ટ્રક, બે મોબાઈલ ફોન અને બિલ્ટી મુજબના ૨૪,૪૩,૩૫૦ના અન્ય સામાન સહિત કુલ ૮૪,૩૨,૫૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# દેશની જનતાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો લાંબા સમય સુધી ચાલી શકતા નથી : જગદીશભાઈ વિશ્વકર્મા

## દેશના મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનરોના સંયુક્ત પ્રેસ નિવેદન દ્વારા દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે -જગદીશભાઈ વિશ્વકર્મા



રાજકોટ,

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આજે મીડિયાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી દેશની સ્વાયત્ત બંધારણીય સંસ્થા ચૂંટણી પંચ સામે એક અખબારમાં છપાયેલા કાલ્પનિક અને તથ્યહીન લેખને આધાર બનાવી બેબુનિયાદ સવાલો ઉઠાવી રાહુલ ગાંધી સહિત વિપક્ષ દ્વારા દેશના નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો અને જૂઠાણાં ફેલાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો હતો.

વિશ્વકર્માએ કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનરોએ સંયુક્ત પ્રેસ રિલીઝ દ્વારા સ્પષ્ટ કર્યું છે કે SIR સંબંધિત તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા અને તેમની વચ્ચે કોઈ મતભેદ નથી. મતદાર યાદીમાં નામ ઉમેરવા માટેના From-6ના મૂળ સ્વરૂપમાં SIR દરમિયાન કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. સુપ્રીમ કોર્ટે SIR દરમિયાન મતદારોની ચકાસણી માટેની દસ્તાવેજી પ્રક્રિયાને માન્ય રાખી છે. તેમજ ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે From-6 સાથે લેવામાં આવતી Declaration એટલે કે તેમાં અરજદાર પોતે/માતા-પિતા/દાદા-દાદી અગાઉની SIRની મતદાર યાદીમાં હતા કે નહીં તે અંગે વિગતો આપવાની વ્યવસ્થાને પણ સુપ્રીમ કોર્ટે માન્યતા આપી છે.

વિશ્વકર્માએ કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનરોના સંયુક્ત પ્રેસ નિવેદન દ્વારા દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે. કોંગ્રેસે ચૂંટણી કમિશનરો પર આંતરિક મતભેદનો જે આક્ષેપ કર્યો હતો તે સંપૂર્ણપણે મનઘડત સાબિત થયો છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ જૂઠાણાની ફેક્ટરી બની ચૂક્યા છે. સુનિયોજિત ષડયંત્ર હેઠળ ફેક નેરેટિવ બનાવીને લોકોને ગેરમાર્ગે દોરવા એ જ કોંગ્રેસ અને તેની ઈકોસિસ્ટમનું મુખ્ય કામ બની ગયું છે. જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ પહેલા પોતાની હારનું ઠીકરું ઈફસ્પર ફોડતી, પછી જૈંઈને દોષ દીધો ને હવે ચૂંટણી પંચ ઉપર નિરાધાર-ખોટા આક્ષેપો કરી રહી છે.

તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાસે હવે જનતાની વચ્ચે જવાનો મુદ્દો નથી, એટલે હાર ન પચાવી શકનારી કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચને નિશાન બનાવી ફેક નેરેટિવ ઊભો કરવામાં આવી રહ્યો છે. જ્યાં જનાદેશ કોંગ્રેસની તરફેણમાં આવે ત્યાં લોકશાહીનો વિજય અને જ્યાં જનાદેશ ભાજપની તરફેણમાં આવે ત્યાં 'વોટ ચોરી' આ બેવડા ધોરણો જનતા સારી રીતે ઓળખે છે. દેશની જનતાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો લાંબા સમય સુધી ચાલી શકતા નથી. તથ્યો સામે ફેક નેરેટિવ આયુષ્ય બહુ ટૂંકું હોય છે. કોંગ્રેસ પાસે જનતા માટે કોઈ નક્કર એજન્ડા કે મુદ્દો ન હોવાથી તે માત્ર નકારાત્મક રાજનીતિ અને અફવાઓની રાજનીતિ પૂરતી મર્યાદિત બની ગઈ છે. કોંગ્રેસના જૂઠાણાંઓનો ભાંડો હવે દેશની જનતા સમક્ષ ફૂટી ગયો છે.

# અશોકજીનું સમગ્ર જીવન રાષ્ટ્ર, સંસ્કૃતિ અને સનાતન પરંપરાના જતન માટે સમર્પિત રહ્યું

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે આયોજિત અશોકજી સિંઘલની જન્મશતાબ્દી સંગોષ્ઠીમાં સહભાગી થયા

અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે આયોજિત 'અશોકજી સિંઘલ જન્મશતાબ્દી સંગોષ્ઠી'માં ઉપસ્થિત રહી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે અશોકજી સિંઘલ એક તપસ્વી રાષ્ટ્રસાધક અને સાંસ્કૃતિક ચેતનાના સંવાહક હતા. તેમનું સમગ્ર જીવન દેશ, આધ્યાત્મિક પરંપરા અને સનાતન સંસ્કૃતિના સંરક્ષણ તથા રાષ્ટ્રજીવનમાં જાગૃતિ માટે સમર્પિત રહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે કરોડો હિંદુઓની આસ્થાના કેન્દ્ર એવા અયોધ્યામાં ભવ્ય-દિવ્ય રામમંદિરના નિર્માણ માટે અશોકજી સિંઘલે કરેલો સંઘર્ષ અને સંકલ્પ આજે સાકાર થયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ અને પ્રાણપ્રતિષ્ઠાનો ઐતિહાસિક પ્રસંગ અશોકજી સિંઘલ સહિત અનેક રાષ્ટ્રસાધકોના સંકલ્પને સિદ્ધિ સુધી પહોંચાડનાર બની રહ્યો છે.

તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની સાંસ્કૃતિક વિરાસતના પુનર્જાગરણ સાથે વિકાસને પણ નવી ગતિ મળી છે. સોમનાથ સ્વાભિમાન પર્વ, કાશી વિશ્વનાથ ધામ, કેદારનાથ ધામ, અંબાજી કોરિડોર સહિતના વિવિધ પ્રકલ્પો દ્વારા 'વિરાસત ભી, વિકાસ ભી'નો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરંપરાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનું કાર્ય થઈ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે અશોકજી સિંઘલે હિંદુ સમાજની એકતા માટે વિશાળ હિંદુ સંમેલનોનું આયોજન કરી, વેદ, સંસ્કૃત, ગૌ, ગંગા, તીર્થ, તીર્થપુરોહિત, ધર્માચાર્યો અને મઠ-મંદિરોની પ્રાચીન પરંપરાના પુનઃસ્થાપન માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમના વિચારો અને કાર્યએ અનેક યુવાનોના અંતરમાં દેશપ્રેમ અને રાષ્ટ્રભાવનાની જ્યોત પ્રજ્વલિત કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જાહેરજીવનની ૨૫ વર્ષની સેવા-યાત્રા અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે 'સેવા સંકલ્પ અભિયાન' દ્વારા સેવા, સુશાસન અને રાષ્ટ્રપ્રથમની ભાવનાને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અશોકજી સિંઘલના જીવનમાંથી આગામી પેઢીએ રાષ્ટ્રપ્રથમ, સંકલ્પનિષ્ઠા, સાધના અને સમર્પણનો સંદેશ ગ્રહણ કરવો જોઈએ.

તેમણે યુવાનોને અપીલ કરતાં જણાવ્યું કે દેશની સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિરાસતનું જતન કરવાની સાથે આધુનિક અને વિકસિત ભારતના નિર્માણમાં પણ સૌએ પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. અશોકજી સિંઘલના વિચારો અને જીવનકાર્યને નવી પેઢી સુધી પહોંચાડવું એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

મુખ્યમંત્રીશ્રીએ અશોકજી સિંઘલની રાષ્ટ્રસેવા અને સાંસ્કૃતિક પુનર્જાગરણની યાત્રાને નમન કરતાં 'ભારત માતાની જય' અને 'વંદે માતરમ્'ના જયઘોષ સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# લોકરક્ષક ભરતીમાં ગેરલાયક ઠરેલા ૧૦ ઉમેદવારોને ભરતી પ્રક્રિયામાં આગળ વધવા માટે ફરી એકવાર તક આપવામાં આવી

## આગામી ૩૦ સપ્ટેમ્બરથી શરૂ થનારી દસ્તાવેજ ચકાસણી પ્રક્રિયામાં તેમને નિયમ મુજબ સામેલ કરવામાં આવશે

ગાંધીનગર,

રાજ્યમાં ૧૪ જૂનના રોજ યોજાયેલી લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં ગેરરીતિ સામે આવી હતી. આ મામલાની ગંભીરતાને જોતા સીસીટીવી વ્યુઈંગ કમિટી દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ કમિટીના અહેવાલના આધારે લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા કડક કાર્યવાહી કરીને કુલ ૩૮૫ ઉમેદવારોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા.

ગેરલાયક ઠરેલા ઉમેદવારોને ન્યાયિક પ્રક્રિયાના ભાગરૂપે પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી હતી. જે અંતર્ગત કુલ ૨૫ ઉમેદવારોએ ભરતી બોર્ડ સમક્ષ રૂબરૂ હાજર રહીને પોતાની રજૂઆત કરી હતી. ઉમેદવારોના પક્ષને સાંભળ્યા બાદ, ભરતી બોર્ડે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા ૨૫માંથી ૧૦ ઉમેદવારોની રજૂઆતને ગ્રાહ્ય રાખી છે. આ નિર્ણય સાથે જ આ ૧૦ ઉમેદવારોને ૩૮૫ ગેરલાયક ઉમેદવારોની યાદીમાંથી બહાર કરીને મોટી રાહત આપવામાં આવી છે.




# ભારતમાલા એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત, વાવ-થરાદમાં રખડતા ઢોરના કારણે બે લોકોના કરૂણ મોત

પાલનપુર,

વાવ-થરાદ નજીકથી પસાર થતા ભારતમાલા એક્સપ્રેસ વે પર ગત રાત્રે રખડતા ઢોરના કારણે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રાત્રિના અંધારામાં હાઈવે પર અચાનક ઢોર આવી જતાં વાહન તેની સાથે ધડાકાભેર અથડાયું હતું, જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ અકસ્માતમાં અન્ય એક વ્યક્તિ પણ ગંભીર રીતે ઘાયલ થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

રસ્તા પર રખડતા ઢોરના કારણે બે નિર્દોષ લોકોએ પોતાનો અમૂલ્ય જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. હાઈવે પર અવારનવાર આવી ચડતા ઢોરના કારણે આવા અનેક જીવલેણ અકસ્માતો સર્જાય છે, ત્યારે આ ગંભીર ઘટના બાદ હાઈવે ઓથોરિટી અને સ્થાનિક તંત્રની કામગીરી તથા બેદરકારી સામે લોકોમાં અનેક સવાલો ઊભા થયા છે. આ અકસ્માતનું મુખ્ય કારણ હાઈવે પર રખડતા ઢોર હોવાનું સામે આવ્યું છે. મોડી રાત્રે અંધકારમાં હાઈવે પરથી પસાર થઈ રહેલી કારની સામે અચાનક જ એક રખડતી ગાય આવી ચડી હતી. પૂરપાટ ઝડપે આવતા વાહનની સામે એકાએક ઢોર આવી જતાં ચાલક સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવી બેઠો હતો, જેના પરિણામે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો અને નિર્દોષ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં જ થરાદ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે બચાવ કામગીરી હાથ ધરીને મૃતદેહોને પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી અને ઈજાગ્રસ્ત વ્યક્તિની મેડિકલ સહાય સુનિશ્ચિત કરી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.આ દુર્ઘટનાએ ફરી એકવાર વાહનચાલકોની સુરક્ષા પર મોટું પ્રશ્નાર્થચિહ્ન મૂકી દીધું છે. હાઈવે પર આવી ચડતા રખડતા ઢોરના કારણે અવારનવાર અકસ્માતો સર્જાય છે, તેમ છતાં હાઈવે ઓથોરિટી અને સ્થાનિક તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી.

# ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં દેશની પ્રથમ એલએનજી ટ્રેનને લીલી ઝંડી આપી



## સાથે રૂ. ૧,૫૪૨ કરોડથી વધુના વિવિધ રેલવે અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનો પણ પ્રારંભ કરવામાં આવ્યો

અમદાવાદ,

અમદાવાદમાં રેલવે ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને નવીન પહેલની શરૂઆત થઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૨૭ સપ્ટેમ્બર, રવિવારે અમદાવાદમાં દેશની પ્રથમ એલએનજી ટ્રેનને લીલી ઝંડી આપી હતી. આ સાથે રૂ. ૧,૫૪૨ કરોડથી વધુના વિવિધ રેલવે અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. એલએનજી આધારિત આ ટ્રેનની સૌથી મહત્વની વિશેષતા એ છે કે એક વખત ટેક્ક સંપૂર્ણ ભર્યા બાદ તે અંદાજે ૨,૨૦૦ કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે.

દેશની પ્રથમ એલએનજી ટ્રેનને ડ્યુઅલ-ફ્યુઅલ ટેક્નોલોજી સાથે તૈયાર કરવામાં આવી છે. એટલે કે ટ્રેનનું એન્જિન એલએનજી તેમજ ડીઝલ બંને ઈંધણ પર ચાલી શકે છે. ઉપલબ્ધ ઈંધણ અને કામગીરીની જરૂરિયાત પ્રમાણે એન્જિન એલએનજી અને ડીઝલ વચ્ચે સ્વિચ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટ હેઠળ ૧,૪૦૦ એચપી ક્ષમતા ધરાવતા બે ડ્રાઈવિંગ પાવર કારને એલએનજી ડ્યુઅલ-ફ્યુઅલ સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. આ ટેક્નોલોજીનો ૨,૦૦૦ કિલોમીટરથી વધુનો ફિલ્ડ ટ્રાયલ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. મહેસાણા અને સાબરમતી વચ્ચે આશરે આઠ મહિના સુધી આ ટ્રેનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ટ્રાયલ દરમિયાન ટ્રેનની કામગીરી, ઈંધણની ક્ષમતા અને ડ્યુઅલ-ફ્યુઅલ સિસ્ટમની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં આવી જ ટેકનોલોજી અન્ય ૮થી ૧૦ ટ્રેનોમાં અપનાવવાની યોજના હોવાનું જણાવાયું છે. અમદાવાદના ડીઆરએમ વેદ પ્રકાશે જણાવ્યું હતું કે એલએનજી ડીઝલની સરખામણીમાં સસ્તું ઈંધણ હોવાથી ટ્રેનના સંચાલન ખર્ચમાં ઘટાડો થવાની શક્યતા છે. સાથે જ એલએનજી આધારિત સંચાલનથી પ્રદૂષણમાં પણ ઘટાડો થવાનો દાવો કરવામાં આવ્યો છે.

# અમરેલીમાં કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભાર્થીઓ સાથે પ્રત્યક્ષ મુલાકાત અને સંવાદ કરતાં કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી

## વિદેશ અભ્યાસ લોન, પી.એમ આવાસ-શહેરી અને પી.એમ સૂર્યઘર યોજનાના લાભાર્થીઓએ સહાય મળવાની ખુશી વ્યક્ત કરી વડાપ્રધાનનો આભાર વ્યક્ત કર્યો:પ્રધાનમંત્રી આવાસ યોજના અને પી.એમ સૂર્યઘર મફત વીજળી યોજના સહિતની યોજનાઓ થકી સમાજમાં સકારાત્મક પરિવર્તન આવ્યું

અમરેલી:દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધી 'સેવા સંકલ્પ અભિયાન'નું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.





અમરેલી શહેર ખાતે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ કેન્દ્ર સરકારની વિવિધ ફ્લેગશીપ યોજનાઓના લાભાર્થીઓની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યમંત્રીશ્રીએ લાભાર્થીઓ સાથે પ્રત્યક્ષ સંવાદ સાધીને યોજનાઓ અંતર્ગત મળતી સહાય અને તેનાથી તેમના જીવનમાં આવેલા હકારાત્મક બદલાવ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી સાચા અર્થમાં પહોંચી રહી છે તેનો પ્રત્યક્ષ ચિતાર આ સંવાદ દરમિયાન જોવા મળ્યો હતો.

આ મુલાકાત દરમિયાન એજ્યુકેશન અર્થે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની સરકારી લોન સુવિધા મેળવનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી અંતર્ગત પાકું મકાન મેળવનારા પરિવારો તેમજ પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજનાના લાભાર્થીઓએ રાજ્યમંત્રીશ્રી સમક્ષ પોતાની ખુશી વ્યક્ત કરી હતી. સમયસર અને પારદર્શક રીતે સરકારી સહાયનો લાભ મળવા બદલ તમામ લાભાર્થીઓએ ખૂબ જ હર્ષ અને સંતોષની લાગણી પ્રદર્શિત કરી હતી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો હૃદયપૂર્વક ધન્યવાદ અને આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ગરીબ, વંચિત અને ઘરવિહોણા નાગરિકોને પોતાના હકનું પાકું અને સુવિધાયુક્ત મકાન બનાવવા માટે ખૂબ જ સહાયરૂપ નીવડી રહી છે. આ યોજનાના પરિણામે સમાજના નબળા વર્ગોને સામાજિક સુરક્ષા અને ગૌરવવંતું જીવન મળ્યું છે, જેના કારણે અનેક ઘરવિહોણા લાભાર્થીઓના પોતાના પાકા ઘરના વર્ષો જૂના સપનાઓ સાકાર થયા છે.

આ સાથે જ, પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને રેસિડેન્શિયલ રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા પર સરકાર દ્વારા મોટી આર્થિક સબસિડી આપવામાં આવે છે. આ યોજના થકી લાભાર્થીઓને વિનામૂલ્યે વીજળી મળવા પાત્ર બને છે, જે નાગરિકોને મોંઘા વીજ બિલમાંથી કાયમી મુક્તિ અપાવીને આર્થિક રીતે સક્ષમ અને આત્મનિર્ભર બનાવી રહી છે. સાથે હરિત ઊર્જાના લક્ષ્યાંકો અને સપનાઓ સાકાર થઈ રહ્યા છે.

રાજ્યમંત્રીશ્રીએ અમરેલીની જાણીતી હરિ ઓમ ડેરી અને પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર હેઠળ સરકારી લોન સહાયના લાભાર્થી અને ડેરીના માલિક શ્રી હરેશભાઈ બાંભરોલીયા અને તેમના પરિવાર સાથે પણ મુલાકાત કરી હતી અને તેમની સાથે સંવાદ સાધ્યો હતો. શ્રી હરેશભાઈએ જણાવ્યું કે, અમે નાનકડી એવી દુકાનથી ડેરીની શરૂઆત કરી હતી, અમને સરકાર દ્વારા રૂ. ૧.૫ કરોડની લોન સુવિધા મળતા અંદાજિત રૂ. ૩૭ લાભ જેટલી રકમની સબસિડીનો લાભ મળ્યો છે. તેમણે આ સરકારી સહાય બદલ વડાપ્રધાનશ્રીનો સાદર આભાર વ્યક્ત કર્યો હતો.

કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ આજે દેશના છેવાડાના નાગરિકોના સામાજિક અને આર્થિક ઉત્થાનનું સશક્ત માધ્યમ બની છે. શિક્ષણ અને રોજગારલક્ષી સરકારી સહાય થકી યુવાનોને આત્મનિર્ભર બનાવીને સમાજમાં સમાનતા, સુરક્ષા અને ગૌરવભર્યા પરિવર્તનનો એક નવો યુગ શરૂ થયો છે.

# ભટવદર પંચાયત કચેરીએ કામ થયા વગર નાણાં ચૂકવ્યાની ફરિયાદ

## તાલુકા વિકાસ અધિકારીને પત્ર

અમરેલી:

દામનગર ના ભટવદર ગ્રામપંચાયત કચેરી દ્વારા કામ થયા વગર નાણાં ચૂકવી સરકારી નાણાં ની કાયમી ઉચાપત અંગે ની લેખિત ફરિયાદ સંદર્ભ માં અમરેલી જિલ્લા કલેકટર શ્રી દ્વારા નં. જનરલ/વશી/૧૭૧૬/ઈ-૧૨૭૧૫૪/૨૦૨૬ તાલુકા વિકાસ અધિકારીશ્રી લાઠી ને ભટવદર ગ્રામ પંચાયત કચેરી માં સરકારી નાણાંકીય કાયમી ઉચાપત સંદર્ભ ની કરણસિંહ રાઠોડ ની ફરિયાદ અંગે તાકીદ કરતો પત્ર પાઠવ્યો કરણસિંહ બનેસિંહ રાઠોડ, મુ. ભટવદર, તા.લાઠી, જિ. અમરેલીની તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજની સરકારી નાણાંની કાયમી ઉચાપત અંગે સરકાર પક્ષે ફોજદારી ફરિયાદ દાખલ કરી જવાબદારો સામે પગલાં લેવાની માંગ કરી હતી જે અંગે અમરેલી જિલ્લા કલેકટર શ્રી અમરેલી દ્વારા તાલુકા વિકાસ અધિકારી ને ઉદેશી આ અંગે તપાસ કરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું લાઠી તાલુકા પંચાયત કચેરી હેઠળ ભટવદર ગ્રામ પંચાયત માં કામ થયા વગર નાણાં ચૂકવી સરકારી



નાણાં ની કાયમી ઉચાપત થઈ હોવા ની સ્થાનિક કક્ષા એ ઉઠેલ ફરીયાદ સંદર્ભ માં તાલુકા પંચાયત કચેરી લાઠી તાલુકા વિકાસ અધિકારી એ અંગે સ્થળ પંચરોજ કામ કર્યુ છે? કામ વગર અપાયેલ કમ્પ્લીશન અંગે શું પગલાં લેશે? ભટવદર ગ્રામ પંચાયત કચેરી એ કામ થયા વગર નાણાં ચૂકવી કાયમી સરકારી નાણાંકીય ઉચાપત અંગે તાલુકા વિકાસ અધિકારી શું સરકાર પક્ષે પોલીસ ફરિયાદ કરી નાણાં રિકવરી કરશે? કે આવી ગેરીરીતિ ચાલવા દેશે? અનુજાતિ ના સ્મશાન માં પાણી માટે રીગદાર અને ડોમ સહિત અનેક વિકાસ કામો ની ગ્રાન્ટ કામો થયા વગર જ ચૂકવાય હોવા ના આ કિસ્સા માં તાલુકા પંચાયત ની પણ સંડોવણી હોવા ની ચર્ચા ટોક ઓફ ઘી ટાઉન બની છે

# 'એક પેડ મા કે નામ' અભિયાન: આઈ.ટી.આઈ. અમરેલી ખાતે વૃક્ષારોપણ

## અમરેલીમાં ઈકો અર્થ ફાઉન્ડેશન દ્વારા 'I am Climate Hero' પહેલ શરૂ કરવામાં આવી

અમરેલી:

આઈ.ટી.આઈ. અમરેલી ખાતે પર્યાવરણ સંરક્ષણના ઉમદા હેતુ સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ વૃક્ષારોપણ કર્યું હતું.




આ તકે રાજ્યમંત્રીશ્રીએ પ્રકૃતિના જતન માટે વૃક્ષોનું મહત્વ સમજાવી, ઉપસ્થિત યુવાનો અને નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ પર્યાવરણની સુરક્ષા માટે સક્રિય સહભાગી બનીને સમાજમાં એક અનેરો સકારાત્મક સંદેશ પ્રસરાવવા અપીલ કરી હતી.

પર્યાવરણ સંરક્ષણની ઝુંબેશના ભાગરૂપે, ઈકો અર્થ ફાઉન્ડેશન દ્વારા 'પ્રોજેક્ટ નવજીવન' હેઠળ અમરેલી વિસ્તારમાં એક નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત માત્ર નવા છોડ રોપવા પૂરતું મર્યાદિત ન રહેતા, વિસ્તારના વર્ષો જૂના અને વિકસિત થઈ ચૂકેલા વૃક્ષોની યોગ્ય જાળવણી, સાચવણી તેમજ વૈજ્ઞાનિક પદ્ધતિથી માવજત કરવાના વિશેષ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ફાઉન્ડેશનના પ્રયાસો અમરેલીના હરિયાળા વાતાવરણને ટકાઉ બનાવવામાં ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે, ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યાઓ સામે લડવા માટે જરૂરી ગ્રીન કવર વિકસિત કરવું, નવા વૃક્ષો રોપણની સાથે હયાત જૂના વૃક્ષોની જાળવણી પણ મહત્વની છે. આ હયાત વૃક્ષો વધુ ઓક્સિજન પૂરું પાડે છે. વૃક્ષોની વધુ સારી રીતે માવજત અને જાળવણી કરીને વધુમાં વધુમાં ઓક્સિજન ઉત્સર્જન કરવા માટેની સમગ્ર પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવાનું લક્ષ્યાંક છે.

અમરેલી સ્થિત ગાંધીબાગ ખાતે રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ અમરેલી શહેરના વિવિધ સંગઠનોના હોદ્દેદારો અને સ્થાનિક અગ્રણીઓ,સ્વચ્છતા કર્મવીરોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' નું સામૂહિક શ્રવણ પણ કર્યું હતું. આ તકે રાજ્યમંત્રીશ્રી અને ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ વડાપ્રધાનશ્રી દ્વારા દેશના વિવિધ ભાગોમાં ચાલતા પ્રેરણાદાયી કાર્યો, સામાજિક ક્રાંતિ, સ્વચ્છતા અને વૃક્ષારોપણ પ્રવૃત્તિઓ, પર્યાવરણના સંરક્ષણને લગતા કાર્યો, જલ શક્તિ અને સ્વનિર્ભરતાના નવતર વિચારોને ખૂબ જ રસપૂર્વક શ્રવણ કરી, કાર્યક્રમ નિહાળીને રાષ્ટ્રનિર્માણના આ મહાઅભિયાનમાં સક્રિય યોગદાન આપવાનો દ્રઢ સંકલ્પ દોહરાવ્યો હતો

# અમરેલી સ્થિત સ્પોટ્ર્સ કૉમ્પ્લેક્સ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને જાણીતા યોગ ગુરુ શીશપાલજીના અધ્યસ્થાને 'યોગ અને ધ્યાન' શિબિર યોજાઈ

## યોગ અને ધ્યાન દ્વારા ''સ્વસ્થ સમાજ-મેદસ્વિતા મુક્ત અને સમૃદ્ધ ગુજરાત'' નું નિર્માણ કરીએ:શીશપાલજી

અમરેલી:

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધી 'સેવા સંકલ્પ અભિયાન'નું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાનના ભાગરૂપે આજરોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, રાજ્ય સરકાર દ્વારા અમરેલી સ્થિત સ્પોટ્ર્સ કૉમ્પ્લેક્સ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને જાણીતા યોગ ગુરુ શ્રી શીશપાલજીના અધ્યસ્થાને 'યોગ અને ધ્યાન' શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં અમરેલીની વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, યુવાઓ સહિતના શહેરના નાગરિકો 'યોગ અને ધ્યાન' શિબિરમાં જોડાયા હતા.






### અમરેલીની વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, યુવાઓ સહિતના નાગરિકો 'યોગ અને ધ્યાન' શિબિરમાં જોડાયા

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરતા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને યોગ ગુરુ શ્રી શીશપાલજીએ જણાવ્યું હતું કે, "આપણે સૌ યોગ અને ધ્યાન દ્વારા 'સ્વસ્થ સમાજ-મેદસ્વિતા મુક્ત અને સમૃદ્ધ ગુજરાત' નું નિર્માણ કરીએ." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આજના આધુનિક યુગમાં શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત રહેવા માટે યોગ એ એકમાત્ર શ્રેષ્ઠ અને સચોટ માર્ગ છે. ઉપરાંત કેન્સર જેવા રોગોમાં પણ યોગસાધના અસરકારક સાબિત થાય છે. રાજ્ય સરકાર દ્વારા પણ ગુજરાતના ખૂણે-ખૂણે યોગનો વ્યાપ વધારીને દરેક નાગરિકને નિરોગી બનાવવાનું સરાહનીય અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

યોગ અને ધ્યાનના મહત્વ અંગે વાત કરીએ તો, તે માત્ર શારીરિક વ્યાયામ નથી પરંતુ શરીર, મન અને આત્માના શુદ્ધિકરણની પ્રાચીન ભારતીય પદ્ધતિ છે. નિયમિત યોગ કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિમાં અદભુત વધારો થાય છે, જેથી વ્યક્તિ મોસમી બીમારીઓથી દૂર રહીને નિરોગી આરોગ્ય પ્રાપ્ત કરી શકે છે. આ સાથે જ પ્રાણાયામ અને ધ્યાન (મેડિટેશન) દ્વારા માનસિક તણાવ, ચિંતા અને અનિદ્રા જેવી સમસ્યાઓમાંથી મુક્તિ મળે છે અને કાર્યક્ષમતા તેમજ એકાગ્રતામાં પણ વધારો થાય છે. યોગના વિવિધ આસનો અને પ્રાણાયામના નિયમિત અભ્યાસથી શરીરના તમામ અંગોનું સંચાલન સુદૃઢ થાય છે અને રોગપ્રતિકારક શક્તિમાં અદભુત વધારો થાય છે અને હૃદયરોગ, સંધિવા તેમજ હાઈ બ્લડપ્રેશર જેવા ગંભીર રોગોનું જોખમ ઘટે છે. આ ઉપરાંત, પ્રાણાયામ લોહીમાં ગ્લૂકોઝનું સ્તર નિયંત્રિત રાખીને ડાયાબિટીસને કાબૂમાં રાખે છે.

આજના સમયમાં અયોગ્ય જીવનશૈલી અને અયોગ્ય ખાનપાનને કારણે નાની ઉંમરમાં જ ઓબેસિટી એટલે કે મેદસ્વિતાની ગંભીર સમસ્યા વ્યાપક બની રહી છે. યોગના આસનો દ્વારા વધારાની ચરબી ઘટાડીને શરીરને સુડોળ,સશક્ત અને લચીલું બનાવી શકાય છે. જો ગુજરાતનો પ્રત્યેક નાગરિક દૈનિક જીવનમાં યોગને અપનાવશે, તો જ આપણે મેદસ્વિતા મુક્ત અને રોગમુક્ત ગુજરાતનું સ્વપ્ન સાકાર કરી શકીશું. સ્વસ્થ નાગરિક જ સશક્ત સમાજ અને આર્થિક રીતે સમૃદ્ધ ગુજરાતનું સાચું પીઠબળ છે.

ઉલ્લેખનીય છે કે, આધુનિક જીવનશૈલીની નકારાત્મક અસરો અને રોગોથી દૂર રહીને તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવા માટે યોગ અને પ્રાકૃતિક આહાર ઉત્તમ માધ્યમ છે. યોગના માધ્યમથી "સ્વસ્થ ગુજરાત, સ્વસ્થ ભારત" ના મંત્રને સાર્થક કરીએ. નાગરિકોના નિરોગી સ્વાસ્થ્ય દ્વારા જ આપણે વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત@૨૦૪૭ અને વિકસિત ગુજરાત' ના સ્વપ્નને સાકાર કરી શકીશું.આ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રી વૈશાલીબેન માંગરોળીયા સહિતના પદાધિકારીશ્રીઓ, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી સહિતના અધિકારીશ્રીઓ, બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના ભાયાવદર મુકામે નવનિર્મિત પ્રાથમિક શાળાનું લોકાર્પણ

## અંદાજિત રૂ ૯૧.૧૦ લાખના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મિત પ્રાથમિક શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે અદ્યતન સુવિધાઓ

અમરેલી: અમરેલીના ભાયાવદર મુકામે નવનિર્મિત અદ્યતન પ્રાથમિક શાળાનું લોકાર્પણ કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સંપન્ન થયું હતું. ગ્રામ્ય વિસ્તારના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આ નવું સંકુલ શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.



અંદાજિત રૂ. ૯૧.૧૦ લાખની માતબર રકમના ખર્ચે તૈયાર થયેલા આ નવનિર્મિત શાળા ભવનમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને તમામ અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પીવાના પાણીની સુવિધા, સેનિટેશન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે.આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના છેવાડાના બાળકોને પણ શિક્ષણ માટે વધુમાં વધુ અને ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે સરકારની પ્રાથમિકતા છે. નવી સુવિધાઓથી સજ્જ આ શાળા થકી ગ્રામીણ બાળકોના સર્વાંગી વિકાસની નેમ સાકાર થઈ રહી છે.

વર્તમાન સમયમાં શિક્ષણ વ્યવસ્થામાં માત્ર ગુણવત્તાલક્ષી પરિવર્તન જ નથી આવ્યું, પરંતુ તેની સાથે આંતરમાળખાકીય સુવિધાઓ પણ અત્યંત મજબૂત અને સુદ્રઢ બની છે. આ નવું ભવન ગ્રામીણ સ્તરે શિક્ષણ સ્તરને વધુ ઊંચું લાવવામાં અને બાળકોને ભણતર માટે એક પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

શિક્ષણ સુવિધા અને આંતરમાળખાકીય વિકાસ અંગે વિગતે વાત કરીએ તો, રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના સશક્તિકરણ માટે સતત ભૌતિક સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. સ્માર્ટ ક્લાસરૂમ, આધુનિક લાઈબ્રેરી, પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા અને રમત-ગમતના મેદાન જેવા આંતરમાળખાકીય વિકાસના કાર્યોને લીધે સરકારી શાળાઓ ખાનગી શાળાઓ સમકક્ષ બની રહી છે. ભાયાવદર ખાતે નવનિર્મિત પ્રાથમિક શાળા આ જ પ્રગતિશીલ અભિગમનું જીવંત ઉદાહરણ છે, જે આવનારી પેઢી માટે આધુનિક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરશે.

આ પ્રસંગે તાલુકા પંચાયત હોદ્દેદારશ્રીઓ, અમરેલી શહેરના હોદ્દેદારશ્રીઓ, ભાયાવદર સરપંચશ્રી અને પંચાયત સભ્યશ્રીઓ, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો, શાળાના આચાર્ય સહિતનો સ્ટાફ ઉપરાંત બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના કેરિચાડ અને કુંકાવાવ તાલુકાના સારંગપુર મુકામે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

## સારંગપુર મુકામે રૂ. ૧૦ લાખના ખર્ચે બ્લોક રોડ બનતા નાગરિકોની સુવિધામાં વધારો

## કેરિયાચાડ મુકામે સુવિધાપથનું લોકાર્પણ કરતા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા

અમરેલી: અમરેલી જિલ્લાના વિકાસને વધુ વેગ આપતા રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા કેરિયાચાડ અને કુંકાવાવ તાલુકાના સારંગપુર મુકામે વિવિધ જનસુખાકારીના વિકાસકામોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું.






આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, પ્રત્યેક નાગરિકને પાયાની સુવિધાઓ મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભ છેવાડાના સામાન્ય લાભાર્થી સુધી પારદર્શક રીતે પહોંચાડવાની નેમ આજે સાચા અર્થમાં સાકાર થઈ રહી છે.

વિકાસ કાર્યોની શ્રૃંખલા અંતર્ગત કુંકાવાવ તાલુકાના સારંગપુર મુકામે ગ્રામજનોની વર્ષો જૂની માંગણી સંતોષતા રૂ. ૧૦ લાખના ખર્ચે નવનિર્મિત સી.સી. બ્લોક રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પાકા બ્લોક રોડના નિર્માણથી સ્થાનિક નાગરિકો અને રાહદારીઓની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે તેમજ ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીઓમાંથી કાયમી મુક્તિ મળશે. આ તકે ગામના અગ્રણીઓ અને ગ્રામજનોએ આ સુવિધા બદલ રાજ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રવાસ દરમિયાન રાજ્યમંત્રીશ્રીએ કેરિયાચડ મુકામે ગ્રામ્ય વિસ્તારને જોડતા આધુનિક સુવિધાપથનું પણ વિધિવત લોકાર્પણ કર્યું હતું. આ સુવિધાપથના કારણે સ્થાનિક પરિવહન વધુ સરળ અને ઝડપી બનશે, જે ગ્રામીણ અર્થતંત્ર અને વિકાસને નવી દિશા આપશે.

આ કાર્યક્રમોમાં તાલુકા પંચાયત હોદ્દેદારો, ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ, પંચાયત સભ્યશ્રીઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત આ કાર્યક્રમો દરમિયાન રાજ્યમંત્રીશ્રીએ સૌ વડીલો-યુવાનો સાથે જીવંત સંવાદ સાધીને ગ્રામ્ય સ્તરે વિકાસલક્ષી પ્રગતિની સમીક્ષા કરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# ચાઇના અમેરિકા વચ્ચે સમજુતી ભારતના લાભમાં

માનવ સમાજનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે જ્યારે મોટી સત્તાઓ વચ્ચે સંઘર્ષ વધે છે ત્યારે તેની પીડા નાના માણસને સૌથી પહેલા અનુભવાય છે અને જ્યારે તેમની વચ્ચે સમાધાન થાય છે ત્યારે તેની રાહત પણ સામાન્ય જીવન સુધી પહોંચે છે. હાલમાં દુનિયાના બે સૌથી શક્તિશાળી દેશો વચ્ચે જે સકારાત્મક વાતાવરણ સર્જાઈ રહ્યું છે તેને આ જ દૃષ્ટિએ જોવું જોઈએ. લાંબા સમયથી ચાલતા વેપારી વિવાદોને કારણે વિશ્વના બજારોમાં એક પ્રકારની અનિશ્ચિતતા છવાયેલી હતી. કારખાનાના માલિકને ખબર નહોતી કે આવતીકાલે કાચો માલ મળશે કે નહીં, દુકાનદારને ખબર નહોતી કે ભાવ વધશે કે ઘટશે અને ગ્રાહકને ખબર નહોતી કે જરૂરી વસ્તુ સમયસર મળશે કે નહીં. આવી અસ્થિર સ્થિતિમાં જો બે મોટા દેશો પરસ્પર સહયોગનો હાથ લંબાવે તો તે સમગ્ર વિશ્વ માટે આશાનું કિરણ બની રહે છે. આ સહયોગની પાછળનો મુખ્ય હેતુ વેપારની ગતિને ફરીથી પાટા પર લાવવાનો છે. આપણે રોજિંદા જીવનમાં જોઈએ છીએ કે કોઈ વસ્તુ બનવાથી લઈને આપણા ઘરે આવવા સુધી કેટલા તબક્કામાંથી પસાર થાય છે. ખેડૂતના ખેતરમાંથી નીકળેલો કપાસ પહેલા જીનિંગમાં જાય, પછી કાપડની મિલમાં જાય, ત્યાંથી તૈયાર કપડું બને, તેનું પેકિંગ થાય, ટ્રક અને વહાણ દ્વારા તે દૂરના શહેરોમાં પહોંચે અને છેવટે દુકાનમાંથી આપણે તેને ખરીદીએ. આ લાંબી યાત્રામાં જો ક્યાંય પણ અવરોધ આવે તો તેની સીધી અસર કિંમત પર પડે છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આવા અવરોધો અનેકવાર આવ્યા. કરવેરાની નીતિમાં ફેરફાર, બંદરો પર ભીડ, કેટલીક વસ્તુઓ પર પ્રતિબંધ, આ બધાએ મળીને વેપારની રફતાર ધીમી કરી નાખી હતી. હવે જો પરિસ્થિતિ સુધરે તો તેનો સીધો લાભ વિકાસશીલ દેશોને મળશે.

ભારત આ દૃષ્ટિએ ખૂબ મહત્વની ભૂમિકામાં છે. આપણો દેશ આજે વિશ્વ માટે એક મોટું બજાર પણ છે અને વિશ્વસનીય ઉત્પાદક પણ છે. આપણી ફાર્મા કંપનીઓ દુનિયાભરમાં દવા મોકલે છે, આપણા યુવાનો ટેકનોલોજી ક્ષેત્રે નામના મેળવી રહ્યા છે. પરંતુ આ બધા માટે આપણને સતત કાચા માલની જરૂર પડે છે. જો આ કાચો માલ વાજબી ભાવે અને નિયમિત રીતે મળતો રહે તો આપણો વિકાસ દર વધુ ઝડપી બનશે. ગામડામાં ચાલતી નાની ફેક્ટરીથી લઈને શહેરના મોટા ઉદ્યોગો સુધી બધાને આનો લાભ મળશે. બીજો વિષય જે આજકાલ ખૂબ ચર્ચામાં છે તે આધુનિક યંત્રો માટે જરૂરી ખાસ ધાતુઓનો છે. આપણે સવારે ઉઠીને જે ઘડિયાળ જોઈએ છીએ, જે મોબાઈલથી વાત કરીએ છીએ, જે વાહનમાં મુસાફરી કરીએ છીએ, તે બધામાં આ ધાતુઓનો ઉપયોગ થાય છે. તેને જમીનમાંથી બહાર કાઢવાનું કામ અનેક દેશોમાં થાય છે, પરંતુ તેને ચોખ્ખી કરીને વાપરવા યોગ્ય બનાવવાની વિશેષ આવડત હાલમાં એક જ દેશ પાસે વધુ પ્રમાણમાં છે. સ્વાભાવિક છે કે જેની પાસે આવડત હોય તેનું મહત્વ વધી જાય, પરંતુ જો તે મહત્વનો ઉપયોગ બીજાને દબાવવા માટે થાય તો તે લાંબા ગાળે સૌ માટે નુકસાનકારક છે. તેથી જ વિશ્વના અનેક દેશો હવે પરસ્પર સહકારથી આ સમસ્યાનો ઉકેલ શોધી રહ્યા છે. તેઓ નવા સ્ત્રોતો શોધી રહ્યા છે, નવી ટેકનિક શીખી રહ્યા છે અને પોતાના પગ પર ઊભા રહેવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ એકતા જ સાચી તાકાત છે. ટેકનોલોજીની દુનિયામાં બુદ્ધિશાળી પ્રણાલીઓનો વિકાસ પણ એટલો જ મહત્વનો મુદ્દો છે.

# રાષ્ટ્ર પ્રથમનાં હેતુને પડકારતી ભ્રષ્ટાચારની વ્યાપક સમસ્યનો ઉકેલ જરૂરી

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

નર્મદાબંધના વિરોધમાં યોજાયેલ આદિવાસી રેલીમાં ખડદડાની નવી વસાહતના ગ્રામસંયોજક નરસિંહ તડવી પણ હાજર રહેલ. નરસિંહ ગામનો ભણેલ યુવા આગેવાન, આથી તેને ભાષણ કરવા કહેલું. નરસિંહ સફારી સૂટ પહેરીને આવેલ. સભાનું કામકાજ શરૂ થઈ રહ્યું હતું તે દરમિયાન, નરસિંહ તેના ટેકેદારો સાથે આવી પહોંચ્યો. મારાથી સહેજ કહેવાઈ ગયું, "ઓહો, નરસિંહભાઈ આજે વટમાં છે ને!" બાજુમાં ઉભેલા ટેકેદારે કહ્યું, "સાહેબ, મનરેગા યોજના" નરસિંહે પ્રત્યુત્તર વાળતાં કહ્યું, "એમાં ખોટું શું છે? સાહેબ તમે જ ન્યાય કરો, વિકાસ યોજના સિવાય અમારે ગામડામાં બીજું કંઈ આવકનું સાધન છે? "મનરેગા યોજનાના ખર્ચ અને થયેલ કામોનું મૂલ્યાંકન કરતાં તે સમયના વડા પ્રધાનને બિહારના મુખ્ય પ્રધાનને જાહેરમાં કહેલું છે, " મનરેગા યોજના ચાય-પાની કે લિયે હી હૈ, તો કામકાજ કે હિસાબ સે ક્યા મતલબ?"

કોઈ પણ કાર્યમાં માન્ય વળતર અને અમાન્ય વળતર વચ્ચેની ભેદરેખા ઘણી પાતળી અને અસ્થિર રહી છે. ચાણક્યના સમયમાં માતા અને ગાયમાતાનું દૂધ વિદ્યા અને કલા વેચવી એ પાપ ગણાતું અને આજે તમામ ચીજો ધિકતો ધંધો આપી શકે છે. એક સમયે કલાકારની કલાનું મૂલ્ય પૈસામાં અંકાય તો અપમાન ગણાતું અને આજે સંગીત, નૃત્ય, નાટકનાં શોનું એડવાન્સ બુકિંગ શિરસ્તો બની ગયું છે.

સમયાંતરે ધાર્મિક અને સામાજિક જીવનનાં મૂલ્યોમાં ઘણાં પરિવર્તનો આપણે જાણીજોઈને આણ્યાં છે તેમ સહ્યા પણ છે. તો અહીં આર્થિક બાબતોમાં કેટલાક નવા ખ્યાલો, કેટલીક નવી રસમો બદલાઈ રહ્યાં છે, તો તે સામે વિરોધ શા માટે?

વિમાનમાં ટિકિટ લેનારને વિમાનની સફરમાં ઊભા રહેવું પડતું નથી પરંતુ બસ કે ટ્રેનની મુસાફરી માટે ટિકિટ ખરીદનારને સીટની ખાતરી મળતી નથી. આથી સામાન્ય માનવીને બસ કે ટ્રેનની મુસાફરી માટે પ્રવાસખર્ચ ઉપરાંત વધારાનો બેસવાનો ખર્ચ આપવો પડે છે. પાવતી આપીને સ્વીકારતાં આ નાણાં ખુલ્લો ભ્રષ્ટાચાર નથી બનતો? સરકારે છાપેલ ટપાલ ટીકીટ ચોટાડી લખાતા પત્રો સામી વ્યક્તિ સુધી પહોંચશે જ તેની ખાતરી તમને પોસ્ટ વિભાગ તરફથી ક્યારેય મળી નથી. આમ છતાં કોઈ નાગરિકને પોતાનો પત્ર નિશ્ચિત રીતે બીજા સ્થાને પહોંચાડવો હોય તો વધારાની ટિકિટ લગાડી અંદર પોસ્ટલ સર્ટિફિકેટ કરાવવું પડે છે. આ પદ્ધતિમાં ભ્રષ્ટાચાર નથી? હિંદુસ્તાનનાં લગભગ તમામ રાજયનાં વીજળી નિગમો પોતાના ગ્રાહકોને જરૂરિયાત મુજબ વીજપુરવઠો નિયત દર વસૂલ કરીને પણ પૂરો પાડવામાં સક્ષમ નથી. આથી કેટલાંક ઔદ્યોગિક ગૃહો પોતાની ખપની વીજળી જાતે ઉત્પાદિત કરી લે છે. નાગરિકો પોતાના ઘરની સ્તોને સોલાર પેનલથી ઢાંકે છે. આ પ્રવૃત્તિ ખરેખર તો રાજયના વીજનિગમોનું ભારણ ઓછું કરનાર આવકારદાયી કામગીરી બને છે. પરંતુ રાજય વીજ નિગમો તો પોતાના ખપપૂરતું ઉત્પાદન કરનાર પાસેથી પણ સરચાર્જ અથવા તો લેતી દેતી ને અલગ રાખી નફો મેળવે છે. આ પદ્ધતિને સત્યનિષ્ઠ કે અણિશુદ્ધ ગણીશું? વાહન ખરીદનાર વાહનોના ઉપયોગ માટે સેલટેક્સ ભરે છે, છતાં રાજ્ય આજીવન રોડ ટેક્સ લે છે! અને રસ્તા ઉપરનાં ટોલટેક્સ લે છે! આવી કાર્ય પ્રણાલીને તો ઉઘાડી લૂંટ જ કોન્ટ્રકટરો કહી શકાય.

ઉત્સવપ્રિય ગુજરાતના ગરીબ કલ્યાણ મેળા, કૃષિરથ, વાઈબ્રન્ટ, પતંગ મહોત્સવ, કન્યા કેળવણી ઉત્સવ આયોજનો માટે રાજ્ય સરકાર કોઈ ગ્રાન્ટ આપતી નથી પરંતુ સરકારી અધિકારીઓને પોતાની રીતે લડી લેવા જણાવાય છે. ત્યારે 'મોસાળમાં જમણ ને મા પીરસનાર'ની સ્થિતિ સર્જાય છે. અનુકૂળ ન્યાય પણ ખરીદી શકાય છે અને વિકાસ કાર્યોનાં ઝાડને તો ઊધઈ ખાઈ ચૂકી છે. આમ છતાં દેશનો કોમનમેન પ્રમાણિક રહે તેવી જમીની અપેક્ષા હાસ્યાસ્પદ નથી?

આજે ગુજરાતના રેવન્યૂ વિભાગમાં ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવામાં ફૂટે નિશ્ચિત ભાવો ચાલે છે. સામાન્યમાં સામાન્ય નાગરિક પણ જો વિભાગના ભાવો ભરપાઈ કરી આપે તો તેની ફાઈલ ૪૦થી ૪૮ દિવસમાં ક્લિયર કરી આપવામાં આવે છે અને આ પદ્ધતિથી બહાર રહી જો કોઈ વગદાર વ્યક્તિને પણ પોતાની જમીન એન.એ. કરાવવી હોય તો ઓછામાં ઓછો ૬ થી ૮ માસનો ગાળો સહન કરવો પડે છે. આ પ્રકારનો અનુભવ ઉદ્યોગધંધા શરૂ કરવા માગતા, પોતાના ઘરના બાંધકામને મંજૂર કરાવવા માગતા, પોતાના માલસામાનને એક સ્થળેથી બીજે સ્થળે ફેરવવા માગતા તમામ લોકોને થતો જ રહે છે.

આ સ્થિતિ છતાં સમાજમાં રોજબરોજનાં કામો સંબંધે દર્શન તો એવું ઉપસી રહ્યું છે કે લોકોને પૈસા ખર્ચવામાં વાંધો નથી પરંતુ વાંધો, પોતાનું કામ ન થાય તે સામે છે. બદલાતા સમયમાં જીવન વધુને વધુ સ્પર્ધાત્મક અને અનિશ્ચિત બની રહ્યું છે ત્યારે કોઈપણ લાભને આવતી કાલ ઉપર મુલતવી રાખવા માટે આમ વ્યક્તિ તૈયાર નથી અને આથી જ શહેર કે ગામડામાં રહેતા માણસ પૈસા વેરીને પણ પોતાનું કામ કઢાવવામાં જોખમ લેતો થયો છે અને જ્યાં કોઈ પદ્ધતિ આકાર લે છે ત્યાં લોકોની વિશ્વસનીયતા વધે છે. આઝાદીના અમૃત વર્ષ હવે કાર્ય પ્રજાના મનોવલણનો પ્રશ્ન બને છે ત્યારે લાભ લેનાર પાત્ર વ્યક્તિ હોય કે સમૂહ હોય પૈસા ખર્ચનાર માટે કંઈ ફરક પડતો નથી. આમ છતાં ટિકિટના છૂટા પૈસા પરત ન આપવાનો અભિગમ વ્યાજબી ગણાતો નથી. ત્યારે ઉકેલ ભ્રષ્ટાચાર સામે બરાડા પાડવામાં નથી પરંતુ પદ્ધતિઓના વિકાસને પ્રોત્સાહિત કરવામાં રહેલો જણાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારે રેલવે બુકિંગ, બેંકિંગ, શિક્ષણમાં નિમણૂકો જેવાં ક્ષેત્રોને ભ્રષ્ટાચારના આરોપમાંથી સરળતાથી લાવવા અનિવાર્ય બન્યા છે.

ભ્રષ્ટાચાર વિરોધીઓનો આક્ષેપ ભાવાત્મક અને સાપેક્ષ છે, પરંતુ પ્રજાએ અપનાવેલ ઉકેલ, સહેવી પડતી તકલીફોના ઈલાજરૂપે અને સવિશેષ પદ્ધતિના ભાગરૂપે હોઈ આજે ભ્રષ્ટાચાર સર્વસ્વીકૃત બનેલ છે. આથી દેશના વડા પ્રધાનને પણ કહેવું પડ્યું કે, "કરપ્શન ઈઝ અ કોમન ફિનોમિના ફોર ધ ડેવલપમેન્ટ." માત્ર ભ્રષ્ટાચારના વિરોધમાં ઉકેલ નથી મળવાનો પણ પીડા વેઠી ચૂકેલા બૌદ્ધિકોએ ભાવુકતામાં ખેંચાયા વિના રોગના કારણ તરફ જોઈ તેના નવા ઉકેલ માટે વિચારવું પડશે તેમ જણાય છે.

નૈતિક વ્યવહારના હિમાયતીઓને ખોફ વ્યક્તિગત લાભ સામે છે પરંતુ રાજ્ય કે કોઈ રાજકીય પક્ષો જાહેર રીતે પ્રજાનું શોષણ કરે છે તો તેને શી રીતે સ્વીકૃતિ આપી શકાય તે પણ સળગતો પ્રશ્ન છે જે આઝાદીનાં વિકાસ આડે બંધ બની ઉભો છે.

આર્થિક વ્યવહારના ભ્રષ્ટાચારનો વિરોધ કરનાર વ્યક્તિવિશેષનું દૃષ્ટિબિંદુ લોકોની નૈતિકતામાં આવેલ ગિરાવટ ઉપર કેન્દ્રિત થાય છે, પરંતુ સમાજનો અનુભવ કંઈક જુદી દિશામાં ચાલી રહ્યો છે. ત્યારે પ્રથમ રાષ્ટ્રનાં હેતુને પ્રાધાન્ય આપતા વ્યક્તિ, સમૂહ, સમાજ કે પછી રાજકીય પક્ષોની અ-નૈતિક આવકને પદ્ધતિનાં માધ્યમથી રોકીએ. તો જ સ્વાર્થી જીવન વિચાર તૂટશે.

# 'યોગ્ય સમયે યોગ્ય કામ'

**'હાય રે! સંજય, શું પાંડવોએ મારા સો એ સો પુત્રોને મારી નાખ્યા? દૈત્ય જેવો ભીમ મારા બધા પુત્રોને ખાઈ ગયો? સંજય, ઓ સંજય. તું સાચું કહે છે? યુધિષ્ઠિર તો ધર્માત્મા છે, ધર્મભીરૂ છે. ધર્મરક્ષક છે તેણે મારા પુત્રોને મારતાં તેના ભાઈઓને રોક્યા નહિ.'**

**વિશેષ**

કુરૂક્ષેત્રનું મહાયુધ્ધ સમાપ્ત થયું. સંજય કુરૂક્ષેત્રના સમરાંગણમાંથી હસ્તિનાપુર પહોંચ્યો. હસ્તિનાપુરના રસ્તાઓ સ્ત્રીઓની રોકકળના શોકથી ઘેરાયેલા, પુરૂષવિહીન, નિસ્તબ્ધ અને ભેંકાર દેખાતા હતા. સંજય રાજભવનમાં દાખલ થયો. ગાંધારી, દુઃશલા, કૌરવ-પત્નીઓ, દુર્યોધનની સ્ત્રીઓ હૈયાફાટ રૂદન કરતી હતી. વિદુર સૌને સાંત્વન આપતા હતા. અંધ રાજા ધૃતરાષ્ટ્ર લોહીલુહાણ લાગણીઓના ઢગલા જેવો ઉદાસ બેઠો હતો. સંજય ધૃતરાષ્ટ્રની સામે જઈ ઉભો રહ્યો,'મહારાજ, આ અભાગી સંજય આપને પ્રણામ કરે છે.' તેનો અવાજ સાંભળતાં જ ધૃતરાષ્ટ્રના શરીરે કંપારી આવી ગઈ. તેણે અત્યંત ઉત્કંઠ સ્વરે પૂછયું.' શી ખબર લાવ્યો છે, સંજય?' સંજયે કહ્યું, 'મહારાજ, હવે હું બીજી કઈ ખબર લાવવાનો હતો! આપણે હારી ગયાં છીએ. આપણી અઢાર અક્ષૌહિણી સેના ધૂળધાણી થઈ ગઈ છે. પાંડવો યુદ્ધ જીતી ગયા. એકલા ભીમે જ દુર્યોધન સહિત આપના બધા જ પુત્રોને મારી નાખ્યા છે.' આ વાત સાંભળતાં જ ત્યાં બેઠેલી સ્ત્રીઓના મુખમાંથી હૃદયવેધક ચિચિયારીઓ નીકળવા લાગી. ધૃતરાષ્ટ્ર ઢળી પડયો. તેને હાંફ ચડયો. તે ધુંવાંપુવાં થતો આવેશમાં આવી વિલાપ કરવા લાગ્યો.

'હાય રે ! સંજય, શું પાંડવોએ મારા સો એ સો પુત્રોને મારી નાખ્યા ? દૈત્ય જેવો ભીમ મારા બધા પુત્રોને ખાઈ ગયો ? સંજય, ઓ સંજય. તું સાચું કહે છે ? યુધિષ્ઠિર તો ધર્માત્મા છે, ધર્મભીરૂ છે. ધર્મરક્ષક છે તેણે મારા પુત્રોને મારતાં તેના ભાઈઓને રોક્યા નહિ.' તેના કૌરવભાઈઓની સહેજેય દયા ના આવી ? પાંડવોએ મને ડાળી વિનાના બાંડા વૃક્ષ જેવો, પાંખ વિનાના પંખી જેવો લાચાર બનાવી દીધો. તેમણે મારા પુત્રોને મારી વગર વાંકે મારૃં રાજ્ય પડાવી લીધું. વાતાવરણમાં ઘેરા શોકનો ભાર છવાઈ ગયો. થોડીવારે સંજયે કહ્યું,' મહારાજ, શાંત થાવ. આપ જાતે જ જ્ઞાન ધારણ કરી સ્વસ્થ થાવ. હવે જ્યારે પરિણામનો મહાન ભય માથા પર આવી ગયો છે ત્યારે આમ શોક કેમ કરો છો ? આ વ્યાજબી નથી, મહારાજ, એમાં કોઈ સંદેહ નથી કે કુરૂવંશના વિનાશનું મૂળ કારણ આપ જ છો. પુત્રોની દરેક વાતમાં હા-એ-હા કરી તમે ખુદ વેરનાં બીજ રોપ્યાં હતાં. જ્યારે એ વેર ભૂલવાની વાત બધાએ સમજાવી ત્યારે તમે કોઈની વાત ના માની. પુત્ર મોહમાં અધર્મ થવા દીધો.

(તતો ભીમઃ સ્મરન્ કલેશાનક્ષદ્યૂતે વનેપિચપ ધર્માત્મા જીવિતને વૃકોદર : દ્રોણપર્વ.૧૨ થી ૨૦) મહારાજ, દુર્યોધન નાનપણમાં પાંડવોને હેરાન કરતો હતો ત્યારે, વગર અપરાધે કુંતીદેવીને પાંડવો સહિત લાક્ષગૃહમાં બાળી મૂકવાનો પ્રયત્ન થયો ત્યારે, કુલવધૂ દ્રૌપદીનું ચોટલો પકડી ભરી સભામાં ખેંચી અપમાન થયું ત્યારે, વનગમન વખતે તમારા પુત્રો તેમની નિઃસહાય દશા પર ચેનચાળા કરતા હતા ત્યારે, પાંડવોની સમૃધ્ધ રાજધાની પડાવી લીધી ત્યારે, ત્યારે તમે ચૂપ રહ્યા. કશું ના બોલ્યા. તમે રાજા હતા. પાંડવોને મન પૂજ્ય પિતા સમાન હતા. જો તમે પાંડવોના ધર્મ અને દુર્યોધનના અધર્મને યોગ્ય સમયે હૈયાના ત્રાજવે તોલવાનું કામ કર્યું હોત તો આજે શોક કરવાનો વારો ના આવત.' (આહાવેવ મનુષ્યેણ વર્તિતવ્યં યથાક્ષમમ્ । યથા નાતીતમર્થ વૈ પશ્ચાતાપને પુજ્યતે..સ્ત્રીપર્વ.૩૫) મહારાજ, માણસે યોગ્ય સમયે યોગ્ય કામ-વર્તન કરવું જોઈએ. જેથી ભવિષ્યમાં વીતેલી કોઈ વાતનો પશ્ચાતાપ ના કરવો પડે.'

વ્યક્તિએ સુપેરે સમજી લેવું જોઈએ કે યોગ્ય સમયે કામ ના થાય તો તેના પરિણામો કેટલાં ઘાતક આવી શકે છે. જો ધર્મને રસ્તે લઈ જનારો ઈરાદો સ્પષ્ટ અને મજબૂત ના હોય તો ઈચ્છાશક્તિ અધર્મને માર્ગે લઈ જઈ ભવ બગાડે છે. સમય કોઈના માટે રોકાતો નથી. કોઈ પણ કિંમતે પાછો ફરતો નથી. તે ગયો એટલે ગયો. સમયની સાથે વીતેલી જીવનની કોઈપણ ક્ષણ ફરી જીવવા મળતી નથી. માટે મોહમાં પડયા વગર કટોકટીની ક્ષણે પણ ધર્મ અનુસાર સીધા રસ્તે ચાલનાર દુઃખી થતો નથી.

જોન હન્ટસમેન પ્રેસિડેન્ટ નિકસનના સમયે તેમની સાથે ઊંચા હોદ્દા પર હતા. તેમનું પદ સન્માનીય હતું. એક વખત અગત્યની બાબતે ખોટો નિર્ણય લેવાની જરૂર પડી. લાભ મળવાનો હતો. ફાયદો થવાનો હતો. છતાં નૈતિક મૂલ્યો સાથે સમાધાન ના કરવાના સિધ્ધાંતને લીધે તેમણે આત્માની વાત માની. કોઈની સલાહ લીધા વગર ચૂપચાપ રાજીનામું આપી દીધું. સમયસરના એ યોગ્ય નિર્ણયથી તે વોટરગેટ કૌભાંડમાંથી બચી ગયા. યોગ્ય સમયે યોગ્ય કામ કરવાથી માણસ અધર્મની જાળમાં ફસાતાં બચી શકે છે.

પ્રત્યેક માણસના જીવનમાં એક એવી પળ આવતી હોય છે. જ્યારે તે પળને ઓળખીને તરત કામ શરૂ કરે તો ખુદ પોતાના બળે સફળતાના શિખર પર પહોંચી શકે છે. અનેક શ્રેષ્ઠ ગાયિકાઓ વચ્ચે લતાજીએ પહેલું ગીત ગાયું ત્યારે તે સ્વરકોકિલા બની શક્યાં. અનેક ખેલાડીઓ વચ્ચે સચીને પહેલીવાર બેટ ઉપાડયું, ત્યારે તે માસ્ટરબેટ્સમેન બની શક્યો. અત્યાર સુધી થયેલી દરેક વૈજ્ઞાનિક શોધ યોગ્ય સમયે, સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં કરતાં તરત તેનો અમલ કરવાથી થયેલી છે. ડો.ચંદ્રશેખર વ્યંકટરમણ ઈંગ્લેન્ડ જઈ રહ્યા હતા. આથમતી સંધ્યાએ સ્ટીમરની ડેક પરથી ભૂમધ્ય સમુદ્રના લહેરાતાં પાણીમાં પ્રકાશથી ઝગમગતા રંગોનો ઝબૂકતો પ્રકાશ જોયો. તે જોતાં જ વૈજ્ઞાનિક ડો.રમણના એ નિરીક્ષણથી દુનિયાને રમન લાઈટ ઈફેક્ટ્સ મળી. આ શોધ માટે તેમને નોબેલ પ્રાઈઝ મળ્યું.

કામ થવું જ જરૂરી નથી. જરૂરી કામ સમયસર થવું જરૂરી છે. તૈયાર થવામાં એટલીવાર ના થવી જોઈએ કે કન્યાવિદાય થઈ હોય અને આપણે મંડળમાં પ્રવેશતાં હોઈએ. સંત, જ્ઞાની કે વડીલ પાસેથી મનની છાબડીમાં સંસ્કારના સુગંધિત ફૂલો ભેગાં કરવામાં આળસ ના કરવી. અને આપણાથી નાનાને ફક્ત સલાહથી નહિ સંસ્કારી વર્તનથી સફળ જીવન જીવવાની રીતનો પરિચય કરાવવો.

# શ્રદ્ધાનું પ્રતીક શ્રાદ્ધ :ભારતીય સંસ્કૃતિમાં પિતૃપૂજાનું મહત્વ

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મમાં શ્રાદ્ધ એક એવી પવિત્ર ધાર્મિક વિધિ છે જે મૃત પૂર્વજો પ્રત્યેની શ્રદ્ધા, આદર અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરે છે અને પિતૃઓના આત્માને શાંતિ અને સદગતિ પ્રદાન કરે છે. શ્રાદ્ધ શબ્દ સંસ્કૃતના શ્રદ્ધા શબ્દ પરથી બન્યો છે અને પ્રાચીન ધર્મગ્રંથોમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે શ્રદ્ધાથી જે કાર્ય કરવામાં આવે તે શ્રાદ્ધ છે, એટલે કે જે વિધિ પૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠા અને પવિત્ર ભાવના સાથે કરવામાં આવે તે જ ખરેખર શ્રાદ્ધ ગણાય છે. આમ, શ્રાદ્ધનો મૂળભૂત હેતુ પિતૃઓ એટલે કે મૃત પૂર્વજો પ્રત્યેની શ્રદ્ધા અને પ્રેમની ભાવના સાથે તર્પણ, પિંડદાન, બ્રાહ્મણ ભોજન અને દાન-પુણ્ય જેવી વિવિધ ધાર્મિક વિધિઓ કરવાનો છે, જેથી પિતૃઓની આત્માને શાંતિ મળે અને તેઓ સદ્ગતિ પ્રાપ્ત કરે.

**બ્રહ્મ પુરાણમાં સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિ સાદા શાકભાજી દ્વારા પણ શ્રદ્ધા અને ભક્તિ સાથે શ્રાદ્ધ કરે છે, તો તેના કુળમાં કોઈ પણ વ્યક્તિ દુઃખી થતો નથી અને પિતૃઓ સદૈવ પ્રસન્ન રહે છે, કારણ કે શ્રદ્ધા અને ભક્તિથી કરવામાં આવેલું કાર્ય પિતૃઓને સૌથી વધુ તૃપ્ત કરે છે.**

સનાતન ધર્મના વિવિધ પુરાણો, ઉપનિષદો અને ધર્મશાસ્ત્રોમાં શ્રાદ્ધનું વિસ્તૃત વર્ણન અને તેનું અસાધારણ મહત્વ જણાવવામાં આવ્યું છે. બ્રહ્મ પુરાણમાં સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિ સાદા શાકભાજી દ્વારા પણ શ્રદ્ધા અને ભક્તિ સાથે શ્રાદ્ધ કરે છે, તો તેના કુળમાં કોઈ પણ વ્યક્તિ દુઃખી થતો નથી અને પિતૃઓ સદૈવ પ્રસન્ન રહે છે, કારણ કે શ્રદ્ધા અને ભક્તિથી કરવામાં આવેલું કાર્ય પિતૃઓને સૌથી વધુ તૃપ્ત કરે છે. આ પુરાણમાં એમ પણ વર્ણન છે કે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કરવામાં આવેલા શ્રાદ્ધમાં પિંડો પર ગિરી પડતી પાણીની નાની-નાની બુંદોથી પણ પશુ-પક્ષીઓની યોનિમાં રહેલા પિતૃઓનું પોષણ થાય છે અને તેઓ તૃપ્ત થાય છે, જે દર્શાવે છે કે શ્રાદ્ધની શક્તિ અસીમ છે. કુર્મ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે જે પ્રાણી કોઈ પણ વિધિ દ્વારા એકાગ્રચિત્ત થઈને શ્રાદ્ધ કરે છે, તે સમસ્ત પાપોથી મુક્ત થઈ જાય છે અને પુનઃ સંસાર ચક્રમાં આવતો નથી, એટલે કે તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે, કારણ કે શ્રાદ્ધ કરવાથી પાપોનો નાશ થાય છે અને આધ્યાત્મિક પ્રગતિ થાય છે. માર્કંડેય પુરાણ મુજબ, શ્રાદ્ધથી તૃપ્ત થઈને પિતૃગણ શ્રાદ્ધ કરનાર વ્યક્તિને દીર્ઘાયુ, સંતાન, ધન, વિદ્યા, સુખ, રાજ્ય, સ્વર્ગ અને મોક્ષ પ્રદાન કરે છે, જે દર્શાવે છે કે શ્રાદ્ધ કરવાથી અનેક ભૌતિક અને આધ્યાત્મિક લાભો મળે છે અને પિતૃઓના આશીર્વાદથી જીવન સમૃદ્ધ બને છે. મનુસ્મૃતિ, ભવિષ્ય પુરાણ અને અન્ય ધર્મગ્રંથોમાં શ્રાદ્ધને પિતૃયજ્ઞ તરીકે વર્ણવવામાં આવ્યું છે અને મહર્ષિ સુમંતુએ કહ્યું છે કે સંસારમાં શ્રાદ્ધથી વધુ કોઈ બીજો કલ્યાણકારી માર્ગ નથી, તેથી બુદ્ધિમાન મનુષ્યે પ્રયત્નપૂર્વક શ્રાદ્ધ કરવું જોઈએ, કારણ કે શ્રાદ્ધ કરવાથી વ્યક્તિનું કલ્યાણ થાય છે.

શ્રાદ્ધ વિધિ વિવિધ પવિત્ર સ્થળોએ કરવામાં આવે છે અને દરેક સ્થળનું પોતાનું વિશેષ મહત્વ અને માહાત્મ્ય છે. મોટાભાગના લોકો પોતાના ઘરે જ શ્રાદ્ધ વિધિ કરે છે, જ્યાં પિતૃઓને તર્પણ અને પિંડદાન આપવામાં આવે છે અને પરિવારના સભ્યો એકત્ર થઈને પિતૃઓનું સ્મરણ કરે છે, કારણ કે ઘર એ પરિવારનું કેન્દ્ર છે અને અહીં શ્રાદ્ધ કરવાથી પરિવારિક એકતા વધે છે. ગંગા નદીના કિનારે, ખાસ કરીને હરિદ્વાર, વારાણસી, પ્રયાગરાજ અને ગંગાસાગર જેવા સ્થળોએ શ્રાદ્ધ કરવાનું વિશેષ મહત્વ માનવામાં આવે છે, કારણ કે ગંગાને પવિત્રતમ નદી માનવામાં આવે છે અને અહીં શ્રાદ્ધ કરવાથી પિતૃઓને સીધી સદ્ગતિ મળે છે એવી માન્યતા છે. પ્રયાગરાજ એટલે કે અલાહાબાદમાં ગંગા, યમુના અને સરસ્વતીના સંગમસ્થાને શ્રાદ્ધ કરવાથી પિતૃઓને સદ્ગતિ મળે છે એવી પ્રબળ માન્યતા પ્રચલિત છે અને લાખો શ્રદ્ધાળુઓ અહીં શ્રાદ્ધ કરવા માટે આવે છે, કારણ કે ત્રિવેણી સંગમને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. ગયા બિહારમાં આવેલું એક અત્યંત પવિત્ર સ્થળ છે જ્યાં શ્રાદ્ધ કરવાનું અત્યંત પવિત્ર માનવામાં આવે છે, કારણ કે અહીં શ્રાદ્ધ કરવાથી પિતૃઓને સીધું મોક્ષ મળે છે એવી માન્યતા પ્રચલિત છે અને ધાર્મિક ગ્રંથોમાં પણ ગયાનું મહત્વ વર્ણવવામાં આવ્યું છે. નાસિક અને ત્ર્યંબકેશ્વર મહારાષ્ટ્રમાં ગોદાવરી નદીના કિનારે આવેલા પવિત્ર સ્થળો છે જ્યાં પણ શ્રાદ્ધ કરવાની પ્રાચીન પરંપરા છે અને અહીં શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થાય છે એવી માન્યતા છે. કેટલાક લોકો પિતૃઓના જન્મસ્થાન અથવા જ્યાં તેઓ રહેતા હતા તે સ્થળે શ્રાદ્ધ કરે છે, કારણ કે તે સ્થળ સાથે પિતૃઓની યાદો અને ભાવનાઓ જોડાયેલી હોય છે અને અહીં શ્રાદ્ધ કરવાથી પિતૃઓને વિશેષ શાંતિ મળે છે.

શ્રાદ્ધ કરવાથી અનેક આધ્યાત્મિક, માનસિક, ભાવનાત્મક અને ભૌતિક લાભો મળે છે જે જીવનને સુખી, શાંત અને સમૃદ્ધ બનાવે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ શ્રાદ્ધ કરવાથી મૃત પૂર્વજોને સદ્ગતિ મળે છે અને તેઓ શાંતિ પ્રાપ્ત કરે છે, કારણ કે શ્રાદ્ધ દ્વારા આપવામાં આવતું તર્પણ અને પિંડદાન પિતૃઓની આત્માને શાંતિ અને તૃપ્તિ આપે છે અને તેઓ પુણ્યલોકમાં સ્થાન પામે છે. શ્રાદ્ધ કરવાથી વ્યક્તિના પાપો નષ્ટ થાય છે અને તે પાપમુક્ત બને છે, કારણ કે પિતૃઓની આરાધના કરવાથી પાપોનો નાશ થાય છે એવી ધાર્મિક માન્યતા છે અને વ્યક્તિ પુણ્યશાળી બને છે. નિયમિત શ્રાદ્ધ કરવાથી વ્યક્તિ મોક્ષ માર્ગે અગ્રેસર થાય છે અને અંતે મોક્ષ પ્રાપ્ત કરે છે, કારણ કે પિતૃયજ્ઞ કરવાથી આધ્યાત્મિક પ્રગતિ થાય છે અને વ્યક્તિ આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરે છે. શ્રાદ્ધથી તૃપ્ત પિતૃઓ વંશજો પર કૃપાદૃષ્ટિ રાખે છે અને તેમને આશીર્વાદ આપે છે, જેથી વંશજોનું જીવન સુખી અને સમૃદ્ધ બને છે અને પિતૃઓનો આશીર્વાદ સદૈવ વંશજો પર રહે છે.



માનસિક અને ભાવનાત્મક દૃષ્ટિએ શ્રાદ્ધ કરવાથી મનને ગહન શાંતિ મળે છે અને આંતરિક તૃપ્તિ અનુભવાય છે, કારણ કે પિતૃઓ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી મન હળવું અને શાંત થાય છે અને વ્યક્તિને આંતરિક શાંતિ મળે છે. શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના વિકસે છે અને વ્યક્તિ પોતાના મૂળ અને વંશ પ્રત્યે આભારી બને છે અને પિતૃઓના ઋણમાંથી મુક્ત થાય છે. શ્રાદ્ધ પ્રસંગે પરિવારના સભ્યો એકત્ર થાય છે, જેથી પરિવારિક એકતા અને પ્રેમ વધે છે અને પરિવારના સભ્યો વચ્ચેનો સંબંધ મજબૂત બને છે અને પરિવારમાં પ્રેમ અને સમજણ વધે છે. ભૌતિક દૃષ્ટિએ શ્રાદ્ધ કરવાથી વ્યક્તિને દીર્ઘ આયુષ્ય મળે છે, કારણ કે પિતૃઓના આશીર્વાદથી આયુષ્ય વધે છે એવી માન્યતા છે અને વ્યક્તિ સ્વસ્થ અને દીર્ઘજીવી બને છે. શ્રાદ્ધ કરવાથી સંતાન સુખ અને વંશવૃદ્ધિ થાય છે અને પરિવારમાં ખુશીઓ આવે છે અને વંશ આગળ વધે છે. પિતૃઓની કૃપાથી ધનલાભ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે અને વ્યક્તિનું જીવન સમૃદ્ધ બને છે અને ધન-સમૃદ્ધિમાં વધારો થાય છે. શ્રાદ્ધ કરવાથી વિદ્યા અને જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે અને વ્યક્તિ વિદ્વાન બને છે અને જ્ઞાનવાન બને છે. શ્રાદ્ધ કરવાથી સામાજિક પ્રતિષ્ઠા અને માન-સન્માન મળે છે અને સમાજમાં વ્યક્તિનું મૂલ્ય વધે છે અને વ્યક્તિ સન્માનિત બને છે. શ્રાદ્ધ કરનાર વ્યક્તિને મૃત્યુ પછી સ્વર્ગ પ્રાપ્ત થાય છે અને તે પુણ્યલોકમાં સ્થાન પામે છે અને પરલોકમાં સુખ મેળવે છે.



# વિરાટ કોહલીનો મહારેકોર્ડ, વનડેમાં ૧૫ હજાર રન પૂરા કરી રચ્યો ઈતિહાસ

## સચિન તેંડુલકર બાદ આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો બીજો બેટર બન્યો, વેસ્ટ ઈન્ડિઝ સામેની મેચમાં નોંધાવી ઐતિહાસિક સિદ્ધિ

મુંબઈ,

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટર વિરાટ કોહલીએ વનડે ક્રિકેટમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ પોતાના નામે કરી છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ વનડે મેચ દરમિયાન કોહલીએ પોતાના વનડે કરિયરના ૧૫,૦૦૦ રન પૂરા કર્યા છે. આ સાથે તે વનડે ક્રિકેટમાં આ વિશાળ આંકડો પાર કરનાર વિશ્વનો માત્ર બીજો બેટર બન્યો છે.

વિરાટ કોહલીએ ૩૧૪થી વધુ વનડે મેચોમાં આ સિદ્ધિ મેળવી છે. તેની પહેલાં ભારતના દિગ્ગજ બેટર સચિન તેંડુલકર જ વનડે ક્રિકેટમાં ૧૫,૦૦૦થી વધુ રનનો આંકડો પાર કરી શક્યા હતા. કોહલીની આ સિદ્ધિ તેની લાંબી અને શાનદાર વનડે કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન બની છે.

વનડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોની યાદીમાં સચિન તેંડુલકર ૪૬૩ મેચમાં ૧૮,૪૨૬ રન સાથે પ્રથમ સ્થાને છે. વિરાટ કોહલી ૧૫,૦૦૦થી વધુ રન સાથે બીજા ક્રમે છે. શ્રીલંકાના કુમાર સંગાકારા ૧૪,૨૩૪ રન સાથે ત્રીજા, ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગ ૧૩,૭૦૪ રન સાથે ચોથા અને શ્રીલંકાના સનથ જયસૂર્યા ૧૩,૪૩૦ રન સાથે પાંચમા સ્થાને છે.કોહલીની આ સિદ્ધિથી ભારતીય ક્રિકેટ ચાહકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. વનડે ક્રિકેટમાં સતત શાનદાર પ્રદર્શન અને લાંબા સમયથી જાળવેલી બેટિંગ ક્ષમતાના કારણે કોહલીએ ફરી એક વખત પોતાના નામે મોટો રેકોર્ડ નોંધાવ્યો છે.

# 'સારા નિર્ણયો ભૂલાઈ જશે, એક ભૂલ હંમેશા યાદ રહેશે', ગાવસ્કરની ચેતવણી

## ચીફ સિલેક્ટરનું પદ 'કાંટાળો તાજ' સમાન હોવાનું કહ્યું, નવા પસંદગીકાર સામે વર્લ્ડ કપ માટે ટીમ તૈયાર કરવાનો પડકાર

મુંબઈ,

ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર તરીકે અજીત અગરકરના કાર્યકાળ બાદ હવે નવા ચીફ સિલેક્ટરની પસંદગી થવાની છે. આ દરમિયાન ભારતના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ બેટર સુનીલ ગાવસ્કરે આ મહત્વપૂર્ણ જવાબદારી સંભાળનાર આગામી વ્યક્તિને પદના પડકારો અંગે ચેતવણી આપી છે.





ગાવસ્કરના જણાવ્યા મુજબ ચીફ સિલેક્ટરનું પદ જેટલું પ્રતિષ્ઠિત છે, તેટલું જ પડકારજનક પણ છે. ખેલાડીઓની પસંદગી, ટીમમાંથી બહાર રાખવા અને વિવિધ પરિસ્થિતિઓમાં ટીમનું સંતુલન જાળવવા જેવા નિર્ણયો પસંદગીકારો માટે સતત કસોટી સમાન રહે છે.ગાવસ્કરે જણાવ્યું કે પસંદગીકારો દ્વારા લેવામાં આવેલા અનેક સારા નિર્ણયોને લોકો સમય જતાં ભૂલી જાય છે, પરંતુ એક ભૂલ કે વિવાદાસ્પદ નિર્ણય લાંબા સમય સુધી ચર્ચામાં રહે છે. તેમણે આ સ્થિતિની સરખામણી અમ્પાયરિંગ, વિકેટકીપિંગ અને કોમેન્ટ્રી જેવી ભૂમિકાઓ સાથે કરી હતી.

તેમણે એ પણ નોંધ્યું કે પસંદગી સમિતિમાં કોઈ નિર્ણય માત્ર ચીફ સિલેક્ટરનો વ્યક્તિગત નિર્ણય હોતો નથી. અન્ય પસંદગીકારો પણ નિર્ણય પ્રક્રિયામાં સામેલ હોય છે, પરંતુ જાહેર ટીકા અથવા સવાલોનો સામનો ઘણીવાર ચીફ સિલેક્ટરે જ કરવો પડે છે.અજીત અગરકરે ૨૦૨૩માં ચીફ સિલેક્ટર તરીકે જવાબદારી સંભાળી હતી. તેમના કાર્યકાળ દરમિયાન ભારતીય ટીમે ૨૦૨૩ વનડે વર્લ્ડ કપની ફાઈનલ સુધી સફર કરી હતી. ત્યારબાદ ટીમે ૨૦૨૪નો ટી૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ની ચેમ્પિ...

# વિરાટ કોહલીની સદી સાથે ભારતનો વિન્ડીઝ સામે આઠ વિકેટે વિજય : શોભામાં પણ ઝળક્યો

તિરુવનંતપુરમ,

તિરુવનંતપુરમમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમાઈ રહેલી પ્રથમ વન ડેમાં ભારતે ૮ વિકેટે શાનદાર જીત મેળવી છે. આજની મેચના હિરો રહ્યા વિરાટ કોહલી અને શુભમન ગિલ. ગિલે ૧૦૮ બોલમાં ૧૧૦ રન કર્યા જ્યારે વિરાટ કોહલીએ ૮૮ બોલમાં ૧૩૯ રન કર્યા હતા. પ્રથમ દાવ લેતા વેસ્ટ ઈન્ડિઝે ૭ વિકેટે ૨૯૫ રન કર્યા હતા. જેના જવાબમાં ભારતે ૨ વિકેટે ૩૦૦ રન કરી કેરેબિયનો પર શાનદાર જીત મેળવી. રોહિત શર્માએ ૩૫ હોલમાં ૩૨ રન કર્યા હતા.





વિરાટ કોહલીએ વન-ડે ક્રિકેટમાં ૧૫,૦૦૦ રન પૂરા કર્યા. અને આ મુકામ પર પહોંચનારા દુનિયાના બીજા બેટ્સમેન બની ગયા છે. કોહલીએ ૩૦૩ ઈનિંગ્સમાં આ કમાલ કર્યો. સચિન તેંડુલકરને આ આંકડા સુધી પહોંચવામાં ૩૭૭ ઈનિંગ્સ રમવી પડી હતી. એટલે કે કોહલી તેમના આદર્શ સચિન તેંદુલકરથી ૭૪ ઈનિંગ્સ વધુ રમ્યા. વિરાટ કોહલીએ વન-ડેમાં ૫૫ સદી ફટકારી હતી. કોહલીએ ૩૧૫ વન-ડેની ૩૦૩ ઈનિંગ્સમાં આ કમાલ કર્યો.

વિરાટે તેની ઈનિંગ્સમાં ૧૦ ચોક્કા અને ૯ છક્કા ફટકાર્યા હતા. આ જીતની સાથે ભારત સીરીઝમાં ૧-૦થી આગળ નીકળી ગયું છે. વેસ્ટ ઈન્ડિઝ સામેના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ માટે વિરાટ કોહલી અને કેપ્ટન ગિલે સદીની ઈનિંગ રમી હતી. ગિલ ૧૧૦ રન બનાવીને આઉટ થયા હતા. ગિલે પોતાની ઈનિંગ દરમિયાન ૧૩ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો. જ્યારે વિરાટ કોહલીએ ૧૦ ચોગ્ગા અને ૯ છગ્ગાની મદદથી ૮૮ બોલમાં અણનમ ૧૩૯ રન ફટકાર્યા હતા.

વિરાટ કોહલીએ વેસ્ટ ઈન્ડિઝ સામે માત્ર ૭૪ બોલમાં જ પોતાની સદી પૂરી કરી હતી. આ કોહલીના વન-ડે કારકિર્દીની ત્રીજી સૌથી ઝડપી સદી છે. કોહલીના કારકિર્દીની સૌથી ઝડપી સદી ૫૨ બોલની છે, જે તેમણે ૨૦૧૩માં જયપુરમાં ઓસ્ટ્રેલિયા સામે ફટકારી હતી; ત્યારબાદ ૨૦૧૩માં જ નાગપુરમાં ઓસ્ટ્રેલિયા સામે ૬૧ બોલની સદી આવે છે.

# ભારતની અનાહત સિંહે ઈતિહાસ રચ્યો, એશિયન ગેમ્સમાં સિંગલ્સ સ્ક્વોશમાં સિલ્વર મેડલ જીત્યો

મુંબઈ,

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતની મેડલ સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૧૮ વર્ષીય સ્ક્વોશ સ્ટાર અનાહત સિંહે એશિયન ગેમ્સ ૨૦૨૬ની સ્ક્વોશ ફાઈનલમાં ભારત માટે સિલ્વર મેડલ જીત્યો છે. ફાઈનલમાં પહોંચ્યા બાદ, તેનો મુકાબલો મલેશિયાની શિવસંગરી સુબ્રમણ્યમ સામે થયો હતો અને અંતે તેને આ મુકાબલામાં હારનો સામનો કરવો પડ્યો હતો.

નોંધનીય છે કે, ઘણાને અનાહત સિંહ પાસેથી સારા પ્રદર્શનની અપેક્ષા હતી, પરંતુ તે આ મુકાબલામાં એક પણ ગેમ જીતી શકી નહીં અને સુબ્રમણ્યમ સામે સીધી ગેમ્સમાં હારી ગઈ.





ખાસ વાત એ છે કે અનાહત સિંહ ૪-૧૧, ૪-૧૧ અને ૭-૧૧ના સ્કોરથી હારી ગઈ હતી.

રસપ્રદ વાત એ છે કે શિવસંગરી સુબ્રમણ્યમે અનાહત સિંહને રમતમાં કોઈ તક આપી ન હતી. સમગ્ર મુકાબલા દરમિયાન, મલેશિયન ખેલાડીએ અનાહત સિંહને જીતની કોઈ આશા જાગવા દીધી ન હતી. ડ્રોપ શોટ્સ, રેલીઓ અને નિર્ણય લેવાની ક્ષમતામાં શ્રેષ્ઠતા દર્શાવતા, સુબ્રમણ્યમે શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યો.પુરુષોની સ્ક્વોશ ફાઈનલમાં અભય સિંહને પણ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો.પોતાની મહિલા સાથી ખેલાડીની જેમ જ, ભારતના અભય સિંહ પણ પુરુષોની સ્ક્વોશ ફાઈનલમાં ગોલ્ડ મેડલ જીતવામાં નિષ્ફળ રહ્યા. મલેશિયાના ઈન યો એનજી (Eain Yow NG) સામે રમતા, અભય ડિફેન્ડિંગ ચેમ્પિયન સામે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શક્યા નહીં. નોંધનીય છે કે ઈન યો એનજી આ ટુર્નામેન્ટમાં ટોપ સીડ ખેલાડી હતા અને તેમણે ફાઈનલમાં અભય સિંહ પર સંપૂર્ણ વર્ચસ્વ જમાવતા ૧૧-૯, ૧૧-૫, ૧૧-૫ના સ્કોરથી જીત મેળવી હતી. જોકે, સિલ્વર મેડલ જીતીને અભય સિંહ એશિયન ગેમ્સના ઈતિહાસમાં સ્ક્વોશમાં ભારત માટે સિલ્વર મેડલ જીતનાર બીજા ભારતીય બન્યા છે.

# 'ઘણા ક્રિકેટર્સ મને મેસેજ કરે છે', સારા ગુરપાલનો ખુલાસો

મુંબઈ,

રિયાલિટી શો 'રાઈઝ એન્ડ ફોલ ૨'ની શરૂઆત સાથે જ શોમાં રસપ્રદ કિસ્સાઓ સામે આવી રહ્યા છે. શોમાં સામેલ પંજાબી અભિનેત્રી અને સિંગર સારા ગુરપાલે પ્રીમિયર નાઈટ દરમિયાન ક્રિકેટર્સને લઈને કરેલા એક ખુલાસાથી ચર્ચા જગાવી છે.

પ્રીમિયર નાઈટ દરમિયાન હોસ્ટ અને પૂર્વ ભારતીય ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગે સારાને પૂછ્યું હતું કે શું ઘણા ક્રિકેટર્સ તેમને સોશિયલ મીડિયા પર મેસેજ કરે છે. તેના જવાબમાં સારાએ કહ્યું હતું કે ઘણા ક્રિકેટર્સ તેમને મેસેજ કરે છે.

આ પછી સેહવાગે મજાકમાં સારાનો મોબાઈલ ફોન ચેક કર્યો હતો. સારાએ કહ્યું હતું કે કેટલીક ચેટ એવી પણ છે જેને જોઈને સેહવાગ તેમને ઠપકો આપી શકે છે. ત્યારબાદ સેહવાગે ફોનમાં ચેટ જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.ચેટ જોતી વખતે સેહવાગે મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે, 'અરે વાહ... આ વ્યક્તિએ પણ મેસેજ કર્યો છે, મને લાગે છે કે એટલે જ રન નથી બની રહ્યા.' ત્યારબાદ તેમણે વધુ મજાક કરતાં કહ્યું હતું કે ચેટમાં 'લેફ્ટી', 'રાઈટી' અને 'કીપર' પણ જોવા મળી રહ્યા છે.સારાને કયા ક્રિકેટર્સે મેસેજ કર્યા હતા, તે અંગે કોઈ નામ જાહેર કરવામાં આવ્યું નથી. શોમાં સેહવાગ અને સારાની આ મજાકિયા વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને દર્શકોમાં ચર્ચાનો



વિષય બન્યો છે.

'રાઈઝ એન્ડ ફોલ ૨'માં સારા ગુરપાલ ઉપરાંત સ્વરા ભાસ્કર, ગૌતમ ગુલાટી, કરણ પટેલ, શહેઝાદ પૂનાવાલા, કાજલ રાઘવાણી અને તેજ પ્રતાપ યાદવ સહિત અનેક જાણીતી હસ્તીઓ સામેલ થઈ છે.

# 'ઘેરદાર ઘમ્મરિયા' સાથે ગુજરાતી મનોરંજન જગતમાં મેઘના સંઘાણીની દમદાર એન્ટ્રી

ગુજરાતી મનોરંજન જગતમાં પોતાની આગવી ઓળખ બનાવવા તરફ આગળ વધી રહેલી અભિનેત્રી અને ડાન્સર મેઘના સંઘાણી આ નવરાત્રિએ નવા ગુજરાતી ગરબા સોંગ 'ઘેરદાર ઘમ્મરિયા' સાથે દર્શકો સમક્ષ એક ભવ્ય અને આકર્ષક અંદાજમાં આવી રહી છે.

પિક્સેલ પોપ મીડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલું અને સારેગામાના પ્લેટફોર્મ પર રજૂ થયેલું 'ઘેરદાર ઘમ્મરિયા' મેઘનાની કલાત્મક સફરનું એક મહત્વપૂર્ણ પગલું છે. ગીતમાં તેનો અભિનય, ડાન્સ, અભિવ્યક્તિ અને સ્ક્રીન પ્રેઝન્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર બને છે.

પરંપરાગત ગરબાની ઊર્જાને આધુનિક સંગીત અને ભવ્ય વિઝ્યુઅલ્સ સાથે રજૂ કરતા આ ગીતમાં મેઘના એક અલગ જ અંદાજમાં જોવા મળે છે. તેના પરંપરાગત ગુજરાતી લુકથી લઈને ઊર્જાસભર ગરબા અને અભિવ્યક્તિ સુધી, ગીતને એવી રીતે રજૂ કરવામાં આવ્યું છે કે જેમાં ગુજરાતી સંસ્કૃતિની ઝલક સાથે આજની નવી પેઢીને આકર્ષે તેવી આધુનિકતા પણ જોવા મળે છે.

પોતાની આ નવી સફર અંગે મેઘના સંઘાણીએ જણાવ્યું હતું કે, "'ઘેરદાર ઘમ્મરિયા' મારા માટે માત્ર એક ગીત નથી, પરંતુ મારા જીવનની એક નવી શરૂઆત છે. ડાન્સ અને અભિનય હંમેશાંથી મારા દિલની ખૂબ નજીક રહ્યાં છે





અને હવે તેને મોટા સ્તરે દર્શકો સમક્ષ રજૂ કરવાની તક મળી છે. હું ઈચ્છું છું કે લોકો આ ગીત દ્વારા માત્ર 'ઘેરદાર ઘમ્મરિયા'ને જ નહીં, પરંતુ એક કલાકાર તરીકે મને પણ ઓળખે અને મારા કામ સાથે જોડાય."

મેઘનાએ વધુમાં જણાવ્યું હતું કે, "નવરાત્રિ અને ગરબા સાથે દરેક ગુજરાતીનું એક ખાસ ભાવનાત્મક જોડાણ હોય છે. એટલે મારી આ નવી સફરની શરૂઆત ગરબા સાથે થઈ રહી છે તે મારા માટે ખૂબ જ ખાસ છે. પ્રિન્સ ગુપ્તા સાથે કામ કરવાનો અનુભવ અદભૂત રહ્યો. જહાનવી શ્રીમાંકરનો અવાજ, કેદાર-ભાર્ગવનું સંગીત અને પાર્થ તારપરાના શબ્દોએ આ ગીતને જે ઊર્જા આપી છે, તેને સ્ક્રીન પર જીવંત કરવાની તક મળવી મારા માટે યાદગાર અનુભવ રહ્યો છે."

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રી | ળો | બિ | વિ | અ | ત | લ | ગુ | મા | ન | ળ | ચ |
| કા | કા | ર | કી | અં | કી | ગ | લા | ધ | ક | ધ | ક |
| મ | ધ | ળ | ળો | કા | ડ | પ્રા | મ | અ | આ | ન | ચા |
| સ | ભો | રા | ડ | ન | મ | બં | ળ | તી | ગ | ક્રો | ર |
| શિ | ચી | ગ | જ્ઞા | મ | રો | હા | આ | ત | જી | ધ | બ |
| ગ | બૂ | ન | ણ | ખ | રી | તા | પ | સ | ક | લ | મો |
| ક | ઝ | સા | ક | કા | બા | જ્ઞા | દ | ક | સ | જ | ગુ |
| ખ | અ | લ | ભો | જ | મા | ર | બ | ઈ | ક | કા | મ |
| અ | ક્રો | પ્રા | ન | ક્ષ | કી | ગી | રો | રા | દ | વા | ના |
| ચ | ળ | આ | સા | લી | આ | લ | પ્ર | બ | હા | બિ | મ |
| હા | મ | ક | ળ | બં | ળો | ર | ક્રો | હિ | સા | શ | કુ |
| વા | ન | ચી | આ | બા | ર | ચી | ક | દ | ણિ | ગી | સ |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# અભિનેત્રી પ્રીતિ ઝિન્ટા તુકારામ મુંધેને ટેકો આપવા માટે "ટીમ મુંધે" ટી-શર્ટ પહેરેલી જોવા મળી

મુંબઈ,

પ્રીતિ ઝિન્ટાએ તાજેતરમાં મહારાષ્ટ્રમાં ખાદ્ય સુરક્ષા અભિયાનની પ્રશંસા કરી હતી અને તુકારામ મુંધેના કાર્યને માન્યતા આપતા "ટીમ તુકારામ મુંધે" શબ્દોવાળી ટી-શર્ટ પહેરી હતી. હવે, હ્લઢછ કમિશનર તુકારામ મુંધેએ પોતે પ્રીતિ ઝિન્ટાના સમર્થનનો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે તેમણે પ્રીતિ સાથે વાત કરી નથી કે તેમને મળ્યા નથી, પરંતુ તેમણે તેમનો ઉલ્લેખ કર્યો તે બદલ આભારી છે.

પ્રીતિ ઝિન્ટાના તેમના કાર્યને સમર્થન આપતા મુંધેએ કહ્યું, "મેં તેમની સાથે રૂબરૂ વાત કરી નથી, કે મારી પાસે ફોન પર વાતચીત થઈ નથી. પરંતુ હું આભારી છું કે તેમણે 'ટીમ તુકારામ મુંધે'નો ઉલ્લેખ કર્યો. " મારું માનવું છે કે





સમાજના દરેક સ્તરે અને દરેક ક્ષેત્રમાં સારા લોકો છે. આવા સારા લોકો માટે એક ટીમ બનાવવી જોઈએ. સારા વિચારો, વિચારો અને મંતવ્યોનો પ્રચાર થવો જોઈએ.

જોકે તેઓ પ્રીતિના આ પગલાની જવાબદારી લઈ રહ્યા છે, તેમણે ઉમેર્યું, "ફક્ત 'ટીમ તુકારામ મુંધે' લખેલું ટી-શર્ટ પહેરવું પૂરતું નથી. ફક્ત નામ પૂરતું નથી. તમારે ખરેખર કામ કરવાની અને યોગ્ય માનસિકતા રાખવાની જરૂર છે."

આ મહિનાની શરૂઆતમાં, પ્રીતિએ વાદળી જીન્સ અને સફેદ સ્પોર્ટ્સ શૂઝ સાથે 'ટીમ મુંધે' ટી-શર્ટ પહેરી હતી. તેણીએ સ્ટાઈલિશ ઘડિયાળ પહેરી હતી અને વાળ ખુલ્લા રાખ્યા હતા.

# વિદેશીઓમાં હનુમાન અંશનો ક્રેઝ, અમેરિકન ગાયકનો વીડિયો વાયરલ; ગાય છે "મૈં તેરે હી ભરોસે હનુમાન..."

મુંબઈ,

"હનુમાન અંશ" ફિલ્મનું ભક્તિમય ભજન "મૈં તેરે હી ભરોસે હનુમાન" માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ગુંજી રહ્યું છે. અમેરિકન ભૂસ્તરશાસ્ત્રી, વૈદિક ધ્યાન શિક્ષક અને કીર્તન નેતા એલેક સોડરબર્ગે આ લોકપ્રિય સ્તોત્ર ગાયું છે. તેમણે જાતે એક એકતારા બનાવ્યા અને ગીતને તેની સૂર પર રજૂ કર્યું. ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા તેમના વિડીયોને પહેલાથી જ ૧.૫ મિલિયનથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે અને તે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

આ વિડીયો ઈન્સ્ટાગ્રામ પર દ્વારા શેર કરવામાં આવ્યો હતો. એલેકે કેપ્શનમાં લખ્યું હતું કે તે "હનુમાન અંશ" ફિલ્મ જોવા



માંગતો હતો, પરંતુ તે નજીકમાં ક્યાંય વાગી રહ્યું ન હતું. તેમ છતાં, તેને ગીત ખૂબ ગમ્યું. ગીતમાં એક એકતારા છે, જે તેની પાસે હતી, તેથી તેણે તે વગાડ્યું. તેણે અંતે "જય શ્રી રામ" પણ ઉમેર્યું. વિડિઓમાં, તે સંપૂર્ણ ભક્તિ સાથે ગાતો જોવા મળે છે. તેના અંગ્રેજી ઉચ્ચારણ હોવા છતાં, તેનું ગાયન મધુર અને ભાવનાત્મક છે. લોકો કહી રહ્યા છે કે ગીતમાં તેની આંતરિક ભક્તિ સ્પષ્ટપણે અનુભવાય છે.

સોશિયલ મીડિયા પર આ વિડીયોની વ્યાપક પ્રશંસા થઈ રહી છે. યુઝર્સ લખી રહ્યા છે કે ભક્તિ સામે ભાષા અને રાષ્ટ્રીય સીમાઓ અપ્રસ્તુત છે. ઘણા લોકોએ એલેકને ભારત આવવાનું આમંત્રણ આપ્યું.

# રાજકોટના તમામ વોર્ડમાં મુકાશે 'સ્વચ્છતા માર્શલ સ્કવોર્ડ', વિસ્તારમાં કરાશે 'પેટ્રોલિંગ'

## સ્વચ્છતા હી સેવા અંતર્ગત શહેરને સ્વછતા સર્વેક્ષણમાં અવ્વલ નંબરે લાવવા પ્રયાસ



રાજકોટ, રાજકોટ શહેરમાં ચાલતી સફાઈની કામગીરીને વધુ સુદ્રઢ કરવા માટે સ્વચ્છતા માર્શલ સ્કવોર્ડ નામથી તમામ વોર્ડમાં ટીમ મુકવામા આવશે. શહેરને સ્વછતા સર્વેક્ષણમાં અવ્વલ નંબરે લાવવા અને હાલમાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અંતર્ગત દરેક વોર્ડમાં 'સ્વચ્છતા માર્શલ'ની ખાસ જગ્યા ઉભી કરીને આઉટ સોર્સિંગ દ્વારા નિમણુંક આપશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા કેપેસિટી બિલ્ડિંગ (સી.બી.) અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. આ વધારાની પોસ્ટ ઉભી કરવા કમિશનર દ્વારા ટુંક સમયમાં દરખાસ્ત તૈયાર કરીને સ્ટેન્ડિંગ કમિટીને મોકલવામાં આવશે.

હાલમાં રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિત રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન ચાલી રહ્યું છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા શહેરને વધુ સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે હવે તમામ અઢાર વોર્ડ દીઠ અઢાર સ્વચ્છતા માર્શલની નિમણુંક કરવામાં આવશે. આ ખાસ જગ્યા આઉટ સાર્સિંગ મારફત અગિયાર મહિનાના કરાર આધારિત અને અંદાજે રૂ. ૧૬ હજારના ફિક્સ પગાર સાથે ઉભી કરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા આ સ્વચ્છતા માર્શલોએ કરવાની કામગીરીનો જોબચાર્ટ પણ તૈયાર કરી નાખવામાં આવ્યો છે આમાં જે તે વોર્ડ અને તેના વિસ્તારોમાં પેટ્રોલિંગ કરીને સ્વચ્છતાની સ્થિતિનું નિરીક્ષણ કરવા, દુકાનદારો દ્વારા જાહેર સ્થળોએ કચરો ફેંકવા, ગંદકી કરવા કે કચરાનું અયોગ્ય સંગ્રહ કરતા જણાય તો તેઓ પાસેથી નિયમ મુજબ વહિવટીચાર્જ વસુલ કરવા, જાહેર સ્થળોએ કોઈપણ વ્યક્તિ દ્વારા કચરો ફેંકવા ગંદકી કરતા જણાય તો દંડાત્મક પગલાં લેવા, શાળાઓ, હોસ્પિટલો, સંસ્થાઓ કચેરીઓ કે બજારમાં સ્વચ્છતા નિયમોનું ઉલ્લંઘન થાય તો દંડાત્મક કાર્યવાહી કરવા તેમજ દંડની કાર્યવાહી કરતાં પહેલા જે તે સ્થળના ફોટા અને જરૂરી વિગતો મેળવી ડિજીટલ રેકર્ડ જાળવવાનો રહેશે.

આવી જ રીતે, શહેરના મુખ્યમાર્ગો, બજારો, જાહેર સ્થળો ડમ્પિંગ પોઈન્ટ,નાળા વગેરેની સ્વચ્છતા, વારંવાર ગંદકી કરતાં દુકાનદારો, સંસ્થા કે સ્થળની ઓળખ કરીને ચીફ ઓફિસરને જાણ કરવા ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન સોર્સ સેગ્રિગેશન અને જાહેર સ્થળની સ્વચ્છતા અંગે નાગરિકોને સમજાવવા, ભીના સુકા, સેનેટરી અને અન્ય કચરાના યોગ્ય વર્ગીકરણ અંગે જાગૃતિ લાવવા, જે તે વિસ્તારમાં નિયમિત રીતે જોવા મળતી સ્વચ્છતા સંબંધિત સમસ્યાઓનો દૈનિક સાપ્તાહિક રીપોર્ટ તૈયાર કરીને ચિફ ઓફિસરને આપવા, સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ વેંચાણ પર નજર રાખવા અને પ્રતિબંધિત પ્લાસ્ટિક જણાય તો કાર્યવાહી કરવા, નાળા નદી કે તળાવ આસપાસ કચરો નાખવામાં આવે તો તેવા સ્થળોએ કચરો નાખવામાં ન આવે તેવી કામગીરી કરવા સહિત અલગ અલગ પંદર મુદ્દાઓનો જોબ ચાર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. સ્વચ્છતા માર્શલોની આ ખાસ પોસ્ટ માટે દરખાસ્ત કરીને સ્ટેન્ડિંગ કમિટીમાં રજુ કરવામાં આવશે.

સફાઈ કામગીરીમાં અમુક વિસ્તારોમાં લોલંલોલ ચાલતુ હોવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં કોલ સેન્ટરમાં નોંધાય છે. ખાસ કરીને ખુલ્લા પ્લોટમાં એઠવાડ, અન્ય કચરાના ઢગલા દિવસો સુધી પડ્યા રહેશે. આવા ન્યુસન્સ પોઈન્ટ સહિત સમગ્ર વોર્ડ-વિસ્તારમાં માત્ર દેખાડો કરવા પુરતી જ સફાઈ ન થાય તે માટે કામગીરીનુ તટસ્થ નિરિક્ષણ કરવા માટે બનનાર સ્વચ્છતા માર્શલ સ્કવોર્ડના રિપોર્ટના આધારે મ્યુનિ.કમિશનરનું સીધુ મોનીટરીંગ રહેશે.

# રાજકોટના ભક્તિનગર રેલ્વે સ્ટેશનમાં સ્વચ્છતા અભિયાન યોજાયું




રાજકોટ, રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ જ શ્રૃંખલામાં ભક્તિનગર રેલવે સ્ટેશન પર રિલાયન્સ ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા રેલવે કર્મચારીઓ અને સફાઈ કર્મચારીઓના સહયોગથી વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમિયાન સ્ટેશનના પ્લેટફોર્મ, સરક્યુલેટિંગ એરિયા, કોક્રોર્સ હોલ તેમજ રેલવે ટ્રેક અને આસપાસના વિસ્તારોમાં સઘન સફાઈ કરવામાં આવી હતી. વિશેષ કરીને પ્લાસ્ટિક કચરો એકત્ર કરીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો અને સ્ટેશન પરિસરને સ્વચ્છ તેમજ સુવ્યવસ્થિત બનાવવામાં આવ્યું હતું. આ અભિયાન દ્વારા રેલવે પરિસરને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા, કચરાના યોગ્ય નિકાલ અને પ્લાસ્ટિકના કચરામાં ઘટાડો કરવાની સાથે પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

# રાજકોટ શહેર ભાજપ આયોજીત ગણેશ મહોત્સવનું સમાપન કરાયું: મૂર્તિનું વિસર્જન કરાયું

રાજકોટ, રાજકોટ શહેર ભાજપ દ્વારા સિદ્ધી વિનાયક ધામ, રેસકોર્સ ખાતે ભવ્ય વિધિપૂર્વક ગણપતિ દાદાનું વિસર્જન કરાયું. અગીયાર દિવસ સુધી ચાલેલા ભક્તિભાવ, આરતી, ભજન-કીર્તન અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ગુંજતા રહેલા મહોત્સવનું સમાપન હવન બાદ ભવ્ય શોભાયાત્રા અને વિસર્જન સાથે થયો હતો.



રાજકોટ શહેર ભાજપ દ્વારા સિદ્ધી વિનાયક ધામ, રેસકોર્સ ખાતે ભવ્ય વિધિપૂર્વક ગણપતિ દાદાનું વિસર્જનમાં પૂજન વિધિમાં પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્ય વજુભાઈ વાળા, ગોવિંદભાઈ પટેલ, તેમજ નિતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ડો. દર્શિતાબેન શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શહેર ભાજપ પ્રમુખ અને ગણપતિ મંગલ મહોત્સવ ના ઈન્ચાર્જ ડો. માધવ દવેના નેતૃત્વમાં અનેક કાર્યકરો, ભક્તો અને શહેરવાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

આ તકે ધાર્મિક પરંપરા મુજબ વૈદોક્ત મંત્રોચ્ચારથી અંતિમ આરતી ઉતારી, દાદાને મંત્રોચ્ચાર સાથે વિદાય આપવામાં આવી. ભક્તોએ ભાવવિભોર થઈ પ્રાર્થના કરી કે આવતા વર્ષે ફરી પધારો દાદા.ઢોલ-નગારા, મૃદંગ અને ગણપતિ બાપ્પા મોરિયા ના જયઘોષ સાથે વિસર્જન યાત્રા નીકળી હતી. પુષ્પ વર્ષા, ભજન-કીર્તન અને ભક્તિભાવથી આખું સિધ્ધી વિનાયક ધામ ગુંજી ઉઠ્યું હતું. શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ ગણપતિ મંગલ મહોત્સવની સફળતા બદલ તમામ સમિતિના સભ્યો, કાર્યકરો તથા ભક્તિભાવથી જોડાયેલા શહેરીજનોનો જાહેર આભાર માન્યો હતો.

# રાજકોટ મનપાના ૧૫૦થી વધુ ફાયર જવાનોએ ૬,૮૫૬ ગણેશ મૂર્તિઓનું સુરક્ષિત વિસર્જન કર્યુ

## ૬ સ્થળોએ ક્રેઈનની મદદથી ૬,૦૨૧ નાની અને ૮૩૫ મોટી મૂર્તિઓનું વિસર્જન : કોઈ અનિચ્છનીય ઘટના નહીં

રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકાની ફાયર બ્રિગેડ શાખા દ્વારા પોલીસ કમિશનરના જાહેરનામા અનુસાર નક્કી કરાયેલા શહેરના વિવિધ સ્થિળોએ ગણેશજીની મૂર્તિઓના વિસર્જનની કામગીરી સુચારુ અને સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવી હતી.ગણેશ વિસર્જન માટે ફાયર બ્રિગેડના ૧૫૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓએ સવારે ૮ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી સતત ૧૩ કલાક ફરજ બજાવી હતી.



શહેરમાં આજી ડેમ ઓવરફ્લો, આજી ડેમ ખાણ નંબર-૧ અને ૨, મવડી-પાળ રોડ પર જખરાપીરની જગ્યા પાસે, કાલાવડ રોડ પર વાગુદળ તેમજ જામનગર રોડ પર ન્યારા ગામના પાટિયા પાસે આવેલી ખાણ ખાતે મૂર્તિઓના વિસર્જનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ દરમિયાન ગણેશજીની નાના કદની કુલ ૬,૦૨૧ મૂર્તિઓ તથા ૮૩૫ મોટી મૂર્તિઓનું ક્રેઈનની મદદથી સુરક્ષિત રીતે વિસર્જન કરવામાં આવ્યું હતું. આમ, રાજકોટ મહાનગર પાલિકાની ફાયર બ્રિગેડ શાખા દ્વારા કુલ ૬,૮૫૬ મૂર્તિઓનું સફળતાપૂર્વક વિસર્જન કરાયું હતું. સમગ્ર કામગીરી દરમિયાન કોઈ પણ સ્થળે કોઈ પ્રકારની અનિચ્છનીય ઘટના નોંધાઈ ન હતી. ગણેશ વિસર્જન બાદ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટન મેનેજમેન્ટ શાખા દ્વારા વિસર્જન સ્થળોએ એકત્ર થયેલી પૂજા સામગ્રીને સ્પેશિયલ 'પૂજાપા વાન' મારફતે એકત્ર કરી તેનો આદરપૂર્વક અને યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.

# સદર વિસ્તારમાં પીરોના પીર હુઝુર ગૌષપાક બાપુનું ઝુલુસ શાનો શૌકતથી નીકળ્યુ : ન્યાઝનું વિતરણ

રાજકોટ સદર વિસ્તારમાં ગૌષપાક બાપુ જુલુસની આગેવાની મુસ્લિમ અગ્રણી અને સદર કુરેસ જમાતના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયાએ સંભાળેલ હતી. આ જુલુસની વ્યવસ્થા હાજી કરીમભાઈ સેરુભાઈ બેલીમ, હસુભાઈ બેલીમ, ઈકબાલભાઈ જુનાગઢી, મહેબુબભાઈ મલેકએ સંભાળી હતી.

આ જુલુસ સદર વિસ્તારના રાજમાર્ગો ઉપર ફરેલ હતું. મોટાપીર સાહેબના છીલ્લા મુબારક બાપાલાલબા રેવરના નિવાસસ્થાને સદર ખાટકીવાસથી આ જુલુસ શરુ થયેલ હતું.

ભીલવાસ ચોક, હઝરત જમાલશાહ કમાલશાહબાપુની દરગાહ, ગવલીવાડ, મોટી ટાંકી ચોક, સદર નાલા, પરમાર કોર્નર, મોટા બાપુનું અસુરખાનુ, સદર પોલીસ ચોકી, સદર બજાર મેઈન રોડ, ફુલછાબ ચોક, જીલ્લા પંચાયત ચોક, ડો. યાજ્ઞિક રોડ, કધયા છાત્રાલયથી સદર ખાટકીવાસ મોટાપીર છીલ્લા મુબારક બાપાલાલબા રેવરના નિવાસસ્થાને જુલુસ પહોંચતા છિલ્લા મુબારકના મુઝાવર મહેબુબભાઈ મલેકના હસ્તે સંદલ મુબારક ચડેલ હતું. ત્યારબાદ મહેદી રોશન થયેલ હતી.

બહેનો માટે ૧૧-દિવસ મિલાદની વ્યવસ્થા નસીમબેન પઠાણે સંભાળેલ હતી જેમાં તબસુબેન પઠાણ, ચાંદબુબેન પઠાણ, સમીનાબેન પઠાણ, રેશ્માબેન મલેક, રુબીનાબેન કસાઈ, એમુબેન દલવાણીએ જહેમત ઉઠાવી હતી.



આ મિલાદ આપા તસલીમબેન કુરેશીએ પોતાની આગવી સહેલીમાં તકરીર કરેલ હતી. રાજકોટની પ્રખ્યાત આશીકાને ન્યાઝ હુસેન છબીલ કમીટીના કાર્યકરો દ્વારા શાનદાર ન્યાઝનું આયોજન કરેલ હતું જેમાં મોટી સંખ્યામાં ગોસપાકબાપુના ચાહકોએ ન્યાજ લીધેલ હતી. ગોસપાક બાપુના છીલ્લા મુબારક વર્ષોથી યસ્થા આનંદકુંરબા રેર જે સ્ટેટ હતા તેમની સાથે મીનાક્ષીબેન જાડેજા (રાજાબા) જે કોમી એકતા અને ભાઈચારાનું પ્રતિક છે.

આ જુલુસમાં હબીબભાઈ ગનીબાપુ ગનીબાપુ કટારીયા, હાજી કરીમભાઈ બેલીમ, હનીફભાઈ મલેક, જાહીદભાઈ મલેક, મહેબુબભાઈ મલેક, રાહીલભાઈ મલેક, ઈકબાલભાઈ ચૌહાણ, ઈકબાલભાઈ જુનાગઢી, ઈસ્માઈલભાઈ બેલીમ, બસીરખાન પઠાણ, યુનુસભાઈ કટારીયા, હસુભાઈ બેલીમ, એઝાઝભાઈ બાબી, કરીમભાઈ સાયર ગિરે જુલુસમાં સાથે રહેલ હતા તેમ ઈકબાલભાઈ ચૌહાણ, હાજી કરીમભાઈ બેલીમ, હબીબભાઈ ગનીબાપુ કટારીયા, મોટાપીર સાહેબના છીલા મુબારકના મુંઝાર મહેબુબભાઈ મલેક વગેરેએ જણાવેલ છે.

# રાજકોટમાં ગોકુલધામ સંસ્થાન દ્વારા દિવ્યાંગો માટે સહાયક સાધનોનો કેમ્પ યોજાયો



રાજકોટ, શ્રી મદનમોહન મહારાજ દ્વિ શતાબ્દીક મહોત્સવ ધોલેરા ધામનાં ઉપલક્ષમાં સરકારના સામાજિક ન્યાય અને અધીકારીતા વિભાગના માર્ગર્શન હેઠળ એલીમ્કો સંસ્થાના સહયોગે ગોકુલધામ નાર ખાતે દિવ્યાંગો માટે શારીરિક ચકાસણી માટેનાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું ગુજરાતની સામાજિક સેવા, સંસ્કાર અને શિક્ષણનાં ક્ષેત્રે નામશીર્ષ સંસ્થા શ્રી ગોકુલધામ નાર ખાતે અકસ્માતના કારણે અકસ્માતમાં પોતાનાં હાથ પગ ગુમાવ્યા હોય તેઓના માટે નિઃશુલ્ક કત્રિમ હાથ પગ માટેની સાધન સામગ્રી વિતરણ માટેની પૂર્વ ચકાસણી કરવામાં આવી. ગુજરાતના સૌથી વિશાળ ૩ ડી પ્રિન્ટેડ હાઈટેક પ્રોસ્થેટીક લિમ્સ્યા કેમ્પ અંતર્ગત મોટરાઈઝડ ટ્રાઈસિકલ, જોયસ્ટીકક વ્હીલચેર અને લિમ્સ્ટેનાં કેમ્પમાં રાજયના અન્ય? જિલ્લાઓની સરખામણીએ સૌથુ વધુ લાભાર્થીઓનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું.

ધોલેરા ધામનાં ૨૦૦ વર્ષની પૂર્ણતાનાં અવસરે સંસ્થા દ્વારા સમગ્ર ગુજરાતના દીવ્યાંગો માટે આ પ્રકારના એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છ. ગોકુલધામ સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા શુકદેવ પ્રસાદ દાસજીના મતે દિવ્યાંગ શબ્દઆથી સમાજનો દ્રષ્ટિકોણ બદલાયો છે અને તેમનામાં આત્મસન્માન પણ વધ્યું છે.

એસેસમેન્ટમાં પસંદ થયેલ લાભાર્થી દિવ્યાંગોને ધોલેરા દ્વિશતાબ્દી મહોત્સવ દરમ્યાન સંપૂર્ણપણે મફતમાં અત્યાધુનિક સાધન સામગ્રીનું વિતરણ અને તેના ઉપયોગનું -શિક્ષણ પણ આપવામાં આવનાર છે.

# રાજકોટની પતંજલિ પ્રાથમિક શાળામાં ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ

રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈસઈઝ બિલ્ડીંગઓ તથા સ્કુલ/કોલેજોમા લગાવવામાં આવતી ફાયર સેફ્ટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને તથા સ્કુલ મા અભ્યાસ કરતા વિધાર્થીઓ ને જાગૃત કરવા માટે તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ પતંજલિ પ્રાથમિક શાળામાં ૨૪૦ વિધાર્થીઓ અને ૧૨ શિક્ષકોને બેઝીક ફાયર ફાયટીંગ તથા ફાયર એકષ્ટીંગ્યુશર વિશે માહિતી આપીને ઓપરેટ કરવાની ટ્રેનિંગ આપેલી હતી



# રાજકોટમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે રાજુ ધ્રુવ દ્વારા પુષ્પાંજલી અર્પણ

રાજકોટ ભારતીય જનસંઘના પ્રખર વિચારક, રાષ્ટ્રનિષ્ઠ નેતા તથા 'એકાત્મ માનવવાદ' અને 'અંત્યોદય'ના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિ નિમિત્તે રાજકોટમાં વિવિધ કાર્યક્રમો સાથે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ અંતર્ગત રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેડિકલ કોલેજ કેમ્પસમાં સ્થિત પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમા ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર મંચના સંયોજક રાજુભાઈ ધ્રુવના માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં પુષ્પાંજલિ-ભાવાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.



ઉપસ્થિત સૌએ પંડિતજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના રાષ્ટ્ર અને સમાજજીવનમાં રહેલા અમૂલ્ય યોગદાનને ભાવપૂર્વક યાદ કર્યું હતું.

આ પ્રસંગે પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર મંચના સંયોજક રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી માત્ર એક રાજકીય વિચારક નહોતા, પરંતુ રાષ્ટ્રજીવનને નવી દિશા આપનાર દ્રષ્ટા હતા. તેમણે સમાજના અંતિમ માનવીના કલ્યાણને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું ચિંતન કર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પંડિતજીની જન્મજયંતિ માત્ર સ્મરણનો દિવસ ન બની રહે, પરંતુ તેમના વિચારોને જીવનમાં ઉતારવાનો અને સમાજના છેવાડાના વ્યક્તિ સુધી સેવા પહોંચાડવાનો સંકલ્પ કરવાનો દિવસ બનવો જોઈએ. સેવા, સંગઠન, રાષ્ટ્રનિષ્ઠા અને અંત્યોદયની ભાવનાને આત્મસાત કરીને સમાજના અંતિમ વ્યક્તિ સુધી વિકાસનો લાભ પહોંચાડવો એ જ પંડિતજીને સાચી શ્રદ્ધાંજલિ છે.

# રાજકોટમાં સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજને આજે અલૌકિક શણગાર દર્શન

રાજકોટ, રાજકોટના કાલાવડ રોડ ઉપર બિરાજમાન સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજ આજે પાવન પૂર્ણિમાના પર્વે વિશેષ શૃંગાર સાથે ભક્તોને દિવ્ય દર્શન આપી રહ્યા છે. ક્રિમ કલરની મનમોહક પિછવાઈની પૃષ્ઠભૂમિમાં દાદાનું સ્વરુપ અતિ આહલાદક શોભી રહ્યું છે. લાઈટ પરપલ રંગના સુંદર વાઘા દાદાના સ્વરુપને અનોખી છટા અર્પે છે. વિશિષ્ટ ઢબે ધારણ કરેલો ખેસ શૃંગારમાં આગવી ભવ્યતા ઉમેરે છે. ગળામાં ધારણ કરેલા મોતીના સુંદર આભૂષણો દાદાની શોભાને અનેકગણી વધારે છે. કાનમાં સુશોભિત કુંડળ અને



રત્નજડિત આભૂષણો દાદાના મુખારવિંદને વધુ મનોહર બનાવે છે. પૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે દાદાના મસ્તકે વિશેષ સુવર્ણ મુગટ ધારણ કરાવવામાં આવ્યો છે.

# રશિયાએ UNGAમાં UNSCમાં ભારતની કાયમી સભ્યપદની દાવેદારીને સમર્થન આપ્યું; કહ્યું - 'પશ્ચિમી દેશો માટે હવે વધુ બેઠકો નહીં'

રશિયા

રશિયાના વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પોતાના સંબોધન દરમિયાન યુએન સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને ટેકો આપ્યો હતો, જ્યારે પશ્ચિમી દેશો માટે કાયમી સભ્યપદના કોઈપણ વિસ્તરણનો સખત વિરોધ કર્યો હતો.

શનિવારે (સ્થાનિક સમય) સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ખાતે વિશ્વ નેતાઓને સંબોધતા, લાવરોવે કહ્યું કે યુએન સુરક્ષા પરિષદમાં સુધારાઓ કાઉન્સિલ અથવા તેના હાલના કાયમી સભ્યોના વિશેષાધિકારોને ક્ષીણ ન કરવા જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે સુધારાઓમાં પશ્ચિમી દેશો, ખાસ કરીને જર્મની અને જાપાન માટે વધારાની કાયમી બેઠકોનો સમાવેશ થવો જોઈએ નહીં, જ્યારે ગ્લોબલ સાઉથ માટે વધુ પ્રતિનિધિત્વની હિમાયત કરી હતી.

અમે કાયમી બેઠક માટે ભારતની ઉમેદવારીને સમર્થન આપીએ છીએ: લવરોવે જણાવ્યું હતું કે "યુએન સુરક્ષા પરિષદના સુધારામાં પશ્ચિમી દેશો, ખાસ કરીને જર્મની અને જાપાનને ફાળવવામાં આવતી કોઈપણ વધારાની બેઠકોનો સમાવેશ થઈ શકતો નથી, જેઓ હવે લશ્કરવાદ અને બદલો લેવાના માર્ગ પર છે."

વધુ સમાવિષ્ટ અને ભૌગોલિક રીતે સંતુલિત વૈશ્વિક સ્થાપત્યની હિમાયત કરતા, રશિયન વિદેશ પ્રધાને ગ્લોબલ સાઉથમાંથી પ્રતિનિધિત્વ વધારવા માટે મજબૂત સમર્થન આપ્યું. "અમે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના પ્રતિનિધિત્વને વિસ્તૃત કરવાના પક્ષમાં છીએ. અમે કાયમી બેઠક માટે બ્રાઝિલ અને ભારતની ઉમેદવારીઓને સમર્થન આપીએ છીએ," લાવરોવે કહ્યું, "અને તે જ સમયે, હું આ વાત પર ભાર મૂકવા માંગુ છું કે, આપણે ઈઝરાયલી સર્વસંમતિ અને જીઈછ્ ઘોષણા અનુસાર આફ્રિકન ખંડના હિતોને સંતોષવા જોઈએ."

પોર્ટુગલ અને મોરેશિયસે ભારતની દાવેદારીને સમર્થન આપ્યું

નવી દિલ્હીની દાવેદારીને સમર્થન આપનાર રશિયા એકમાત્ર દેશ નહોતો. પોર્ટુગલ અને મોરેશિયસે પણ યુએન સુરક્ષા પરિષદમાં કાયમી બેઠક માટે ભારતની ઉમેદવારીને સમર્થન વ્યક્ત કર્યું છે.

મોરેશિયસના વિદેશ પ્રધાન ધનંજય રામફુલે નવી દિલ્હીને ટેકો આપતાં કહ્યું, "અમે કાઉન્સિલ સુધારા પર ય૪ અને ન્૬૯ ના વલણને સમર્થન આપીએ છીએ, અને અમે વૈશ્વિક બાબતોમાં તેની રચનાત્મક ભૂમિકાને અનુરૂપ કાયમી બેઠક માટે ભારતની ઉમેદવારી માટે અમારા સમર્થનને પુનરાવર્તિત કરીએ છીએ."

પોર્ટુગલે માળખાકીય સુધારા માટે સમૂહગીતને પણ વેગ આપ્યો, જેમાં પોર્ટુગીઝ વડા પ્રધાન લુઈસ મોન્ટેનેગ્રો આફ્રિકા, બ્રાઝિલ અને ભારત માટે કાયમી પ્રતિનિધિત્વ ધરાવતી વધુ પ્રતિનિધિત્વ ધરાવતી પરિષદની હિમાયત કરી.

નવી દિલ્હીની મહત્વાકાંક્ષાઓને પરોક્ષ ટેકો ચાર દેશોના ય૪ જોડાણ દ્વારા મળ્યો. માર્શલ ટાપુઓના પ્રમુખ હિલ્ડા હેઈનએ આ સમર્થન વ્યક્ત કરતા કહ્યું કે, "માર્શલ ટાપુઓ જાપાન અને તેના ય૪ ભાગીદારોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ પ્રાપ્ત કરવા માટે લાંબા સમયથી ટેકો આપે છે.

# મોબાઈલ વપરાશકર્તાઓ માટે ૩૦-દિવસીય રિચાર્જ, નોન-ડેટા પ્લાન્સ: રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ સારા સમાચાર આપ્યા

નવી દિલ્હી,

રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ રવિવારે (૨૭ સપ્ટેમ્બર) નવા પ્રીપેડ મોબાઈલ રિચાર્જ વિકલ્પોની રજૂઆતનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે નવા નિયમો ગ્રાહકોને ૩૦-દિવસના રિચાર્જ પ્લાન, માત્ર વોઈસ અને SMS માટેના વિકલ્પો તેમજ ઓછા બજેટવાળા વપરાશકર્તાઓ માટે વધુ અનુકૂળ વિકલ્પો પૂરા પાડશે.

૩૦-દિવસના રિચાર્જ પ્લાન

ભારતમાં પ્રીપેડ મોબાઈલ વપરાશકર્તાઓ માટે 'સારા સમાચાર'ની જાહેરાત કરતા, રાજ્યસભાના સાંસદે 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સરકારે 'ટેલિકોમ કન્ઝ્યુમર પ્રોટેક્શન (તેરમો સુધારો) રેગ્યુલેશન્સ, ૨૦૨૬' રજૂ કર્યા છે. આ નિયમો હેઠળ ગ્રાહકોને ૩૦-દિવસના રિચાર્જ પ્લાન, માત્ર વોઈસ અને SMS માટેના વિકલ્પો તેમજ એવા વપરાશકર્તાઓ માટે વધુ યોગ્ય પ્લાન મળશે જેમને મુખ્યત્વે મૂળભૂત વોઈસ સેવાઓની જરૂર હોય છે.

ચઢ્ઢાએ કહ્યું કે તેમણે ૧૧ માર્ચે સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ધ્યાન દોર્યું હતું કે ૨૮-દિવસના રિચાર્જ પ્લાનને કારણે ગ્રાહકોએ વાસ્તવમાં વર્ષમાં ૧૨ ને બદલે ૧૩ વખત રિચાર્જ કરાવવું પડતું હતું.

'ઠ' પરના એક વીડિયો સંદેશમાં રાજ્યસભાના સાંસદે કહ્યું, "ભારતના પ્રીપેડ મોબાઈલ ફોન વપરાશકર્તાઓ માટે એક મહત્વપૂર્ણ અપડેટ. ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ, મેં સંસદમાં પ્રીપેડ મોબાઈલ ફોન વપરાશકર્તાઓ દ્વારા સામનો કરવામાં આવતી કેટલીક સમસ્યાઓ પર પ્રકાશ પાડ્યો હતો." "સાહેબ, એક વર્ષમાં ૧૨ મહિના હોય છે, પરંતુ ૨૮-દિવસના રિચાર્જને કારણે લોકો ૧૩ વખત રિચાર્જ કરવા માટે મજબૂર બને છે. મોબાઈલ ઓપરેટરોએ એવા લોકો માટે ઓછી કિંમતનો 'માત્ર-ઈનકમિંગ' (incoming-only) પ્લાન રજૂ કરવો જોઈએ જેઓ માત્ર ઈનકમિંગ કોલ્સ માટે ફોન રાખે છે," તેમ ચઢ્ઢાએ ૧૧ માર્ચે સંસદમાં કહ્યું હતું. તેમણે કહ્યું, "મને એ જણાવતા આનંદ થાય છે કે ભારત સરકારે તમારી તમામ માંગણીઓ સ્વીકારી લીધી છે અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) એ 'ટેલિકોમ કન્ઝ્યુમર પ્રોટેક્શન રેગ્યુલેશન ૨૦૨૬' બહાર પાડ્યું છે.

# પંજાબ પોલીસના ઈન્સ્પેક્ટરની ૩ કિલો હેરોઈન અને ૬ બંદૂકો સાથે ધરપકડ

ફિરોઝપુર,

શનિવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડ્રગ્સની હેરાફેરી રોકવા માટે પંજાબ પોલીસની 'કાઉન્ટર ઈન્ટેલિજન્સ' શાખામાં તૈનાત એક ઈન્સ્પેક્ટરની ફિરોઝપુરમાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસને તેમની કારમાંથી ૩.૩૫૦ કિલો હેરોઈન, છ પિસ્તોલ અને દારૂગોળો મળી આવ્યો હોવાનો આરોપ છે.

આરોપીની ઓળખ ઈન્સ્પેક્ટર બલદેવ સિંહ તરીકે થઈ છે. નશીલા પદાર્થો અને ગેરકાયદેસર હથિયારોની શંકાસ્પદ હેરફેર અંગેની બાતમી મળ્યા બાદ પોલીસે તેમને ફિરોઝપુર-મોગા રોડ પર અટકાવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ઘલ ખુર્દ પોલીસ સ્ટેશનના એસએચઓ (SHO) ને ૨૬ સપ્ટેમ્બરે માહિતી મળી હતી કે સિંહ - જેઓ કાઉન્ટર ઈન્ટેલિજન્સ શાખાના ફરીદકોટ યુનિટમાં તૈનાત હતા - તેમની ઓડી કારમાં ડ્રગ્સ અને ગેરકાયદેસર હથિયારો લઈ જઈ રહ્યા હતા. આ માહિતીના આધારે પોલીસે ચેકપોઈન્ટ ગોઠવી વાહનને અટકાવ્યું અને સિંહને ઝડપી લીધા. ૩ કિલો હેરોઈન, હથિયારો અને દારૂગોળો જપ્ત કારની તલાશી દરમિયાન પોલીસે ૩.૩૫૦ કિલો હેરોઈન, છ પિસ્તોલ, ચાર વધારાની મેગેઝિન અને ૧૭ જીવંત કારતૂસ જપ્ત કર્યા હતા. આ ઉપરાંત છ મોબાઈલ ફોન અને વાહન પણ જપ્ત કરવામાં આવ્યા હતા. જોકે, ફિરોઝપુરના એસએસપી (SSP) ના પ્રારંભિક નિવેદનમાં જપ્ત કરાયેલા દારૂગોળાની વિગતોમાં સાત જીવંત કારતૂસનો ઉલ્લેખ હતો, જ્યારે જિલ્લા પોલીસના વિગતવાર અહેવાલમાં આ સંખ્યા ૧૭ દર્શાવવામાં આવી હતી.

# વડાપ્રધાન મોદીએ આતંકવાદ સામે ભારતની 'ઝીરો-ટોલરન્સ' નીતિ, વસ્તી ગણતરી અને અન્ય મુદ્દાઓ પર વાત કરી

## પીએમ મોદીની 'મન કી બાત'નો ૧૩૮મો એપિસોડ થયો પ્રસારિત

નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવાર, ૨૭ સપ્ટેમ્બરના રોજ તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ની ૧૩૮મી કડીને સંબોધિત કરતી વખતે આતંકવાદ પ્રત્યે ભારતના અભિગમ વિશે વાત કરી અને દેશની 'ઝીરો-ટોલરન્સ' (આતંકવાદ સામે સહેજ પણ સહનશીલતા ન દાખવવાની) નીતિ પર ભાર મૂક્યો.

કાર્યક્રમ દરમિયાન, વડાપ્રધાને છેલ્લા દાયકામાં ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા આતંકવાદ-વિરોધી અભિયાનોનો ઉલ્લેખ કર્યો, જેમાં ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈક અને ૨૦૧૯ની બાલાકોટ એર સ્ટ્રાઈકથી લઈને 'ઓપરેશન સિંદૂર'નો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ કાર્યવાહી ભારતનો એ સંદેશ રજૂ કરે છે કે દેશને નિશાન બનાવવાનો કોઈપણ પ્રયાસ જડબાતોડ જવાબને આમંત્રણ આપશે. આતંકવાદ સામે 'ઝીરો-ટોલરન્સ' નીતિ



પીએમ મોદીએ કહ્યું કે ભારત આતંકવાદ પ્રત્યે 'ઝીરો-ટોલરન્સ' નીતિ અપનાવી રહ્યું છે. આતંકવાદી હુમલાઓ સામે દેશની પ્રતિક્રિયા અને આતંકવાદી ઠેકાણાઓ સામે હાથ ધરવામાં આવેલા અભિયાનોનો ઉલ્લેખ કરીને તેમણે આ અભિગમ પર ભાર મૂક્યો. વડાપ્રધાને કહ્યું કે જો આતંકવાદીઓ ભારતને નિશાન બનાવશે, તો તેમને યોગ્ય જવાબ આપવામાં આવશે. રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદ સામેની લડાઈ પર કેન્દ્રિત તેમના 'મન કી બાત' સંબોધનના એક મહત્વપૂર્ણ ભાગમાં આ સંદેશનો સમાવેશ થતો હતો.

સર્જિકલ સ્ટ્રાઈકથી લઈને 'ઓપરેશન સિંદૂર' સુધી છેલ્લા દાયકાનો ઉલ્લેખ કરતા, પીએમ મોદીએ ૨૦૧૬માં હાથ ધરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈક, ૨૦૧૯ની બાલાકોટ એર સ્ટ્રાઈક અને 'ઓપરેશન સિંદૂર' વિશે વાત કરી. ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈક ૨૮-૨૯ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી હતી. સરકારે આ અભિયાનને ઉરી આતંકવાદી હુમલા બાદ નિયંત્રણ રેખા (LoC)ની પેલે પાર આવેલા આતંકવાદી લોન્ચ પેડ્સને નિશાન બનાવવાની કાર્યવાહી તરીકે વર્ણવ્યું છે.

# ચૂંટણી પંચે દિલ્હી, મહારાષ્ટ્રમાં SIR સામે વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ લંબાવી

નવીદિલ્હી,

ચૂંટણી પંચે દિલ્હી અને મહારાષ્ટ્રમાં મતદાર યાદીઓના ખાસ સઘન સંશોધન (એસઆઈઆર) દરમિયાન દાવા અને વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ લંબાવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ સુધારા સંબંધિત અનેક નિર્ણયોને મંજૂરી આપી હતી. કમિશન અનુસાર, દિલ્હીમાં દાવા અને વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ ૩૦ ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. નોટિસ, દાવા અને વાંધા પર પ્રક્રિયા કરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

માહિતી અનુસાર, દિલ્હી એસઆઈઆરમાં દાવા અને વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. દિલ્હીમાં નોટિસ, દાવા અને વાંધા પર પ્રક્રિયા કરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. મહારાષ્ટ્રમાં દાવા અને વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં નોટિસ, દાવા અને વાંધા પર પ્રક્રિયા કરવાની અંતિમ તારીખ હવે ૧૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

# કોંગોના કેન્ગેમાં વિમાન દુર્ઘટનામાં ૧૭ લોકોનાં મોત

## પ્લેન ક્રેશની ઘટનામાં કોંગોના બે વરિષ્ઠ લશ્કરી અધિકારીઓની પણ મોત



કેન્ગે,

કોંગોના સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, દક્ષિણ-પશ્ચિમ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (ડ્ઢઇઝ્ર) ના ક્વાંગો પ્રાંતના કેન્ગે ખાતે કોંગોની સેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં બે વરિષ્ઠ લશ્કરી અધિકારીઓ સહિત ઓછામાં ઓછા ૧૭ લોકોનાં મોત નીપજ્યાં છે. આ વિમાન શુક્રવારે કિકવિટથી રાજધાની કિનશાસા જઈ રહ્યું હતું ત્યારે તેમાં તકનીકી ખામી સર્જાઈ હતી અને તેણે કેન્ગેમાં ઉતરાણ કરવાનો પ્રયાસ કર્યો હતો.

ક્વાંગોના ડેપ્યુટી ગવર્નર રેમી સાકી બોકિંડાના જણાવ્યા અનુસાર, ઉતરાણ માટે કોઈ રનવે ઉપલબ્ધ ન હોવાથી વિમાન રહેણાંક વિસ્તારમાં તૂટી પડ્યું હતું. જમીન સાથે અથડાયા બાદ વિમાનમાં આગ લાગી ગઈ હતી.

મૃત્યુઆંક વધીને ૧૭ થયો

શરૂઆતમાં આ દુર્ઘટનામાં ૧૩ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ હતા. જોકે, સત્તાવાળાઓએ કાટમાળ પાસે લાગેલી આગને કાબૂમાં લીધા બાદ અને મૃતદેહો બહાર કાઢ્યા બાદ આ સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ હતી. બોકિંડાએ પત્રકારોને જણાવ્યું હતું કે સત્તાવાળાઓએ ૧૬ પુખ્ત વયના લોકોના અને એક શિશુના મૃતદેહ મેળવ્યા હતા, જેનાથી મૃત્યુઆંક ૧૭ પર પહોંચ્યો છે. આ દુર્ઘટના કેન્ગેના રહેણાંક વિસ્તારમાં થઈ હતી, જેના કારણે આસપાસના વિસ્તાર પર તેની અસર અંગે ચિંતા ઊભી થઈ છે. અહેવાલ મુજબ, કિકવિટથી કિનશાસાની મુસાફરી દરમિયાન તકનીકી સમસ્યા સર્જાયા બાદ વિમાન ઉતરાણ કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

# દેશના ૨૨ રાજ્યોમાં ભારે વરસાદનું રેડ એલર્ટ, હવામાન વિભાગની ચેતવણી

નવી દિલ્હી,

દેશના અનેક રાજ્યોમાં હાલ મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે. વામાન વિભાગ (ૈંસ્ડ્ઢ) અનુસાર હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા પહાડી વિસ્તારોથી લઈને મેદાની રાજ્યો સુધી, કુલ ૨૨ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આગામી બે દિવસ માટે આ ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં ખાસ કરીને આઠ રાજ્યો — બિહાર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, છત્તીસગઢ અને ઓડિશા — માં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં અતિભારે વરસાદ ખાબકવાની સંભાવના છે, જે જનજીવનને વ્યાપકપણે પ્રભાવિત કરી શકે છે.

વરસાદ પાછળનું મુખ્ય કારણ બંગાળની ખાડીમાં સર્જાયેલું ડીપ ડિપ્રેશન છે. આ સિસ્ટમ સક્રિય થઈને ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધી રહી છે, જેના કારણે વાતાવરણમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે અને આગામી દિવસોમાં પણ વરસાદની તીવ્રતા જળવાઈ રહેશે તેવી ચેતવણી અપાઈ છે.

રાજયવાર સ્થિતિની વાત કરીએ તો, ઉત્તર પ્રદેશમાં વરસાદે ખાસ કરીને અસર પાડી છે. રાજ્યના ૩૬ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે, આવતીકાલ સુધી તમામ શાળા અને કોલેજોમાં રજાની જાહેરાત કરવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓ અને નાગરિકોને મુશ્કેલી ન પડે.

બિહારમાં પણ વરસાદી માહોલ ગંભીર બન્યો છે. રાજ્યમાંથી પસાર થતી કોસી નદી ગાંડીતૂર બની છે અને તેની જળસપાટી ભયજનક સપાટી વટાવી ગઈ છે.

# અદાણી ગ્રુપના ધામરા પોર્ટે રચ્યો ઈતિહાસ, સંપૂર્ણપણે પુનઃપ્રાપ્ય ઊર્જા પર ચાલશે

ઓડિશા

ઓડિશામાં અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) દ્વારા સંચાલિત ધામરા પોર્ટે તેનો સંપૂર્ણ વીજળી વપરાશ નવીનીકરણીય ઊર્જા પર ખસેડ્યો છે, જે ભારતનું પ્રથમ મોટા પાયે ખાનગી મલ્ટી-કાર્ગો પોર્ટ બન્યું છે જે સંપૂર્ણપણે નવીનીકરણીય વીજળી પર કાર્યરત છે, કંપનીના જણાવ્યા અનુસાર.

વાર્ષિક ૪૮ મિલિયન ટન (MT) થી વધુ કાર્ગોનું સંચાલન કરતું આ બંદર હવે નવીનીકરણીય સ્રોતોમાંથી માસિક વીજળીની માંગના ૯૦ લાખ યુનિટથી વધુને પૂર્ણ કરે છે. તેના વર્તમાન સંચાલન સ્તરે, તેનો નવીનીકરણીય વીજળી વપરાશ વાર્ષિક ધોરણે ૧૦૮ ગીગાવોટ-કલાક (GWh) કરતાં વધી જાય છે, APSEZ એ જણાવ્યું હતું.

ઓગસ્ટ ૨૦૨૬ થી અમલમાં આવેલ આ પરિવર્તન APSEZ ની લાંબા ગાળાની નેટ-ઝીરો વ્યૂહરચનાનો એક ભાગ છે અને ઊર્જા-સઘન બંદર કામગીરીના પર્યાવરણીય પ્રદર્શનમાં સુધારો કરતી વખતે ખરીદેલી વીજળી સાથે સંકળાયેલ ઉત્સર્જન ઘટાડવાની અપેક્ષા છે.

ઓડિશાના નિયમનકારી માળખા હેઠળ કેપ્ટિવ નવીનીકરણીય ઊર્જા, તૃતીય-પક્ષ ઍક્સેસ વ્યવસ્થા અને ગ્રીન-પાવર પ્રાપ્તિના સંયોજન દ્વારા આ સંક્રમણ પ્રાપ્ત થયું છે.

ધામરાની નવીનીકરણીય વીજળીનો લગભગ ૨૫-૩૦ ટકા હિસ્સો APSEZ ના ગુજરાતના ખાવડા ખાતેના કેપ્ટિવ હાઈબ્રિડ પાવર પ્લાન્ટમાંથી આવે છે, જ્યારે બાકીની ૧૦-૧૫ ટકા વીજળી થર્ડ-પાર્ટી એક્સેસ દ્વારા મેળવવામાં આવે છે. બાકીની જરૂરિયાત ઓડિશાની વિતરણ ઉપયોગિતા સાથે ગ્રીન કન્ઝ્યુમર વ્યવસ્થા દ્વારા પૂરી કરવામાં આવે છે.

નવીનીકરણીય વીજળી હવે બંદર પર ચોવીસ કલાક કામગીરીને શક્તિ આપે છે, જેમાં કાર્ગો હેન્ડલિંગ, સ્ટોરેજ, રેલ-લિંક્ડ પ્રવૃત્તિઓ અને અન્ય મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે. હલ્દિયા અને પારાદીપ વચ્ચે ઓડિશા કિનારે સ્થિત ધામરા, પૂર્વી ભારતના મુખ્ય ડીપ-ડ્રાફ્ટ બંદરોમાંનું એક છે. તેની સ્થાપિત ક્ષમતા ૬૦ MT છે અને માર્ચ ૨૦૨૬ માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં ૪૮.૮ MT કાર્ગોનું સંચાલન કરવામાં આવ્યું હતું. બંદરમાં છ ડ્રાય-કાર્ગો બર્થ, રેપિડ-લોડિંગ સિલો, વેગન ટિપલર્સ, ટ્રેક હોપર્સ, મિકેનાઈઝ્ડ સ્ટોરેજ યાર્ડ અને જેટી સાધનો છે, તેમજ ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં ખનિજ સમૃદ્ધ અંતરિયાળ વિસ્તારો સાથે રેલ અને રોડ કનેક્ટિવિટી છે.

# ઈરાન હોર્મુઝ જળમાર્ગ તાત્કાલિક ફરી ખોલવા માંગે છે: ડોનાલ્ડ ટ્રમ્પ

## આવક ન હોવાને કારણે તેઓ મરી રહ્યા છે : અમેરિકી રાષ્ટ્રપતિનો મોટો દાવો



વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન મામલે વધુ એક મોટો દાવો કર્યો હતો કે ઈરાન હોર્મુઝની સામુદ્રધુની 'તાત્કાલિક ફરીથી ખોલવા' ઈચ્છે છે કારણ કે આ જળમાર્ગ બંધ થયા બાદ તે આર્થિક દબાણનો સામનો કરી રહ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે વિશ્વ માટે સમસ્યાઓ ઊભી કરવાના પ્રયાસરૂપે આ વ્યૂહાત્મક સામુદ્રધુની બંધ કરીને ઈરાને 'પોતાનું જ નુકસાન કરી લીધું છે' (પોતાની જ ચાલમાં ફસાઈ ગયું છે).

અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે ફેબ્રુઆરીના અંતમાં અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યા બાદ ઈરાને આ સામુદ્રધુની અસરકારક રીતે બંધ કરી દીધી હતી. ઈરાની ધમકીઓ અને જળમાર્ગમાં જહાજો પરના હુમલાઓને કારણે ત્યાંથી પસાર થતા જહાજોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

'તેઓ મુશ્કેલીમાં છે (મરી રહ્યા છે)': ટ્રમ્પ "અને તેઓ હોર્મુઝની સામુદ્રધુની તાત્કાલિક ખોલવા માંગે છે. તમે જાણો છો શા માટે? કારણ કે તેઓ મુશ્કેલીમાં છે (આર્થિક રીતે મરી રહ્યા છે). તમે જાણો છો કે તેઓ શા માટે મુશ્કેલીમાં છે? કારણ કે તેમની પાસે આવક નથી આવી રહી, કારણ કે તેઓ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી જ નાણાં મેળવે છે. તેથી તેઓ પોતાની જ ચાલમાં ફસાઈ ગયા છે," એમ ટ્રમ્પે પત્રકારોને કહ્યું.

ટ્રમ્પે વધુમાં કહ્યું કે અમેરિકાએ 'લશ્કરી ઈતિહાસના સૌથી મોટા નાકાબંધી' (blockade) દ્વારા જવાબ આપ્યો છે, જ્યારે અન્ય દેશોને આ જળમાર્ગનો ઉપયોગ ચાલુ રાખવાની મંજૂરી આપી છે. "તેમણે કહ્યું, 'ચાલો તેને બંધ કરીએ અને વિશ્વ માટે સમસ્યા ઊભી કરીએ.' અને પછી હું આવ્યો, અને અમે લશ્કરી ઈતિહાસની સૌથી મોટી નાકાબંધી લાગુ કરી. તે સ્ટીલની દીવાલ જેવી છે, અને અમે તેને ઊભી કરી, અને જાણો છો શું થયું? હવે તેમની પાસે પૈસા નથી, કારણ કે તેઓ સામુદ્રધુની બંધ કરવા માંગતા હતા, અને મેં કહ્યું, 'ઠીક છે.

# માત્ર વાટાઘાટો દ્વારા જ હોર્મુઝ સહિતના મુદ્દાઓ પર ગતિરોધનો અંત લાવી શકાય : ઈરાન

## ટ્રમ્પ દ્વારા ૭-દિવસીય યુદ્ધવિરામની યોજના નકારયા બાદ ઈરાનનું મોટું નિવેદન

તેહરાન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે તેહરાનના સાત દિવસના યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી કાઢ્યા પછી, ઈરાને રવિવારે (૨૭ સપ્ટેમ્બર) પુનરોચ્ચાર કર્યો કે યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ સાથેના તેના સંઘર્ષને ઉકેલવા માટે રાજદ્વારી એકમાત્ર રસ્તો છે.

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે તેહરાને વ્યૂહાત્મક જળમાર્ગને ફરીથી ખોલવા અને યુદ્ધનો અંત લાવવાના હેતુથી તેના સાત દિવસના રોડમેપ પર ટ્રમ્પના પ્રતિભાવની નોંધ લીધી હતી, પરંતુ અલ જઝીરાના અહેવાલ મુજબ, મધ્યસ્થી દ્વારા હજુ સુધી સત્તાવાર પ્રતિભાવ મળ્યો નથી.

મીડિયા સૂત્રોએ અહેવાલ આપ્યો છે કે ટ્રમ્પે સાત દિવસના યુદ્ધવિરામ માટે ઈરાનના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે.

'માત્ર વાટાઘાટો દ્વારા ઉકેલ' જ મડાગાંઠનો અંત લાવી શકે છે: ઈરાન

અરઘચીએ કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટેની ઈરાનની શરતો યથાવત રહી છે અને જળમાર્ગને ફરીથી ખોલવા માટે કોઈપણ પગલું તે શરતો પૂર્ણ થાય છે તેના પર નિર્ભર રહેશે. તેમણે ઉમેર્યું હતું કે તેહરાન અંતિમ નિર્ણય લેતા પહેલા મધ્યસ્થી દ્વારા યુએસના ઔપચારિક વલણની રાહ જોઈ રહ્યું છે. "અમારી શરતો સ્પષ્ટ છે, અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા તરફનું કોઈપણ પગલું આ શરતો પૂર્ણ થાય છે તેના પર નિર્ભર છે," તેમણે કહ્યું હતું.

"માત્ર વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવાથી જ તેમને (યુએસ) આ મડાગાંઠમાંથી બહાર કાઢી શકાય છે; એ અમારું વલણ છે," તેમણે ઉમેર્યું. ટ્રમ્પે ઈરાનના પ્રસ્તાવને નકારી કાઢ્યો

યુએસ પ્રમુખ ટ્રમ્પે શનિવારે ઈરાનના યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો જે તેહરાને કહ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટને એક અઠવાડિયામાં શિપિંગ માટે ફરીથી ખોલી શકાય છે. "હું તેમના પ્રસ્તાવને નકારી કાઢું છું," ટ્રમ્પે વ્હાઈટ હાઉસની બહાર પત્રકારોને જણાવ્યું હતું કે સમાચાર એજન્સી છહ્લ દ્વારા અહેવાલ છે.

"તેઓએ એક પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ મેં તેને નકારી કાઢ્યો છે." "તેઓ એક સોદો કરવા માંગે છે જ્યાં તેઓ સ્ટ્રેટને તાત્કાલિક ખોલે કારણ કે તેઓ ખૂબ જ ખરાબ રીતે હારી રહ્યા છે.

# જાફરાબાદના કાગવદર ગામે પવનચક્કીની લાઈનમાં રાષ્ટ્રીય પક્ષી મોરનું મોત

## ૧૮ દિવસમાં ત્રીજા રાષ્ટ્રીય પક્ષી મોરના મોતથી પર્યાવરણ પ્રેમીઓમાં દુઃખ સાથે રોષ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

જાફરાબાદ તાલુકાના કાગવદર ગામમાં આવેલી વિંના એનર્જી કંપનીની પવનચક્કીની લાઈનમાં ફરી એક વખત રાષ્ટ્રીય પક્ષી મોર મોતનો ભોગ બન્યો હોવાની ઘટના સામે આવી છે. જેને લઈ આ વિસ્તારમાં ચકચાર મચી છે. પવનચક્કીની લાઈનના વિસ્તારમાં મોર આવી જતા કરંટ લાગવાથી તેનું મોત થયું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.



આ ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃત મોરને પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે લાવવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોરના મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. ખાસ કરીને માત્ર ૧૩ દિવસના ટૂંકા ગાળામાં આ જ વિસ્તારમાં બીજા મોરનું મોત થતાં બાદ ભટવદર ગામનાં બનાવ પછીની પાંચમા દિવસે કાગવદરમાં ત્રીજા રાષ્ટ્રીય પક્ષી મોર નુ મોત પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગામલોકોનો આક્ષેપ છે કે, જો આ પ્રકારની ઘટનાઓ વારંવાર બનતી રહેશે તો રાષ્ટ્રીય પક્ષી સહિત અન્ય પક્ષીઓના જીવ માટે પણ મોટું જોખમ ઊભું થઈ શકે છે. જેના કારણે જવાબદાર તંત્ર અને સંબંધિત કંપની દ્વારા તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવામાં આવે અને પક્ષીઓની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

કાગવદર ગામમાં ગામલોકો અને પર્યાવરણપ્રેમીઓએ સ્પષ્ટ માંગ કરી છે કે પવનચક્કીની વીજ લાઈનો અંગે તાત્કાલિક તપાસ કરવામાં આવે અને ભવિષ્યમાં રાષ્ટ્રીય પક્ષી કે અન્ય પક્ષીઓના મોત ન થાય તે માટે કાયમી વ્યવસ્થા કરવામાં આવે. રાષ્ટ્રીય પક્ષીના વારંવાર થતા મોતને લઈને તંત્ર હવે શું કાર્યવાહી કરે છે

# રાજુલામાં વનકર્મીઓ પર સિંહના હુમલાનો મામલો

## ૧૦ ટીમો, ડ્રોન અને સાસણની વિશેષ ટીમોની મદદથી મેગા સર્ચ, છતાં ૨૪ કલાકથી સિંહની કોઈ ભાળ નહીં

અમરેલી:અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામની સીમમાં વનકર્મચારીઓ પર સિંહે હુમલો કર્યાની ઘટના બાદ વનવિભાગ દ્વારા સિંહની શોધખોળ માટે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઘટના બાદ ૨૪ કલાકથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં હુમલો કરનાર સિંહની કોઈ ભાળ મળી નથી. જેને પગલે વનવિભાગ એલર્ટ મોડમાં આવી ગયું છે અને સિંહની શોધખોળ તેજ કરવામાં આવી છે.

સિંહની ભાળ મેળવવા માટે વનવિભાગ દ્વારા અલગ-અલગ ૧૦ ટીમો બનાવવામાં આવી છે. રાજુલા, જાફરાબાદ અને ખાંભા એમ ત્રણેય રેન્જના આરએફઓ અને વનકર્મચારીઓ દ્વારા સંભવિત અવરજવરવાળા વિસ્તારોનું સ્કેનિંગ કરવામાં આવી રહ્યું છે. સિંહના પગલાં અને અન્ય નિશાનીઓના આધારે તેની હાજરી



અંગે તપાસ હાથ ધરાઈ રહી છે.

સિંહની શોધખોળ માટે વનવિભાગ દ્વારા ડ્રોનની મદદ પણ લેવામાં આવી રહી છે. ટીમો દ્વારા જમીની સ્તરે સર્ચ કરવામાં આવી રહ્યું છે, જ્યારે ડ્રોનથી આસપાસના વિસ્તારો પર નજર રાખવામાં આવી રહી છે. સિંહની કોઈ હિલચાલ કે નિશાની મળી આવે તે માટે વનકર્મચારીઓ દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે.

ઓપરેશનને વધુ અસરકારક બનાવવા માટે સાસણથી વિશેષ ટીમોને પણ બોલાવવામાં આવી છે. ACF રાજન જાદવના નેતૃત્વ હેઠળ વનવિભાગની ટીમો સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. ત્રણેય રેન્જની ટીમો દ્વારા બોર્ડર વિસ્તાર સહિત સંભવિત સ્થળોને ખૂંદવામાં આવી રહ્યા છે.

ઘટનાને ૨૪ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં સિંહની ભાળ નહી મળતાં વનવિભાગ દ્વારા સર્ચ ઓપરેશન વધુ તેજ બનાવવામાં આવ્યું છે. સિંહની શોધ માટે ૧૦ ટીમો, ડ્રોન અને સાસણની વિશેષ ટીમની મદદ લેવામાં આવી રહી છે. હવે વનવિભાગની આ મેગા કામગીરીમાં સિંહની ભાળ ક્યારે મળે છે તેના પર સૌની નજર છે.

# સિંહના હુમલામાં ટ્રેકરની હાલત ગંભીર, ભાવનગર ખસેડાયા

## અમરેલીમાં ઝપાઝપીમાં ફોરેસ્ટરની કારતૂસ સાથે રિવોલ્વર ગુમ

અમરેલી:અમરેલીના રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામની સીમમાં રાત્રે ૯ વર્ષથી વધુ વયના એક બીમાર સિંહનું રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન સિંહે અચાનક બે વનકર્મી પર હુમલો કરી દીધો હતો. આ ઘટનામાં ફોરેસ્ટર એમ.જે.ખાવડીયાની કમરે અને ટ્રેકર ભરત જોગદીયાની છાતી પર ગંભીર ઈજા થઈ હતી.

બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક રાજુલાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાંથી ટ્રેકરની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર માટે ભાવનગર રીફર કરાયા છે. મધરાતે બનેલા આ બનાવની જાણ થતાં જ શેત્રુંજી ડિવિઝનના ઉચ્ચ અધિકારીઓએ સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી.

સિંહના હુમલા દરમિયાન અફરાતફરી વચ્ચે ફોરેસ્ટર ખાવડીયાની પ્રાઈવેટ




લાયસન્સવાળી રિવોલ્વર અને ૬ જીવતા કારતૂસ સ્થળ પર પડી જતાં ગુમ થઈ ગયા હતા, જેના કારણે વનવિભાગના કાફલામાં ભારે દોડધામ મચી ગઈ હતી. પ્રાથમિક તબક્કે વનકર્મીઓ દ્વારા હાથ ધરાયેલી શોધોખોળમાં સફળતા ન મળતાં આખરે રાજુલા પોલીસને જાણ કરવામાં આવી હતી, જેના પગલે હવે સીમ વિસ્તારમાં બીમાર સિંહનું લોકેશન ટ્રેસ કરવાની સાથે સાથે ગુમ થયેલી રિવોલ્વર અને કારતૂસ શોધવા માટે પણ પોલીસે વનવિભાગ સાથે મળીને સઘન કવાયત હાથ ધરી છે.

# વસ્તી ગણતરીની કામગીરી કરનારા કર્મચારીઓ ત્રણ મહિનાથી વેતનથી વંચિત

## વેકેશનમાં કામગીરી કરાવ્યા બાદ વળતર રજાની પણ સર્વિસબુકમાં એન્ટ્રી નહીં થતાં કર્મચારીઓમાં રોષ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લામાં ઉનાળાના વેકેશન દરમિયાન વસ્તી ગણતરીની કામગીરીમાં ફરજ બજાવનારા કર્મચારીઓને કામગીરી પૂર્ણ થયાના ત્રણ મહિના બાદ પણ વેતન કે વળતર મળ્યું નથી. એટલું જ નહીં, વેકેશનના સમયગાળામાં કામગીરી કરનારા કર્મચારીઓને મળવાપાત્ર વળતર રજા મંજૂર કરી તેની સર્વિસબુકમાં એન્ટ્રી પણ કરવામાં ન આવતા આ અંગે અમરેલી જિલ્લા વસ્તી ગણતરી અધિકારી અને નિવાસી અધિક કલેક્ટર અમરેલીએ એક પરિપત્ર પાઠવી જરૂરી કાર્યવાહી કરવા સુચના આપી છે. ત્યારે વહીવટી તંત્રની નબળી કામગીરી સામે ગંભીર સવાલો ઉઠ્યા છે.

અમરેલી જિલ્લામાં ઉનાળાના વેકેશન દરમિયાન વસ્તી ગણતરીની કામગીરી માટે શિક્ષકો સહિતના કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી હતી. કામગીરી દરમિયાન કર્મચારીઓ પાસેથી કાળઝાળ ગરમીમાં પણ ટાર્ગેટ મુજબ કામગીરી કરાવવામાં આવી હતી. અને કર્મચારીઓએ નિષ્ઠાપૂર્વક ફરજ પૂર્ણ પણ કરી હતી. પરંતુ કામગીરી પૂર્ણ થયાને ત્રણ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી કામગીરીનું વેતન ચૂકવવામાં આવ્યું ન હોવાની વ્યાપક ફરિયાદો સામે આવી છે.

માત્ર વેતનનો પ્રશ્ન જ નહીં, પરંતુ વેકેશનના સમય ગાળામાં સરકારી કામગીરી બજાવનારા કર્મચારીઓને મળવાપાત્ર વળતર રજા મંજૂર કરી તેની સર્વિસબુકમાં જરૂરી એન્ટ્રી કરવાની કામગીરી પણ કરવામાં આવી નથી. કર્મચારીઓ દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવતા આખરે આ અંગે અમરેલી જિલ્લા વસ્તી ગણતરી અધિકારી અને નિવાસી અધિક કલેક્ટર અમરેલીએ એક પરિપત્ર પાઠવી જરૂરી કાર્યવાહી કરવા સુચના આપી છે.

આ મુદ્દે અધિકારીઓ દ્વારા અત્યાર સુધી કેમ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી તેવો સવાલો પણ ઉઠી રહ્યો છે. અને વસ્તી ગણતરીની કામગીરી દરમિયાન કર્મચારીઓને ટાર્ગેટ આપનારા અધિકારીઓ કામગીરી પૂર્ણ થયા બાદ કર્મચારીઓના હક્કના વેતન અને વળતર રજાના મામલે મૌન કેમ ધારણ કરી બેઠા છે? તે અંગે પણ કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. કામગીરી કરાવતી વખતે તંત્રને કર્મચારીઓની જરૂરિયાત રહે છે, પરંતુ કામગીરી પૂર્ણ થયા બાદ તેમના હક્કના લાભો આપવામાં કેમ વિલંબ કરવામાં આવે છે? તેવો પ્રશ્ન હવે ચર્ચાનો વિષય બન્યો છે.

સરકાર વિવિધ યોજનાઓ, કાર્યક્રમો અને અન્ય ખર્ચાઓ પાછળ કરોડો રૂપિયા ખર્ચી શકે છે, પરંતુ સરકારી કામગીરીમાં વેકેશન દરમિયાન ફરજ બજાવનારા કર્મચારીઓને સમયસર વેતન ચૂકવવામાં વિલંબ કેમ થઈ રહ્યો છે? જો વેતન ચૂકવવામાં વહીવટી કે નાણાકીય કારણોસર વિલંબ હોય તો પણ વળતર રજાની મંજૂરી અને સર્વિસબુકમાં એન્ટ્રી જેવી વહીવટી કાર્યવાહી અટકાવવાનું કારણ શું? તેવો સવાલ કર્મચારીઓ દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે.

અન્ય જિલ્લાઓમાં આવી કામગીરી બાદ કર્મચારીઓને મળવાપાત્ર લાભો અંગેની કાર્યવાહી સુપેરે પૂર્ણ કરવામાં આવી હોવાના દાવા વચ્ચે અમરેલી જિલ્લામાં જ આવી સ્થિતિ કેમ સર્જાઈ છે તે અંગે પણ તપાસ જરૂરી બની છે. કર્મચારીઓના હક્કના વેતન અને રજાના લાભમાં વિલંબ માટે જવાબદાર અધિકારીઓ સામે વહીવટી સ્તરે તપાસ હાથ ધરવાની માંગ ઉઠી છે.

કામગીરી કરાવતી વખતે ટાર્ગેટ અને સમય મર્યાદાનો આગ્રહ રાખનાર તંત્ર કામગીરી પૂર્ણ થયા બાદ કર્મચારીના હક્કના વળતર માટે કેમ સમય મર્યાદા વહીવટીતંત્ર કેમ નક્કી કરતું નથી? નાના કર્મચારીઓ પાસેથી સમયસર કામગીરી કરાવ્યા બાદ તેમના હક્કના લાભો આપવામાં વિલંબ કરવો એ કર્મચારીઓ પ્રત્યે અન્યાય સમાન હોવાનું જણાવી કર્મચારીઓમાં રોષ ફેલાયો છે.

હવે વહીવટી તંત્ર દ્વારા સમગ્ર મામલે તાત્કાલિક તપાસ હાથ ધરી, વસ્તી ગણતરીની કામગીરી કરનારા તમામ કર્મચારીઓને મળવાપાત્ર વેતન ચૂકવવા સાથે વળતર રજા મંજૂર કરી તેની સર્વિસબુકમાં એન્ટ્રી કરવામાં આવે અને બેદરકારી દાખવનારા જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. કર્મચારીઓના હક્કના વળતરમાં વિલંબ કરનારા જવાબદારો સામે તંત્ર ક્યારે પગલાં ભરશે? તેવા સવાલો હવે ઉઠી રહ્યા છે.

# બાબરા નજીક અકસ્માત કરી નાસી જનાર આરોપીને વાહન સાથે ઝડપી પાડતી બાબરા પોલીસ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

વિભાગીય પોલીસ અધિકારી લાઠીના વિસ્મય માનસેતા બાબરા પોલીસ સ્ટેશનના BNS કલમ ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો અકસ્માતના ગુન્હાની વિગતોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી, આ ગુન્હાનાં આરોપીને શોધી કાઢવા બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. આર.આર.પરમાર તથા પોલીસ ટીમને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે બાબરા પોલીસની અલગ-અલગ ટીમો બનાવી આ ગુન્હાના આરોપીને શોધી કાઢવા સી.સી.ટી.વી. કેમેરાનો જીણવટ ભરી રીતે અને ગંભીરતાપૂર્વક અભ્યાસ કરી તથા હ્યુમન સોર્સની મદદથી આ ગુન્હાના બાબરા તાલુકાના કર્ણુકી ગામે રહેતા આરોપી હરેશભાઈ ખીમાભાઈ ઘુસડીયાને પકડી પાડી તેમના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.






આ બનાવની વિગત એવી છે કે, મધ્યપ્રદેશના વતની સીયાનીબેન ટીકારામ રાવતના પતિ મરણજનાર ટીકારામ ટનટીયા રાવત તથા દિકરો બીકા ટીકારામ રાવત તથા હીરા ટીકારામ રાવત ગત તા.૨૩ ના કલાક સવારે ૭ વાગ્યાના અરસામાં રાજકોટ-ભાવનગર હાઈવે રોડ ઉપર ચરખા ગામ નજીક મુરલીધર હોટલ પાસે, નાયરા પેટ્રોલ પંપ સામે હાઈવે રોડ ઉપર પહોચતા પોતાના હવાલા વાળુ મોટર સાઈકલ નંબર MP-46-ZF-1513 વાળુ લઈને લુણકી ગામથી કોટડાપીઠા ગામે જતા હતા અને મોટર સાઈકલ મરણજનાર ટીકારામ ચલાવતા હોય તે વખતે એક સફેદ કલરની અજાણ્યા ફોરવ્હીલના ચાલકે તેમની ગાડી પુરઝડપે ચલાવી મરણજનારના મોટર સાઈકલની પાછળથી ભટકાવી દેતા મોટર સાયકલ પરનો કાબુ ગુમાવતા રોડ ઉપર પડી જતા મરણજનાર ટીકારામને શરીરે ગંભીર ઈજાઓ થતા અકસ્માતમાં તેમનું મોત નીપજેલ તથા તેમના બને પુત્રોને શરીરે નાની મોટી ઈજા કરી આ અજાણ્યો ફોરવહીલ ચાલક નાશી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય હતી.

આ ગુન્હામાં બાબરા તાલુકાના કર્ણુકી ગામે રહેતા આરોપી હરેશભાઈ ખીમાભાઈ ઘુસડીયાને પકડી પાડી તેમના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# રાજુલામાં બેફામ ઈનોવા કારે બાઈક અને બસને ટક્કર મારી

## પોલીસના ૪ વાહનોએ ૪૦ કિમી સુધી પીછો કરી કાગવદર નજીકથી કાર ચાલકને ઝડપી પાડ્યો

અમરેલી:અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં મોડી રાત્રે પુરપાટ ઝડપે દોડતી ઈનોવા કારના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી બાઈક અને ટ્રાવેલ્સ બસને ટક્કર મારી હતી. ઈનોવા કાર નંબર GJ-14-AT-0252 ના ચાલક પ્રદીપ મંગળુભાઈ ધાખડાએ બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી ઓવર સ્પીડમાં કાર હંકારી હતી. દરમિયાન બાઈક સવાર બે યુવાનોને અડફેટે લેતાં તેમને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ ટ્રાવેલ્સ બસને પણ સાઈડના ભાગે ટક્કર મારવામાં આવી હતી.

બસ સ્ટેન્ડ વિસ્તારમાં અકસ્માત સર્જ્યા બાદ ઈનોવા કાર ચાલક હિંડોરણા રોડ તરફ પુરપાટ ઝડપે નીકળી ગયો હતો. રાજુલા પોલીસની ૧૧૨ની ટીમે કારનો પીછો શરૂ કર્યો હતો. કાર ચાલક રાજુલાથી હિંડોરણા, ભેરાઈ, ભચાદર, વડ અને છતડીયા



તરફથી ફરી હિંડોરણા થઈ નેશનલ હાઈવે પર ચારનાળા-ઉના રોડ તરફ ગયો હતો. આ દરમિયાન પોલીસની ત્રણ ગાડીઓએ આશરે ૪૦ કિલોમીટર સુધી પીછો કર્યો હતો. સ્થાનિક લોકો પણ પોલીસની મદદ માટે જોડાયા હતા અને અંતે કાગવદર ગામ નજીકથી ઈનોવા કારને અટકાવી ચાલકને ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસે ઈનોવા કાર ચાલક પ્રદીપ મંગળુભાઈ ધાખડાની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે. ચાલક ક્યાંથી ક્યાં જઈ રહ્યો હતો અને તેણે કયા સંજોગોમાં આ રીતે પુરપાટ ઝડપે કાર હંકારી હતી તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માત બાદ ઈનોવા કારને ચારે તરફથી મોટા પ્રમાણમાં નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. ચાલકને સમયસર ઝડપી લેવાતા વધુ મોટી દુર્ઘટના ટળી હોવાનું પોલીસનું માનવું છે.

રાજુલા બસ સ્ટેન્ડથી હિંડોરણા સુધીના વિવિધ સ્થળોના CCTV કેમેરામાં ઈનોવા કારની ગતિવિધિઓ કેદ થઈ હોવાનું સામે આવ્યું છે. દુકાનો, હોટલ, પેટ્રોલ પંપ તેમજ પોલીસ અને સરકારી કેમેરાના ફૂટેજના આધારે રાજુલા પોલીસની ટીમે કારનો પીછો કર્યો હતો. પી.આઈ. વિજય કોલાદ્રાની ટીમે કાર્યવાહી હાથ ધરી કાર ચાલકને ઝડપી વધુ તપાસ શરૂ કરી છે.

# આખલો રેન્જરોવર સાથે અથડાતા ૨ યુવકના મોત, ૧ ગંભીર

## થરાદ પાસેની ઘટનામાં અમરેલી-રાજકોટના યુવાનો કાળનો કોળિયો,રસ્તા પર કારના ટુકડા-માંસના લોચા




અમરેલી: વહેલી સવારે રાજકોટથી રાજસ્થાન તરફ જઈ રહેલી રેન્જરોવર કાર (GJ03DD0788)નો થરાદ નજીકના ભારતમાલા હાઈવે પર ભયાનક અકસ્માત થયો છે. આ ગંભીર ઘટનામાં કારમાં સવાર ત્રણ યુવકમાંથી બેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એકને ગંભીર હાલતમાં સારવાર માટે અમદાવાદ ખસેડાયો છે.

થરાદ-ડીસા હાઈવેના માલપુર પાસે અચાનક આખલો આડે આવતા રેન્જરોવર કાર તેની સાથે અથડાઈને સીધી ડિવાઈડર સાથે ટકરાતા કારના નાના ટુકડા સાથે માંસના લોચા પણ રોડ પર વિખેરાયા હતાં. આસપાસથી દોડી આવેલા લોકોએ તાત્કાલિક ૧૦૮ને જાણ કરી હતી. મૃતક યુવકોમાં એક અમરેલીનો અને બીજો રાજકોટનો હોવાનું સામે આવ્યું છે. તેમના મૃતદેહનો પોસ્ટમોર્ટમ અર્થે થરાડની સિવિલમાં ખસેડાયા હતાં.

થરાદ સરકારી હોસ્પિટલના ડૉ. કૃણાલ માલોસણીયાએ માહિતી આપતાં કહ્યું કે, સવારે ૪:૦૦થી ૪:૧૫ વાગ્યાની વચ્ચે ભારતમાલા રોડ પર સર્જાયેલા અકસ્માત બાદ ૧૦૮ની ટીમ દ્વારા ત્રણ લોકોને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. તબીબી તપાસ દરમિયાન અમરેલીના દિવયજીત અને રાજકોટના યુવરાજસિંહને મૃત જાહેર કરાયા હતા, જ્યારે રાજકોટના હરદીપસિંહ નામના એક યુવક જીવિત મળી આવતાં તેમની તાત્કાલિક સારવાર શરૂ કરાઈ હતી. બાદમાં વધુ સારવાર માટે અમદાવાદ રિફર કરાવામાં આવ્યો હતો.

# સાયબર છેતરપિંડીનો ભોગ બનેલાને જાફરાબાદ પોલીસે પૈસા પરત અપાવ્યા




અમરેલી:

જાફરાબાદ પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા એક અરજદારને ગુમાવેલા ૬,૫૦૦ પરત અપાવ્યા છે. આ કામગીરી ભાવનગર રેન્જના ૈર આર.વી. અસારી અને અમરેલીના SP સંજય ખરાતની સૂચનાથી થઈ હતી.

રાજુલા વિભાગના ડીવાયએસપી નયનાબેન ગોરડિયાના માર્ગદર્શન હેઠળ, અરજદારે સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. જાફરાબાદ પોલીસને ફરિયાદ મળતા તરત તપાસ શરૂ કરાઈ અને છેતરપિંડીમાં ગયેલા ૬,૫૦૦ રોકવામાં આવ્યા.

કોર્ટમાં કાયદાકીય કાર્યવાહી બાદ, તેના આદેશથી અરજદારને રકમ પાછી મળી. આ કામગીરી I/C PI આર.જી. ચૌહાણ, HC રવિરાજ મોટસિયા અન IT એક્સપર્ટ ધીરુભાઈ ચૌહાણે કરી હતી. પૈસા મળતા અરજદારે પોલીસનો આભાર માન્યો.

જાફરાબાદ પોલીસે લોકોને અપીલ કરી છે કે સાયબર છેતરપિંડીનો ભોગ બનતા જ ૧૯૩૦ હેલ્પલાઈન પર કોલ કરો કે cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવો. સમયસર ફરિયાદ કરવાથી ગુમાવેલી રકમ પાછી મળવાની શક્યતા વધે છે.

# ધારી-અમરેલી રોડ પર ઈકો અને સ્વિફ્ટ કાર વચ્ચે ટક્કર

## પરબડી ગામ પાસે અકસ્માત, ઈકો કાર ખેતરમાં ખાબકી; ચાલકો સહિત બાળકને ઈજા



અમરેલી:ધારી-અમરેલી રોડ પર પરબડી ગામના પાટીયા પાસે ઈકો કાર અને સ્વિફ્ટ કાર વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ઈકો કાર રોડ પરથી દૂર ખેતરમાં જઈ પડી હતી.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો તરત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જવાની વ્યવસ્થા કરી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, ઈકો કારના ચાલક અને સ્વિફ્ટ કારના ચાલકને ઈજા થઈ છે. આ ઉપરાંત એક બાળક સહિત અન્ય કેટલાક લોકોને પણ ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતને કારણે ધારી-અમરેલી રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

# ધારીના પશુ દવાખાના પાસે દીપડાની અવરજવર, ઝાડીઓ સાફ કરાઈ

## ચાર દિવસથી દીપડો ઝાડીઓમાં છુપાઈને બેસતો હોવાની દહેશત હતી

અમરેલી:ધારીના પશુ દવાખાના વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી દીપડાની અવરજવર જોવા મળી રહી હતી. આ વિસ્તારમાં ખૂબ જ ગીચ ઝાડીઓ હોવાથી દીપડો તેમાં છુપાઈને બેસતો હોવાની દહેશત હતી.સ્થાનિક લોકોએ આ અંગે નગરપાલિકાના ઉપપ્રમુખ પરેશભાઈ પટણીને જાણ કરી હતી. પરેશભાઈ તાત્કાલિક જેસીબી મશીન સાથે પશુ દવાખાના વિસ્તારમાં પહોંચી ગયા હતા.જેસીબીની મદદથી વિસ્તારની તમામ ગીચ ઝાડીઓ દૂર કરવામાં આવી હતી. ઝાડીઓ સાફ થતાં સ્થાનિકોએ પરેશભાઈ પટણીનો આભાર માન્યો હતો.

